

મણિપુરમાં ફરી એકવાર કર્ફ્યૂ લદાયું, સ્કૂલ-બજાર-દુકાનો બંધ

PAGE NO. 15

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



ડોમિનિકન રિપબ્લિકમાં નાઈટ ક્લબની છત તૂટતાં 184ના મોત

PAGE NO. 19

FRIDAY, 11 APRIL, 2025 Vol. 23, No. 15 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### આતંકી હુમલામાં ભજવેલી ભૂમિકા બદલ રાણા સામે ખટલો ચલાવાશે

# મુંબઈ હુમલાનો આતંકી તહવ્વુર રાણાને ભારત લવાયો

**નવી દિલ્હી**

2008ના મુંબઈ આતંકવાદી હુમલાના દોષી તહવ્વુર રાણાને ગુરુવારે અમેરિકાથી ભારત લાવવામાં આવ્યો હતો. તેને લઈને આવેલું વિશેષ વિમાન ગુરુવારે સાંજે દિલ્હીના પાલમ એરપોર્ટ પર પહોંચ્યું હતું.

NIA ટીમ રાણાને દિલ્હી એરપોર્ટ પર લાવી આ પછી તરત જ તેને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. દિલ્હી લાવ્યા પછી રાણાને તિહાર જેલના ઉચ્ચ સુરક્ષા વોર્ડમાં રાખવામાં આવી શકે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે 64 વર્ષીય રાણાને જેલમાં રાખવા માટે જરૂરી તૈયારીઓ કરવામાં આવી છે અને જેલ સત્તાવાળાઓ કોર્ટના આદેશની રાહ જોશે. રાણા પાકિસ્તાની મૂળનો કેનેડિયન નાગરિક છે અને 2008ના મુંબઈ આતંકવાદી હુમલાના મુખ્ય કાવતરાખોરોમાંના એક અમેરિકન નાગરિક ડેવિડ કોલમેન હેડલીનો નજીકનો વ્યક્તિ છે.

તહવ્વુરે ભારત આવવાનું ટાળવા માટે યુએસ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી, જેને ફગાવી દેવામાં આવી હતી. પોતાની અરજીમાં તેણે પોતાને પાર્કિન્સન રોગથી પીડિત ગણાવ્યો હતો અને કહ્યું હતું કે જો તેને ભારત દેશનિકાલ કરવામાં આવે તો તેના પર ત્રાસ ગુજારવામાં આવી શકે છે. તહવ્વુર રાણાની 2009 માં FBI દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. રાણાને યુએસમાં લશ્કર-એ-તૈયબાને ટેકો આપવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યો હતો. 26 નવેમ્બર 2008ના રોજ આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાના 10 આતંકવાદીઓએ મુંબઈ પર હુમલો કર્યો હતો. જેમાં 175 લોકો માર્યા ગયા હતા, રાણાને ભારત લાવવા માટે ગૃહમંત્રી અમિત શાહ, વિદેશમંત્રી એસ જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલે બુધવારે ગૃહ મંત્રાલયમાં એક બેઠક યોજી હતી. મુંબઈ હુમલાના 405 પાનાની ચાર્જશીટમાં રાણાનું નામ આરોપી તરીકે નોંધાયેલું છે. હવે તેની સામે ખટલો ચલાવાશે.




# USની દાદાગીરીને વશ નહીં થઈએ અમે છેક સુધી લડી લઈશું : ચીન

### ચીને સાત દુર્લભ ધાતુઓની નિકાસ પર પણ પ્રતિબંધ મૂક્યો, અમેરિકા સહિત પણ દેશમાં નિકાસ નહીં થાય

**બૈજિંગ**

ટ્રમ્પની ૧૦૪ ટકાની ટેરિફની દાદાગીરી સામે ચીને આ જ ઝુકેગા નહીં સાલા અભિગમ અપનાવતા અમેરિકન પ્રોડક્ટ્સ પર ૮૪ ટકા ટેરિફ ઝીંકી દીધો છે. એટલેથી પણ ન અટકતા ચીને અમેરિકાની ૧૮ કંપનીઓ સામે આકરી કાર્યવાહી કરતાં તેને એક્સપોર્ટ કંટ્રોલ લિસ્ટમાં નાખી છે અને તેમાની છ કંપનીઓને અવિશ્વસનીય સંસ્થાઓની યાદીમાં સામેલ કરવાની જાહેરાત કરી હતી.

ગ્લોબલ ટાઈમ્સના જણાવ્યા મુજબ આ કંપનીઓ પર તાઈવાનને શસ્ત્રો વેચવાનો અને તેની સાથે ટેકનિકલ સહયોગ કરવાનો આરોપ છે. ચીનના વાણિજ્ય મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ચીનના વિરોધ છતાં આ કંપનીઓ તાઈવાનને શસ્ત્ર વેચી રહી છે, જેથી ચીનના સાર્વભૌમત્વને ખતરો પહોંચી રહ્યો છે. ચીન આ કંપનીઓ સામે કાયદાકીય કાર્યવાહી કરશે. ચીને ઉમેર્યુ હતું કે જે વિદેશી કંપનીઓ કાયદાનું પાલન કરે છે તેમને ચિંતા કરવાની કોઈ જરૂર નથી.

આ છ કંપનીઓ શીલ્ડ એઆઈ, સિયેરા નેવાડા કોર્પોરેશન, સાઈબરલક્સ કોર્પોરેશન, એજ ઓટોનોમી ઓપરેશન્સ, ગ્રુપ ડબલ્યું, હડસન ટેકનોલોજીસ છે. તેની સાથે ચીને ડંકાની ચોટ પર એલાન કરી દીધું છે કે અમેરિકાની દાદાગીરીને અને તેની સંરક્ષણવાદની નીતિને તે વશ નહીં થાય. તેની આર્થિક દાદાગીરીને અમે પહોંચી વળવા તૈયાર છીએ. પાછું ચીનના આ વલણને યુરોપીયન યુનિયનનું મૂક સમર્થન પણ મળ્યું છે, જેના પર ટ્રમ્પે ૨૦ ટકા ટેરિફ નાખ્યો છે.

# ભારતના અનેક રાજ્યોમાં ભરઉનાળે વરસાદ 31ના મોત, ગુજરાતમાં હિટવેવની આગાહી

### વીજળી પડવાના કારણે ઉત્તર પ્રદેશમાં કુલ 6 લોકોના મોત, બિહારમાં યલો એલર્ટ

**નવી દિલ્હી**

ગુજરાતના અનેક જિલ્લામાં અગનઝરતી ગરમીના કારણે એપ્રિલ મહિનામાં જ લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. ત્યાં ભારતના અનેક રાજ્યોમાં વરસાદ પડી રહ્યો છે. ગુરુવારે સાંજે અચાનક જ દિલ્હી તથા આસપાસના જિલ્લામાં ધૂળની ડમરીઓ ઊડી અને ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો.

વરસાદના કારણે લોકોને ગરમીમાંથી રાહત મળી છે. હવામાન વિભાગે દિલ્હીમાં 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવવાની આગાહી વ્યક્ત કરી છે. દિલ્હીની સાથે સાથે ગાઝિયાબાદ, હાપુડમાં વરસાદ ત્રાટક્યો હતો. દિલ્હીમાં ભારે પવન અને વરસાદમાં વીજળી પડવાની સંભાવનાના કારણે તંત્રએ લોકોએ વૃક્ષ તથા વીજળીના થાંભલાથી દૂર રહેવાની ચેતવણી આપી છે.

IMDએ ભારતના 20 રાજ્યોમાં ભારે પવન સાથે વરસાદની આગાહી વ્યક્ત કરી હતી. ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, હરિયાણા, પંજાબ અને હિમાચલ પ્રદેશમાં પણ વરસાદ પડ્યો હતો. ઉત્તર પ્રદેશના 25 જેટલા જિલ્લામાં વરસાદ ત્રાટક્યો, જોકે ઉનાળામાં મેઘ સવારી લોકો માટે કાળ બનીને આવી હતી. વીજળી પડવાના કારણે ઉત્તર પ્રદેશમાં કુલ 6 લોકોના મોત થયા છે. બીજી તરફ બિહારમાં છેલ્લા 24 કલાકમાં




વીજળી પડવાના કારણે 25 લોકોએ જીવ ગુમાવ્યા છે. બીજી તરફ બિહારના 32 જિલ્લામાં શુક્રવારે યલો એલર્ટ આપવામાં આવ્યું હતું. એક તરફ જ્યાં અનેક રાજ્યોમાં વરસાદ પડી રહ્યો છે ત્યાં ગુજરાત, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં હિટવેવની આગાહી કરવામાં આવી છે. મધ્ય પ્રદેશમાં લૂની સાથે સાથે અમુક જિલ્લામાં વરસાદ પણ પડ્યો હતો. આગામી બે દિવસમાં ઉત્તરાખંડ, બિહાર, ઝારખંડ, બંગાળ, આસામ, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડમાં પણ વરસાદ તથા કરા પડવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે.









# કેનેડામાં વર્ચસ્વ વધારવા 4 ગુજરાતી નેતા મેદાનમાં

## કેનેડામાં સ્થાયી થયેલી ભારતીય પ્રજામાં પંજાબીઓ અને હિન્દીભાષીઓ પછી ગુજરાતી ત્રીજો સૌથી મોટો સમુદાય છે

**ઓન્ટેરિયો**

કેનેડાના રાજકારણમાં પણ હવે ગુજરાતીઓનો રસ વધ્યો હોય તેમ જણાય છે. અત્યારસુધી પંજાબીઓ કેનેડાના દરેક ક્ષેત્રે અગ્રેસર છે, જેમાં રાજકારણનો પણ સમાવેશ થાય છે. પરંતુ કેટલાક મુદ્દે મતભેદો વધ્યા બાદ હવે ગુજરાતીઓ કેનેડાના સક્રિય રાજકારણમાં ઝંપલાવવા આગળ વધ્યા છે. હાલ 4 જેટલા ઉમેદવારો ચૂંટણીના મેદાનમાં હોવાનું જાણવા મળ્યું છે.

કેનેડામાં એક લાખથી વધુ ગુજરાતીઓ વસે છે. મોટાભાગના ટોરોન્ટો, ઓટાવા, વાનકુવર અને કેલગરી જેવા મોટા શહેરોમાં રહે છે. ગુજરાતી મૂળના લોકો ફાર્મા, હોસ્પિટાલિટી, રિટેલ, આઈટી અને ફાઈનાન્સ જેવા ક્ષેત્રોમાં સંકળાયેલા છે. કેનેડામાં ગુજરાતી વિદ્યાર્થીઓની સંખ્યા પણ મોટી છે. ત્યાં સ્થાયી થયેલી ભારતીય પ્રજાની વાત કરીએ તો વસ્તીની દૃષ્ટિએ પંજાબીઓ અને હિન્દીભાષીઓ પછી ગુજરાતી ત્રીજો સૌથી મોટો સમુદાય છે. ગુજરાતીઓ કેનેડાની આગામી ચૂંટણીમાં ઝંપલાવી રહ્યા છે

એપ્રિલ મહિનાના અંતમાં કેનેડામાં સામાન્ય ચૂંટણી યોજાવા જઈ રહી છે. આ ચૂંટણી અગાઉ ઓક્ટોબરમાં યોજાનાર હતી, પણ ડોનાલ્ડ ટ્રમ્પની વિદેશ નીતિઓને કારણે ખોરવાઈ રહેલી અર્થ-વ્યવસ્થાને સંભાળવા માટે કેનેડાએ વહેલી ચૂંટણીઓ યોજાનાર છે. ચાર ગુજરાતીઓ આ ચૂંટણીમાં ભાગ લેવા જઈ રહ્યા છે, જેમાં બે કેનેડાના ટોચના રાજકીય પક્ષના ઉમેદવાર છે જ્યારે કે બે અપક્ષ છે.

(1) સંજીવ રાવલ - તાંઝાનિયામાં જન્મેલા સંજીવ રાવલ 20 વર્ષથી વધુ સમયથી કેનેડામાં સ્થાયી છે. તેમની માલિકીના અનેક સ્ટોર્સ છે. તેઓ લિબરલ પાર્ટી વતી ચૂંટણી લડશે.

(2) જયેશ બ્રહ્મભટ્ટ - વ્યવસાયે સિવિલ એન્જિનિયર એવા જયેશ બ્રહ્મભટ્ટ કેનેડાના રિયલ એસ્ટેટ ક્ષેત્રનું મોટું માથું ગણાય છે. તેઓ વર્ષ 2001 માં ભારતથી કેનેડા ગયા હતા. તેઓ પીપલ્સ પાર્ટીના ઉમેદવાર છે.

બાકીના બે ઉમેદવાર - અશોક પટેલ અને મિનેશ પટેલ - બંને ઉદ્યોગપતિ છે. તેઓ સ્વતંત્ર રીતે ચૂંટણી લડશે.

## ગુજરાતીઓના પ્રતિનિધિત્વની આવશ્યકતા વધી



પંજાબીઓ સાથે વધતા જતા મતભેદ અને ગુજરાતીઓ માટે પ્રતિનિધિત્વની જરૂરીયાતને ધ્યાને લઈ ગુજરાતી નેતાઓ ચૂંટણી લડવા ઉત્સુક બન્યા છે.

1) **અમેરિકાના રાજકારણથી પ્રેરિત થયા :** છેલ્લા થોડા વર્ષોથી અમેરિકામાં ઘણાબધા ગુજરાતીઓ રાજકારણમાં સક્રીય થયા છે અને એમને સફળતા પણ મળી છે. કમલા હેરિસ, કાશ પટેલ, સમીપ જોશી, કલ્પેન મોદી જેવા ઘણા ગુજરાતીઓ અમેરિકન રાજકારણમાં ટોચના હોદ્દા સુધી પહોંચ્યા છે. એમની સફળતા જોઈને કેનેડામાં દાયકાઓથી વસતા ગુજરાતીઓને પણ કેનેડાના રાજકારણમાં ઝુકાવવાની પ્રેરણા મળી હોય એવું બની શકે.

2) **પંજાબીઓ સાથેનો અણબનાવ :** કેનેડામાં પંજાબીઓનું પ્રભુત્વ છે. કેનેડાની કુલ વસ્તીના ફક્ત 1.9 % વસ્તી પંજાબીઓની હોવા છતાં ત્યાં 16 શીખ સાંસદો છે. શીખ સમુદાયે સિત્તેરના દાયકામાં ત્યાંના રાજકારણમાં પગરણ માંડી દીધા હતા. શીખ ઉમેદવારો પાસે એક મજબૂત વોટબેંક છે. બ્રિટિશ કોલંબિયા અને ઓન્ટેરિયો જેવા કેનેડાના કેટલાક વિસ્તારોમાં તો પંજાબી મતદારો રાજકીય રીતે નિર્ણાયક સાબિત થાય છે. પંજાબીઓ નારાજ ન થઈ જાય એ માટે જ કેનેડાની સત્તાધારી પાર્ટી ખાલિસ્તાનીઓને ટેકો આપે છે. ગુજરાતી સમુદાય સ્પષ્ટપણે ખાલિસ્તાન સમર્થકોનો વિરોધ કરે છે, જેને લીધે ત્યાં ગુજરાતીઓ અને પંજાબીઓ વચ્ચે થોડી ખટાશ આવી ગઈ છે. તેથી ભવિષ્યમાં ગુજરાતી સમુદાયના પ્રશ્નોને વાચા આપવા માટે કેનેડાના રાજકારણમાં ગુજરાતીઓનું પ્રતિનિધિત્વ હોવું જોઈએ તેમ માનીને ગુજરાતીઓ આ ચૂંટણીના મેદાને ઉતર્યા હોવાનું મનાય રહ્યું છે. હાલમાં બંને સમુદાય વચ્ચે કોઈ તીવ્ર તણાવ નથી. કેનેડાના રાજકારણમાં પંજાબીઓ સફળ થઈ ચૂક્યા છે. તેઓ ગુજરાતી ઉમેદવારો સાથે મૈત્રી કેળવીને કામ કરે તો ત્યાં ભારતનું પ્રતિનિધિત્વ વધે. એમ થાય તો ભવિષ્યમાં કેનેડા-ભારતના સંબંધોમાં સુધારો થાય અને ભારતને એના ઘણા ફાયદા થઈ શકે એમ છે

## ખાલિસ્તાન મુદ્દે પંજાબીઓ સાથે ગુજરાતીઓને મતભેદ

ખાલિસ્તાન ચળવળને લઈને કેનેડામાં કેટલાક શીખ સંગઠનો સક્રિય રહ્યા છે, જ્યારે ગુજરાતીઓ તેનો વિરોધ કરતા આવ્યા છે. તેથી બંને સમુદાય વચ્ચે મતભેદો વધી રહ્યા છે. 2023માં જ્યારે તત્કાલીન વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ ખાલિસ્તાની નેતા હરદીપ સિંહ નિજ્જરની હત્યા અંગે ભારત પર શંકા વ્યક્ત કરી હતી ત્યારે ભારત અને કેનેડા વચ્ચે તણાવ વધી ગયો હતો. એ પછી, પંજાબીઓ અને ગુજરાતીઓ વચ્ચેના મતભેદો ઉભરી આવ્યા હતા. કેટલાક શીખોએ હિન્દુ મંદિરો બહાર સૂત્રોચ્ચાર પણ કર્યા હતા. અલબત્ત, કોઈ હિંસક બનાવ નહોતા બન્યા.














# તણાવ છતાં કેનેડા આવતા યુએસના પ્રવાસીઓની સંખ્યામાં ઝાઝો ફેર નહીં

## તમામ પ્રકારના મુસાફરોને આકર્ષવા ઓન્ટેરિયોમાં ક્ષમતા હોવાનું તારણ




ટોરોન્ટો : યુએસ ટેરિફને પગલે કેનેડિયનો સરહદ પારની તેમની યાત્રાઓ પર પુનર્વિચાર કરી રહ્યા હશે, પરંતુ કેનેડિયન સરહદ ડેટા દર્શાવે છે કે ઉત્તર તરફ ઉડાન ભરવાની વાત આવે ત્યારે તણાવ અમેરિકનોને અટકાવી રહ્યો નથી.

જો કે, નિષ્ણાતો કહે છે કે કેટલાક અમેરિકનો ચિંતિત છે કે, તેમનું અહીં સ્વાગત કરવામાં ન આવે. કારણ કે, ઘણી રમતગમત રમતોમાં યુ.એસ. રાષ્ટ્રગીતનો વિરોધ કરવામાં આવ્યો હતો અને કેટલીક ઓન્ટેરિયો મ્યુનિસિપાલિટીઝ દ્વારા તેમની ઈમારતોમાંથી અમેરિકન ધ્વજ હટાવવામાં આવ્યા હતા. બીજી તરફ ઓન્ટેરિયો ટુરિઝમ ઈન્ડસ્ટ્રી એસોસિએશનના પ્રમુખ અને સીઈઓ એન્ડ્રુઝ સીગવાર્ટે જણાવ્યું હતું કે, પ્રવાસીઓએ ગયા વર્ષે ઓન્ટેરિયોમાં ઈ ૩૦ બિલિયનથી વધુ ખર્ચ કર્યા હતા અને અમેરિકનો તે કુલના લગભગ ૨૦ ટકા છે. પરંતુ એવા સંકેતો છે જે બદલાઈ શકે છે. અમને હાલમાં અમેરિકન બજાર વિશે કેટલીક ચિંતાઓ છે, સંભવિત નરમાઈની થોડી શક્યતા છે. સીગવાર્ટે જણાવ્યું હતું કે એસોસિએશન ઈચ્છે છે કે, ડગ ફેર્ડ સરકાર ઓન્ટેરિયોના માર્કેટિંગ પર યુ.એસ.માં ખર્ચમાં વધારો કરે, જેથી પ્રવાસીઓના ડોલરનો બગાડ ન થાય.

ઓન્ટેરિયોને સલામત માનવામાં આવે છે, અહીં મુસાફરીનું આયોજન કરવું સરળ છે અને વિનિમય દર અનુકૂળ છે. ઓન્ટેરિયોની સુંદરતા એ છે કે, અમારી પાસે દરેક માટે કંઈક ને કંઈક છે. અમે એક જ વાર ખાવાના શોખીન નથી. હાલ માટે જોકે, અમેરિકન મુલાકાતીઓની સંખ્યામાં ઘટાડો થતો નથી. કેનેડા બોર્ડર સર્વિસીસ એજન્સીના ડેટા દર્શાવે છે કે ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે માર્ચમાં હવાઈ માર્ગે સરહદ પાર કરનારા અમેરિકનોની સંખ્યામાં બહુ ઓછો ફેરફાર થયો છે.

# સરહદે યુએસ પ્રવેશ નકારવામાં આવે તો કેનેડિયની અટક થવાની સંભાવના

ઓટ્ટાવા : યુએસ સરહદ પાર કરીને મુસાફરી કરી રહેલા કેનેડિયનોને ક્રોસિંગ ઉપર અધિકારીઓ સાથે વાત કરતી વખતે સહકાર આપવાની અને આગળ રહેવાની સલાહ આપવામાં આવી રહી છે. આ સાથે જ જો પ્રવેશ નકારવામાં આવે તો તેમને અટકાયતનો સામનો કરવો પડી શકે છે.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડા પર વિવિધ ટેરિફ લાદ્યા હોવાથી, બંને દેશો વચ્ચે વધતા તણાવ વચ્ચે આ અપડેટ આવ્યું છે. ટેરિફ ધમકીઓ શરૂ થયાના મહિનાઓમાં, સરહદની દક્ષિણમાં કેનેડિયન મુસાફરોમાં ઘટાડો થયો છે.

બી.સી.માં, ૧૭ માર્ચ અને ૨૪ માર્ચ એમ બંને દિવસે પીસ આર્ચ પર ૩,૩૦૦થી થોડા વધુ વાહનો પસાર થયા હતા, જે ૨૦૨૪માં સમાન દિવસોમાં ૧૦,૧૦૦થી વધુ હતા. ફેરફારોને પગલે ધાર્મિક અને શાળા જૂથો દ્વારા કરવામાં આવતી યાત્રાઓ પણ રદ કરવામાં આવી છે. નોવા સ્કોસિયામાં યોજાનારી નોર્થ અમેરિકન ઈન્ટરફેથ નેટવર્કની એક બેઠક સરહદની ચિંતાઓને કારણે અનિશ્ચિત સમય માટે મુલતવી રાખવામાં આવી છે, જ્યારે મોન્કટન હાઈ સ્કૂલ બેન્ડ ટ્રીપ પણ રદ કરવામાં આવી છે. જેમાં સ્કૂલ ડિસ્ટ્રિક્ટે જણાવ્યું હતું કે રાજકીય વાતાવરણ ચિંતા ઉભી કરે છે. ઓટ્ટાવા કહે છે કે લોકોએ ખાતરી કરવી જોઈએ કે જો સરહદની દક્ષિણમાં કોઈપણ સમયે વિનંતી કરવામાં આવે તો તેઓ યોગ્ય રીતે કાનૂની સ્થિતિ દર્શાવે છે.









તંત્રી સ્થાનેથી

# અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ વૉર વકરે તો આખી દુનિયાને દઝાડશે



તંત્રી - સ્વદેશ

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળ્યા બાદ તેણે લીધેલા અનેક નિર્ણયોથી વિવાદ અને વિરોધ વંટોળ ઉભા થયા છે. મંગળવારે ટ્રમ્પે ચીન પર 104% ટેરિફ લાદવાની જાહેરાત કર્યા બાદ જવાબમાં ચીને બીજા જ દિવસે યુએસ માલ ઉપર 84 ટકા સુધીનો ટેરિફ લાદી તેનો અમલ પણ ચાલુ કરી દીધો. ચીનમાં યુએસ માલ ઉપર લદાયેલો ટેરિફ અગાઉ જાહેર કરાયેલા 34 ટકા કરતા ઘણો વધારે છે.

હકીકતમાં અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ વૉર હવે ચમરસીમા ઉપર પહોંચી રહ્યું છે. ટ્રમ્પે ચીનથી આયાત થતી વસ્તુઓ પર તાત્કાલિક અસરથી 125 ટકા ટેરિફ લગાવવાની જાહેરાત કરતા કહ્યું કે, આ નિર્ણય ચીન દ્વારા વૈશ્વિક બજારો પ્રત્યે બતાવવામાં આવેલા અનાદરના કારણે લેવાયો છે. જો કે, ટ્રમ્પે ભારત સહિતના 75થી વધુ દેશોને હજી પણ ટેરિફમાં 90 દિવસની છૂટ આપવાની જાહેરાત કરી છે. તેમના અનુસાર આ દેશોએ અમેરિકન વાણિજ્ય વિભાગ, ટ્રેઝરી અને USTR સાથે વ્યાપાર અને મુદ્રા હેરફેર જેવા મુદ્દાઓ ઉપર વાતચીત શરૂ કરી છે. ટ્રમ્પે ચીન પર પહેલાથી જ 20 % ટેરિફ લાધ્યો હતો. ગયા અઠવાડિયે તેમણે વધારાના 34% ટેરિફની જાહેરાત કરી હતી. નવા ટેરિફ 9 એપ્રિલથી અમલમાં આવવાના હતા, પણ એમ થાય તેના થોડા કલાકો પહેલા જ ટ્રમ્પે 50 % ટેરિફ વધારવાની જાહેરાત કરી દીધી હતી. એના જવાબમાં ચીને બુધવારે અમેરિકા પરનો ટેરિફ 50 %થી વધારીને 84 % કરી દીધો હતો. ચીનના આ પગલાંથી ટ્રમ્પે એ જ દિવસે ચીન પરનો ટેરિફ વધારીને 125 % કરી દીધો હતો. ટ્રમ્પની આવી દાદાગીરી સામે ઝૂકી જવાને બદલે ચીને પણ અંત સુધી લડી લેવાનો હુંકાર કર્યો છે.

ચીન અમેરિકાના ટોચના વેપાર ભાગીદારોમાંનો એક છે. ચીન અને અમેરિકા વચ્ચે ૨૦૨૪માં દ્વિપક્ષીય વેપાર ૫૮૨ અબજ ડોલર સુધી પહોંચ્યો છે. ચીન સાથે અમેરિકાની વેપાર ખાધ ગયા વર્ષે ૨૬૩ અબજ ડોલર રહી હતી, જે બાબત જ હવે ટ્રમ્પને ખૂંચી રહી છે. ગયા અઠવાડિયે ટ્રમ્પ દ્વારા તેમના લિબરેશન ડેના ભાગ રૂપે ચીની આયાત પર ૩૪% ટેક્સ લાદવાના નિર્ણય બાદ રવિવારે ચીને વળતો પ્રહાર કર્યો હતો, જેમાં અમેરિકાના લગભગ તમામ વેપારી ભાગીદારો ઉપર ઓછામાં ઓછો ૧૦% ટેક્સ લાદવામાં આવ્યો હતો. જે બાદ સોમવારે ટ્રમ્પે ચીનને મંગળવાર સુધીનો સમય આપ્યો હતો કે, તે તેના વળતા ટેક્સને રદ કરે, નહીંતર ૫૦% ટેક્સનો સામનો કરે. તેના જવાબમાં અમેરિકામાં ચીની દૂતાવાસે અમેરિકા પર આર્થિક ગુંડાગીરીનો આરોપ લગાવ્યો હતો. હવે, જો ટ્રમ્પ તેમની ધમકીનો અમલ કરે તો અમેરિકન કંપનીઓને ચીની આયાત ઉપર કુલ ૧૦૪%નો કર ભોગવવો પડી શકે છે. બીજી તરફ વિશ્લેષકોના મતે ટેરિફને કારણે અમેરિકન ગ્રાહકો માટે કિંમત વધી શકે છે અને વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ શકે છે. જો ચીન અમેરિકાને માલ મોકલવાનું બંધ કરે અને તેનો માલ દુનિયાના અન્ય દેશોને મોકલે અથવા યુરોપિયન યુનિયન જેવા ભાગીદારો સાથે વેપાર સંબંધો મજબૂત કરે તો અમેરિકામાં આવશ્યક ચીજવસ્તુઓની ભયંકર તંગી પેદા થઈ શકે છે. જાન્યુઆરીમાં જ્યારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વ્હાઈટ હાઉસમાં પ્રવેશ્યા, ત્યારે ચીનથી અમેરિકા મોકલવામાં આવતાં લગભગ બે તૃતીયાંશ માલ પહેલાંથી જ ટેરિફનો સામનો કરી રહ્યા હતા, જે તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન લેવામાં આવેલા પગલાંના પરિણામે હતું. તેમનાં નવાં પગલાં પછી સોલાર પેનલ્સ, વોશિંગ મશીનો અને અન્ય પ્રકારની મશીનરી જેવી વસ્તુઓને અસર કરી હતી, પરંતુ ઘણા મુખ્ય ગ્રાહક ઉત્પાદનો, જેમ કે iPhones, રમકડાં અને કપડાં, બચી ગયાં હતાં. આ વખતે તેને પણ ટેરિફના સપાટામાં લેવામાં આવ્યા છે. ફેબ્રુઆરીથી ટ્રમ્પે ચીનમાંથી આવતા તમામ માલ પર ૧૦%નો નવો ટેક્સ લાગુ કર્યો, જેને માર્ચમાં વધારીને ૨૦% કર્યો હતો. તેનાથી રમકડાં બનાવનારા વ્યવસાયો મુશ્કેલીમાં મુકાયા છે. ચીનથી થતી મોટાભાગની આયાતનો ગયા વર્ષે વેપારમાં ૪૦૦ અબજ ડોલરથી વધુનો હિસ્સો હતો, જે તેને યુરોપિયન યુનિયન અને મેક્સિકો પછી અમેરિકાનો આયાતનો મુખ્ય સ્રોત બનાવે છે, તે ઓછામાં ઓછા ૫૪%ના ટેરિફ દરનો સામનો કરી રહી છે. જો ચીનથી અમેરિકા આયાત કરવામાં આવતા માલ ઉપર ૧૦૪ ટકા ટેરિફનો અમલ કરાય અમેરિકામાં ચીનનો માલ બહુ મોંઘો થઈ જશે.

આ કારણે અમેરિકામાં તેમનાં ઉત્પાદનોની માંગ ઘટી શકે છે. આ વખતે ડોનાલ્ડ ટ્રમ્પે ચીનના વેપારી ભાગીદારો ગણાતા કંબોડિયા, વિયેતનામ અને લાઓસ પર ૪૬ થી ૪૯ ટકા સુધીના ટેરિફ લાધ્યા છે. અમેરિકાની વેપાર નીતિથી વિયેતનામ અને અન્ય દેશોને નુકસાન થઈ શકે છે. કંબોડિયા અને લાઓસ આ ક્ષેત્રના સૌથી ગરીબ દેશો છે અને ચીનની સપ્લાય ચેઈન પર આધાર રાખે છે. ઊંચા ટેરિફને કારણે આ દેશો પર પ્રતિકૂળ અસર પડી શકે છે. વિયેતનામ ચીનનો સૌથી મોટો વેપારી ભાગીદાર છે. ટ્રમ્પના પહેલા કાર્યકાળ દરમિયાન જ્યારે ચીન અને અમેરિકા વચ્ચે તણાવ હતો ત્યારે વિયેતનામને સૌથી વધુ નુકસાન થયું હતું. ટ્રમ્પે ૨૦૧૮માં ચીન ઉપર ટેરિફ લાધ્યો હતો. આ કારણે ઉદ્યોગપતિઓએ ઉત્પાદન માટે વિયેતનામ પસંદ કર્યું હતુ. જેમ જેમ ચીની કંપનીઓ વિયેતનામ ગઈ, તેમ તેમ વિયેતનામથી અમેરિકામાં આયાત વધતી ગઈ. નવા સત્તાવાર ડેટા અનુસાર અમેરિકા વિયેતનામનું સૌથી મોટું નિકાસ બજાર રહ્યું છે. તે જ સમયે, ચીન વિયેતનામને સૌથી વધુ માલ સપ્લાય કરતો દેશ બની ગયો છે. વિયેતનામની કુલ આયાતમાં ચીનનો ફાળો એક તૃતીયાંશ કરતાં વધુ છે. દક્ષિણ પૂર્વ એશિયા પર લાદવામાં આવેલા નવા ટેરિફનો હેતુ ચીનને ફટકો મારવાનો છે. ટ્રમ્પના છેલ્લા કાર્યકાળ દરમિયાન ચીની કંપનીઓએ ટેરિફથી બચવા માટે તેમના પ્લાન્ટ ચીનથી દક્ષિણ પૂર્વ એશિયાઈ દેશોમાં ખસેડ્યા હતા, પરંતુ હવે દક્ષિણ પૂર્વ એશિયાઈ દેશો પર લાદવામાં આવેલા ટેરિફને કારણે આ દરવાજો પણ બંધ થઈ ગયો છે. આનાથી એપલ, ઈન્ટેલ અને નાઈકી જેવી મોટી અમેરિકન કંપનીઓને પણ અસર થશે, કારણ કે તેમની મોટા ભાગની ફેક્ટરીઓ વિયેતનામમાં છે. ચીન વિશ્વનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે. વધારાનો માલ બનાવીને તે એનો ભરાવો કરી રાખે છે. આવો 'સરપ્લસ ગૂડ્ઝ' અમેરિકા નહીં ખરીદે તો ચીન એ માલ બીજા દેશોને પધરાવા કોઈ પણ રસ્તો અપનાવે તેમ છે. પણ આ સંજોગોમાં જે તે દેશોના ઉદ્યોગો પર પ્રતિકૂળ અસર થશે, ત્યાં નોકરીઓ જશે અને બેરોજગારી વધશે. વળી, ચીન અમેરિકાની જોહુકમી સાંખી લે એ વાતમાં માલ નથી. અમેરિકાએ પણ વચલો રસ્તો ન કાઢ્યો તો દુનિયાને મંદીમાં ધકેલાતા વાર નહીં લાગે તે નિશ્ચિત છે. ટૂંકમાં ચીન અને અમેરિકા વચ્ચેનું આ વેપાર યુદ્ધ ભારત સહિત દુનિયાના તમામ દેશોને દઝાડી શકે છે. આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ' એટલે કે IMF અનુસાર આ વર્ષે કુલ વૈશ્વિક અર્થતંત્રમાં અમેરિકા અને ચીનના અર્થતંત્રોનો હિસ્સો લગભગ 43 % છે. જો આ બંને દેશો વચ્ચે વેપાર યુદ્ધ ફાટી નીકળશે તો બંનેનો વિકાસ દર ધીમો પડશે. બંને દેશ મંદીમાં ધકેલાઈ જશે. તેની અસર વૈશ્વિક વ્યાપાર પર પડશે.

manoj1968@yahoo. ca







# નવસારી પૂર્ણા નદીમાં ડૂબી જતાં ભાભી અને દિયરનાં મોત : અન્ય ત્રણ મહિલાને બચાવાઈ

## ડૂબતી મહિલાને બચાવવા જતા સાસુ, દેરાણી સહિત ત્રણ મહિલા અને દિયર ડૂબ્યાં

**નવસારી**

નવસારીના કબીલપોર ૫૦ ગાળા વસાહતમાં રહેતા દેવીપૂજક સમાજની ૪ મહિલાઓ મંગળવારના બપોરે ધારાગીરી ગામ પૂર્ણા નદીના ઓવારે કપડા ધોવા માટે ગયા હતાં. જેમાં આરતીબેન શેખલિયા (ઉ.વ. ૨૪) કપડા ધોતી વખતે નદીના અંદર જતા પાણીમાં ડૂબવા લાગી હતી. જેથી તેની સાસુ જોશનાબેન હરસુખભાઈ (ઉ.વ. ૪૫) દેરાણી ઉમાબેન શેખલિયા (ઉ.વ. ૨૩) તથા ઉષાબેન દેવીપૂજક બચાવવા



માટે પાણીમાં જતા તેઓ પણ ડૂબવા લાગ્યા હતા. એકને બચાવવા જતા ત્રણ મહિલાઓ પણ નદીમાં ડૂબવા લાગતા નજીકમાં બેસેલ કલ્પેશ શેખલિયા તેઓને બચાવવા જતા સીધો નદીમાં ગરકાવ થયો હતો. આ વખતે થયેલી બૂમાબૂમને લઈને નજીકમાં મચ્છી પકડવા આવેલ એક યુવક દોડી આવીને દોરડીની મદદથી જોશનાબેન, ઉમાબેન અને ઉષાબેનને બહાર કાઢ્યા હતા. જ્યારે આરતીબેનને બહાર કાઢી રિક્ષા મારફતે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાતા તેને સારવાર મળે તે પહેલા જ મોત નીપજ્યું હતું. જ્યારે માતા, ભાભી અને પત્ની તેમજ સંબંધી મહિલાને બચાવવા જતી વખતે નદીમાં ડૂબી ગયેલ કલ્પેશ શેખલિયાની કલાકો સુધી ફાયરબ્રિગેડે શોધખોળ બાદ મૃતદેહ સાંજે મળી આવ્યો હતો.

# ઓસ્ટ્રેલિયામાં મૂળ નવસારીના યુવકની હત્યા, મિત્રએ હત્યા કરી હોવાની શંકા

**નવસારી**

ગુજરાતમાંથી હજોરોની સંખ્યામાં લોકો વિદેશ રહેવા માટે જાય છે. પરંતુ ચિંતાની વાત એ છે કે, વિદેશીમાં ભારતીય લોકોની હત્યાના બનાવો વધારે બની રહ્યાં છે. વધુ એક ગુજરાતી યુવકની વિદેશમાં હત્યા થઈ હોવાનું પ્રકાશમાં આવ્યું છે. મળતી વિગતો પ્રમાણે નવસારીના મિહિર દેસાઈ નામના યુવકની ઓસ્ટ્રેલિયાના મેલબર્ન શહેરમાં તેના જ રૂમમેટે હત્યા કરી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આરોપીએ મિહિર દેસાઈની ચપ્પુના ઘા ઝીંકીને હત્યા કરી દીધી હતી. જો કે, અત્યારે ઓસ્ટ્રેલિયાની પોલીસે હત્યારાની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. હત્યાના કેસમાં પોલીસે દ્વારા કરવામાં આવેલી તપાસ પ્રમાણે આ હત્યા કોઈ વિદેશી વ્યકિતએ નહી પરંતુ ભારતીય માણસે જ તેમની હત્યા કરી હતી. પોલીસે આરોપીની અટકાયત કરીને વધુ તપાસ હાથધરી છે. એક ભારતીય યુવકે બીજા ભારતીય યુવકની હત્યા શા માટે કરી? આનું કારણ હજી અકબંધ છે અને પોલીસ તે દિશામાં તપાસ કરી રહી છે. મૃતક મિહિર દેસાઈ બિલિમોરાની યમુના નગર સોસાયટીનો રહેવાસી છે. અત્યારે તેના પરિવારમાં ભારે શોકનો માહોલ છવાયો છે.

# ઉમરગામમાં બાળકી સાથે દુષ્કર્મ કરવાના ગુનામાં આરોપીને આજીવન કેદની સજા

**ઉમરગામ**

ઉમરગામમાં વર્ષ 2020માં 6 વર્ષીય માસૂમ બાળકી સાથે દુષ્કર્મ કર્યાના ગુનામાં વાપી કોર્ટના સ્પેશિયલ જજે 20 વર્ષની આજીવન કેદની સજા ફટકારી રૂ.50 હજાર દંડ ફટકારતો મહત્વનો ચૂકાદો આપ્યો છે. દંડની રકમ અને વળતર પેટે રૂ.6 લાખ મળી કુલ રૂ.6.50 લાખ ભોગ બનનાર પિડીતાને ચૂકવવા પણ આદેશ કર્યો છે. ઉમરગામ ખાતે રહેતા પરિવાર 6 વર્ષીય માસૂમ કામીની (નામ બદલ્યું છે.) અને તેનો ભાઈ ગત તા.10-3-20ના રોજ ધૂળેટીના પર્વને લઈ નજીકમાં રહેતી નાનીને ત્યાં રમવા ગયા હતા. બંને ભાઈ બહેનો ચાલી નજીક રમતા હતા તે દરમિયાન નજીકમાં રહેતો સરોજકુમાર લાલબહાદુર ગુપ્તા કામીનીને પોતાની રૂમમાં લઈ ગયો હતો. બાદમાં કામવાસનમાં ચક્યુર બનેલા સરોજે કામીની સાથે શારીરિક સંભોગ કર્યો હતો. આ કેસમાં વાપીના જજ ટી.વી.આહૂજાએ દલીલોને માન્ય રાખી આરોપી સરોજ ગુપ્તાને તકસીરવાર ઠેરવી જીવનના અંતિમ શ્વાસ સુધી (આજીવન કેદ)ની સજા અને રૂ.50 હજારનો દંડ ફટકારતો મહત્વનો ચૂકાદો આપ્યો છે.

# સુરતમાં રત્નકલાકારોને ઝેરી દવાની અસર થતાં 118 જણની તબિયત લથડી, બેની હાલત ગંભીર

## ફિલ્ટર પ્લાન્ટમાં અસમાજિક તત્વોએ સેલ્ફોસ નામની દાવાની પડીકી નાખી દીધી હતી

**સુરત**

સુરતના કાપોદ્રા વિસ્તારમાં આવેલા જેમ્સ નામના કારખાનામાં આ સમગ્ર ઘટના બની છે. અહીં કારખાનામાં કામ કરતા 118 રત્નકલાકારોની તબિયત અચાનક લથડી જવાથી તેમને સત્વરે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. જો હોસ્પિટલમાં સારવાર આપ્યાં બાદ તમામની હાલત અત્યારે સારી હોવાથી પરિવારજનો રાહતનો શ્વાસ લીધો છે. જો કે, બે લોકોની



હાલત અત્યારે ગંભીર હોવાથી તેમને આઈસીયુમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યાં છે સૂત્રો દ્વારા એવું જાણવા મળ્યું છે કે, અહીં આવેલા પીવાના પાણીના ફિલ્ટર પ્લાન્ટમાં અસમાજિક તત્વએ સેલ્ફોસ નામની દાવાની પડીકી નાખી દીધી હતી. આ સમગ્ર મામલે પોલીસે તપાસ શરૂ કરી દીધી છે. આખરે કોણે આ સેલ્ફોસની દવા નાખી? કોણ આ રત્નકલાકારને મારવા માટે પ્લાનિંગ કરી રહ્યું છે, તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી દીધી છે. ઘટના સ્થળ પર અને તેની આસપાસ લાગેલા સીસીટીવી કેમેરા ચેક કરવાથી આરોપીઓની ભાળ મળી શકે! જો કે, આ તમામ બાબતે પોલીસે તપાસ કરવાની છે.

# સુરતમાં વ્યાજખોરોથી કંટાળીને દંપતીનો જીવન ટૂંકાવવા પ્રયાસ, પોલીસ પર પણ ગંભીર આક્ષેપ

**સુરત**

સુરતમાં દંપતીએ એકસાથે આપઘાતનો પ્રયાસ કર્યાની માહિતી સામે આવી છે. વ્યાજખોર સહિત ત્રણના ત્રાસથી પતિએ ઝેરી દવા પી લીધી હતી. પતિને જોઈ જતા તેણે પતિના હાથમાંથી ઝેરી દવા આંચકી લીધી અને પોતે પણ પી લીધી હતી. હાલ પતિની હાલત ગંભીર છે અને પત્નીની સ્થિતિ સામાન્ય છે. પરિવારે વરાછા પોલીસ પર પણ ગેરવર્તન કર્યા હોવાનો આરોપ લગાવ્યો છે.

વરાછામાં 50 વર્ષીય અરવિંદભાઈ અને તેમની પત્ની 52 વર્ષીય રીટાબહેને ઝેરી દવા ગટગચાવી હતી. અરવિંદભાઈ ટેમ્પો ચાલક છે. અરવિંદભાઈ વ્યાજખોરોના ત્રાસથી કંટાળ્યા હતાં, તેઓ વારંવાર ધાક-ધમકીઓ આપતા હતાં. તેમણે ધમકી આપી હતી કે, આઠ દિવસમાં વ્યાજ અને મારા રૂપિયા જોઈએ. નહીંતર તું ખોવાઈ જઈશ અને ખબર પણ નહીં પડે. પોલીસ સ્ટેશનમાં દંપતીએ આ વિશે અરજી પણ કરી હતી પરંતુ કોઈ કાર્યવાહી નહતી થઈ. જેના કારણે અરવિંદભાઈએ પત્ની સામે જ ઝેરી દવા ગટગટાવી દીધી હતી. પત્નીએ આ જોતા તુરંત તેમના હાથમાંથી દવા લઈ લીધી અને પોતે પણ પી લીધી. બાદમાં તાત્કાલિક ધોરણે બંનેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતાં. દંપતી હાલ સ્મીમેર હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જેમાં પત્નીની સ્થિતિ સામાન્ય છે અને અરવિંદભાઈની સ્થિતિ નાજૂક છે. આ મામલે દંપતીના દીકરાએ કહ્યું કે, અમારી જૂની પ્રોપર્ટીને લઈને આ બધું થયું હતું. વ્યાજખોરો વારંવાર ત્રાસ આપતા હતાં. જોકે. બાદમાં આમાં મારા મોટા પપ્પા અને તેમનો દીકરો પણ જોડાઈ ગયાં હતાં. મોટાભાગના પૈસા અને વ્યાજ ચૂકવાઈ ગયું છે હવે ફક્ત 3 લાખ આપવાના બાકી હતાં. તેમ છતાં આ પ્રોપર્ટી પચાવી પાડવા માટે તેઓ આ પ્રકારના નાટક કરી રહ્યાં છે.

# સુરતમાં દુષ્કર્મના કેસમાં કોર્ટે મુનિ શાંતિસાગરને દોષિત જાહેર કર્યા

## વિધિ કરવાને બહાને વડોદરાની યુવતી સાથે દુષ્કર્મ કરાયું હતું

**સુરત**

ગુજરાતમાં વર્ષ 2017માં દુષ્કર્મના આરોપી જૈન મુનિને શુક્રવારે સુરત કોર્ટે દોષિત જાહેર કર્યા છે. જ્યારે શનિવારે આરોપીના સંભવત સજા જાહેર થવાની શક્યતા છે. 8 વર્ષ પહેલાં વડોદરાની યુવતીએ જૈન મુનિ પર દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી.

મળતી માહિતી મુજબ, સુરતના ટીમલીયાવાડ ખાતે આવેલા જૈન ઉપાશ્રયમાં ધાર્મિક વિધિના બહાને વર્ષ 2017માં શાંતિસાગર નામના જૈન મુનિએ વડોદરાની યુવતી પર દુષ્કર્મ



આચર્યું હોવાનું સામે આવ્યું હતું. સમગ્ર મામલે યુવતીએ તે વખતે અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં જૈન મુનિ વિરૂદ્ધમાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ પછી પોલીસે દુષ્કર્મના આરોપી શાંતિસાગરની ધરપકડ કરી હતી. આ કેસમાં પોલીસે શાંતિસાગર મુનિની ધરપકડ કરીને લાજપોર સેન્ટ્રલ જેલ કસ્ટડીમાં મોકલી આપ્યા હતા.

Warehouse Person Required
Looking For Matured Reliable Warehouse Person For Electrical Supplies Store
Near Eglinton Ave East, Mississauga.
Reference Required.
: Please Contact :
achristie1124@Yahoo.Com
Tel : 416-709-1424

MOTEL HELP WANTED
Motel help wanted for a motel located in Ontario around 1.5-2.0 hr drive from GTA. Accommodation will be provided. This position is suitable for either single person or Couple.
The job duties include Desk, Cleaning of rooms, Laundry, basic repair-maintenance related to work.
Management will support LMIA if required after 1 year working with company.
Interested person please send resume at
motelhelp@yahoo.com OR
Contact at 705-706-8183

# કરજણ ટોલનાકા પર ટેક્સ ભર્યા વિના બેરિયર તોડી વાહનોને ભગાડ્યા, છ વ્યક્તિની ધરપકડ

**કરજણ**



મૂળ પંજાબના અને હાલ કરજણ ભરથાણાના ટોલનાકા પર મેનેજર તરીકે ફરજ બજાવતા 43 વર્ષના દીદારસિંહ બલજીતસિંહ સંગડોલે જણાવ્યું હતું કે ચોથી તારીખે સાંજે તેઓ પોતાની ફરજ પર હતા. ત્યારે કરજણના મિયા ગામમાં રહેતા સંગ્રામસિંહ રાજેન્દ્રસિંહ પરિહાર સહિતના છ વ્યક્તિ પોતાનું વાહન લઈને ટોલનાકા પરથી પસાર થતા હતા. ત્યારે કોઈ વાતે ટોલ કર્મચારી સાથે તકરાર થતા છ વ્યક્તિ ઉશ્કેરાઈ ગયા હતા અને બૂમાબૂમ કરી મૂકી હતી. તેમાં અજાણ્યા 30 વ્યક્તિઓ પણ જોડાયા હતા. તમામે ભેગા મળી ટોલનાકાની કેબીનમાં પ્રવેશ કર્યો હતો અને બૂમબેરિયર ખોલી દેવા ધમકી આપી હતી. પરંતુ કર્મચારીઓ માન્યા ન હતા. તેથી કેટલાક માણસોએ બૂમ બેરિયર તોડી નુકસાન પહોંચાડ્યું હતું. બેરિયર નીકળી જતા ઉભેલા વાહનોને ટોલ ભર્યા વગર ભગાડી ગયા હતા. તેને કારણે ટોલ કંપનીને 11,00,000નું આર્થિક નુકસાન થયું હતું. દીદારસિંહને હરિયાણા કોર્ટમાં એક કેસની મુદત હતી ત્યાં જઈ પરત આવી નુકસાનનો અંદાજ કાઢ્યો હતો બાદ કરજણ પોલીસમાં ફરિયાદ મોડી નોંધાવી હતી. પોલીસે છ આરોપીઓની ધરપકડ કરી હતી.

# મારા આપઘાત માટે માતા-પિતા, પુત્ર-વહુ જવાબદાર, દુષ્પ્રેરણાનો ગુનો નોંધાયો

**વડોદરા**

મિલકતમાંથી બે દખલ કરવાની ધમકી સાથે અવારનવાર તકરાર કરી શારીરિક અને માનસિક ત્રાસ આપનાર સાસુ સસરા, દીકરા તથા તેની વહુ કારણે પતિએ આપઘાત કર્યો હોવાની પત્નીની ફરિયાદના આધારે પોલીસે આરોપીઓ વિરૂદ્ધ દુષ્પ્રેરણાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના રાજમહેલ રોડ દયાળ ભવનના ખાચામાં રહેતા મૃતકના પત્નીએ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, માંડવી ખાતે શેરડીના રસની દુકાન ધરવતા તેમના પતિ સાથે સાસુ સસરા અવારનવાર ઝઘડો કરી "અહીંયાથી બીજે રહેવા જતા રહો આ અમારું મકાન છે" તેમ જણાવી પરેશાન કરતા હોય પતિ ડિપ્રેશનમાં રહેતા હતા. મારા દીકરા ચૈતન્યને હેમાક્ષી સાથે પ્રેમ સંબંધ હોય સાસુએ અમારી મરજી વિરુદ્ધ દીકરાના લગ્ન હેમાક્ષી સાથે કરાવ્યા હતા. ત્યારથી દીકરા સાથે પણ તકરાર ચાલતી હતી. 5 એપ્રિલના રોજ હેમાક્ષીએ પોલીસમાં ફીટ કરાવી દેવાની ધમકી આપ્યા બાદ ચૈતન્ય અને હેમાક્ષીએ ઘર પાસે આવી અપશબ્દો બોલતા પતિને લાગી આવતા ઘરમાંથી ચાકુ લાવી પોતાની જાતે પેટમાં મારી આપઘાતનો પ્રયત્ન કર્યો હતો.

# કેટલાક વિઘ્ન સંતોષીઓ વકફ બિલ મુદ્દે રોટલો શેકવા SC પહોંચ્યા : સંતો

## ઈસ્કોન મંદિરમાં સાધુ-સંતોએ બિલને સમર્થન આપ્યું

**વડોદરા**

મુસ્લિમોની તરફેણમાં સુધારા બિલ ભારે હોબાળા બાદ કાયદો બની ગયા બાદ અનેક વિઘ્ન સંતોષી લોકો હવે પોતાનો રોટલો શેકવાના ઈરાદે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા છે પરંતુ ત્યાં પણ શક્ય છે કે તેમનું કાંઈ ઉપજશે નહીં તેમ વડોદરાના ગોત્રી ખાતે ઈસ્કોન મંદિર મેદાનમાં ઉપસ્થિત સાધુ સંતો અને મહંતોએ વકફ બિલને સમર્થન આપતા જણાવ્યું હતું.

વકફના જુના કાયદામાં અનેક ક્ષતિઓ હતી. પરિણામે કેન્દ્ર સરકારે સંસદમાં વકફ સુધારા બિલ તાજેતરમાં રજૂ કર્યું હતું. બહુમતીથી સુધારા બિલ પસાર થયું હતું અને રાષ્ટ્રપતિ દ્વારા મંજૂરીની મહોર પણ વાગી ગયા બાદ કેટલાક પોતાનો રોટલો શેકવા સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા છે. દરમિયાન વડોદરામાં ગોત્રી સ્થિત ઈસ્કોન મંદિરના મેદાનમાં ઉપસ્થિત સાધુ સંતો અને મહંતોએ આજે બિલના સમર્થન આપીને ઉપસ્થિત લોકોને વકફ સુધારા બિલ મુદ્દે સમજ આપી હતી.

# આણંદમાં ટ્રેક્ટર ચાલકે બ્રેક મારતા બાઈક ટ્રોલીમાં ઘૂસી, 3 યુવકોના ઘટના સ્થળે મોત

## ત્રણેય યુવાનો ધાર્મિક પ્રસંગમાં આવતા હતા, ટ્રેક્ટર ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ

**આણંદ**

આણંદ જિલ્લાના મોટી સંખ્યાડ ગામે ગઈકાલ રાત્રિના સુમારે માતાજીના ધામક પ્રસંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ધામક પ્રસંગમાં હાજરી આપવા માટે વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના મુંજપુર ગામેથી મનહરભાઈ પરેશભાઈ પરમાર, રણજીતભાઈ કૌશિકભાઈ પઢીયાર અને નરેશભાઈ તખતસિંહ પઢિયાર નામના ત્રણ યુવકો એક મોટરસાયકલ ઉપર મોટી સંખ્યાડ ગામે આવવા નીકળ્યા હતા. રાતે ૧૦ વાગ્યાની આસપાસ આંકલાવ તાલુકાના ચમારાથી બામણ ગામ તરફ જવાના માર્ગ ઉપર આવેલા અંબા કુઈ સીમ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે આગળ જઈ રહેલા ટ્રેક્ટરના ચાલકે અચાનક બ્રેક મારતા મોટરસાયકલ ટ્રેક્ટરની ટ્રોલીની પાછળ ધડાકાભેર ઘૂસી ગયું હતું.

અકસ્માતમાં મોટરસાયકલ પર સવાર મહેશભાઈ, રણજીતભાઈ અને નરેશકુમારને માથા તેમજ શરીરના અન્ય ભાગોએ ગંભીર ઈજાઓ પહોંચતા તેઓ લોહી લુહાણ થઈ જવા પામ્યા હતા. અકસ્માતને પગલે આસપાસના સ્થાનિકો ઘટના સ્થળે એકત્ર થઈ ગયા હતા. ૧૦૮ને જાણ કરતાં ૧૦૮ની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. જોકે ૧૦૮ની ટીમે ત્રણેય યુવકોને તપાસીને મૃત જાહેર કર્યા હતા. ચાલક વિરુદ્ધ અકસ્માતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

# આણંદ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટનો ચુકાદો : ઈલા મેડિકલ એજન્સીના એકાઉન્ટન્ટને 2 વર્ષ કેદ

## દવાઓ અન્ય એજન્સીને વેચી : રૂા. 8.50 લાખનો ચેક રિટર્ન થતા કેસ કરાયો હતો

**આણંદ**

આણંદ ખાતે ઈલા મેડિકલ એજન્સીના વહીવટકર્તા વિરલકુમાર પંકજકુમાર મહેતા હોલસેલ મેડિસિન્સનો વેપાર કરે છે. જેમની ત્યાં દિગ્વીજય મનુભાઈ રાજ (ઉ.વ.૨૭, રહે. ગોહેલવગો, અડાસ, તા. આણંદ) ૧૧ વર્ષથી ડિલિવરી બોય કમ એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતો હતો. એજન્સીવાળી જગ્યાની ચાવીઓ પણ દિગ્વીજય રાજને આપેલી હતી. એજન્સીમાંથી કિંમતી દવાઓની ચોરી થયાનું ધ્યાને આવ્યું હતું. તપાસ કરતા તા. ૨૯-૭-૨૦૨૨ના રોજ દિગ્વીજયે રાતે એજન્સીની દુકાન ખોલી કેમેરા બંધ કરી દીધા હતા. બાદમાં કિંમતી દવાની કમ્પ્યુટરમાં વેસ્ટેજ તરીકે ખોટી એન્ટ્રી પાડી દવાઓ ચોરી ગયો હતો. દવાઓ માતરના સાગર મેડિસિનના માલિક ઈન્દ્રજીતસિંહ લાખાભાઈ સોઢાને બિલ વગર વેચી હોવાનું દિગ્વીજયે કબુલાતનામું તા. ૧-૮-૨૦૨૨ના રોજ લખી આપ્યું હતું. બાદમાં દવાઓની લેણી રકમનો રૂા. ૮.૫૦ લાખનો અને રૂા. ૪,૩૯,૫૦૦ના ચેક આપ્યા હતા. જેમાંથી રૂા. ૮.૫૦ લાખનો ચેક તા. ૨-૧૧-૨૦૨૨ના રોજ ફંડ ઈનસફિસિયન્ટના શેરા સાથે રિટર્ન થયો હતો. જે અંગે ચેક રિટર્નનો કેસ કરાયો હતો.

આ કેસ આણંદ પાંચમાં એડિ. ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ દેવેશ પદ્યુમ્નભાઈ પુંજાણીની કોર્ટમાં ચાલી જતા આરોપી દિલ્વીજય મનુભાઈ રાજને તકસીરવાર ઠરાવી બે વર્ષની સાદી કેદની સજાનો હુકમ કર્યો છે.

# દુપટ્ટાથી ફાંસો, ઓશીકાથી મોં દબાવી પત્નીની હત્યા કરી : પતિની કબૂલાત

**વડોદરા**

વડોદરાના તાંદલજા વિસ્તારમાં પત્નીને દુપટ્ટા વડે ફાંસો આપી હત્યા કરનાર પતિની પોલીસે ધરપકડ કરી છે. પતિ અને તેના પરિવારજનોએ હત્યાના બનાવને કુદરતી મોતમાં ખપાવવાનો પ્રયાસ પણ કર્યો હતો. પરંતુ મૃતકના ભાઈને શંકા જતા તેની તપાસ કરાવાતા સમગ્ર ઘટનાનો ભાંડો ફૂટી ગયો હતો. તાંદલજાના એકતાનગર ખાતે રહેતી તસ્લીમાબાનું છ એપ્રિલની રાત્રે મોત નીપજ્યું હતું. મૃતક મહિલાના ભાઈ મોસીન શેખને તેની બહેનના ગળાના ભાગે નિશાન જોઈ શંકા થઈ હતી. જેથી તેણે પોલીસ કંટ્રોલને જાણ કરી હતી. સાસરિયાંઓ હાર્ટ એટેકથી મોતની હોવાનું કહેતા હતા પરંતુ મરનાર મહિલાના પરિવારજનોએ અત્યાચારની આશંકા વ્યક્ત કરતા પોલીસે પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. રિપોર્ટમાં મૃતક મહિલાના ગળાના ભાગે ફાંસો આપવાથી મોત નીપજ્યું હોવાનું જણાઈ આવતાં જે.પી રોડ પોલીસે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો. પોલીસે મહિલાના પતિ જાવેદ વાહીદભાઈ મન્સૂરીની આકરી પૂછપરછ કરતા તે પડી ભાંગ્યો હતો અને પત્નીના ચારિત્ર ઉપર આક્ષેપ કરી બપોરના સમયે દુપટ્ટા વડે ફાંસો આપી હત્યા કર્યાની કબુલાત કરી હતી.

# ઇડરના શ્રમિકનો મહિને 12,000 પગાર ITએ 36 કરોડની નોટિસ મોકલતાં ફફડાટ

## જીતેશ મકવાણાના નામે પેઢી ખોલી નાણાકીય વ્યવહાર થયાનું મળ્યું

**સાબરકાંઠા**

ઈડરના રતનપુર ગામમાં રહેતા અને અમદાવાદની ખાનગી કંપનીમાં માત્ર 12 હજારની પગારદારથી નોકરી કરતા પરિવારને ઈન્કમટેક્સ વિભાગે 36 કરોડનો ટેક્સ ભરવા માટે નોટિસ ફટકારી છે. જીતેશ મકવાણા (જે કે એન્ટરપ્રાઈઝ) નામે કંપની ચાલુ કરીને કરોડોનું ટર્નઓવર કર્યું હોવાનું નોટિસ દર્શાવ્યું છે. જીતેશના નામે કંપની ખોલી કરોડોનો નાણાકીય વ્યવહાર કર્યા છે. જોકે, ઈન્દિરા આવાસની 36 હજારની સહાય મેળવેલા મકાનમાં પરિવાર રહે છે અને નોટિસ મળતા પરિવારમાં ફફડાટ ફેલાયો હતો.

જીતેશભાઈ રામજીભાઈ મકવાણા માત્ર 12 હજારના પગારે અમદાવાદની ખાનગી કંપનીમાં નોકરી કરે છે. પાંચ સભ્યોના ગુજરાન ચલાવે છે. સરકારી ઈન્દિરા આવાસ યોજના હેઠળ 2004- 2025 માં 36 હજારની સહાય મેળવી બનાવાયેલા મકાનમાં રહે છે. સીજીએસટી વિભાગ દ્વારા મળેલી માહિતીના આધારે જીતેશ રામજી મકવાણા નામે 20.05 કરોડની ઈનપુટ ટેક્સ કેડિટ લીધો હોવાની આવકવેરા ખાતાને જાણ થઈ હતી અને જેના આધારે ઈન્ટમ ટેકસ વિભાગ જીતેશ રામજીભાઈ મકવાણાને 36 કરોડના ટેક્સ ભરવા નોટિસ ફટકારી છે.

# પોરમાં પેવર બ્લોક નાખવા મુદ્દે તા. પંચાયત પ્રમુખ પતિ અને સ્થાનિકો વચ્ચે મારામારી

## છૂટ્ટા હાથની મારામારીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો

**વડોદરા**

પોર ગામમાં વડોદરા તાલુકા પંચાયતના પ્રમુખ અંકિતા પરમારના ફળિયામાં ગટર લાઈન, પાણીની લાઈન અને પેવર બ્લોક નાંખવાનુ કામ શરૂ કરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન ઓટલા તોડવા પડે તેવી સ્થિતી સર્જાઈ હતી. આથી ફળિયાના કેટલાંક લોકો દ્વારા વિરોધ કરવામાં આવતા વિવાદ ચાલી રહ્યો હતો.

ગટર અને પાણીની લાઈન નાંખવાની કામગીરી પૂરી થયા બાદ મજૂરો દ્વારા લેવલિંગ કરી પેવર બ્લોકની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જે અંગે ફળિયાના કેટલાક લોકોએ કામગીરી અટકાવી દેતાં વિવાદ સર્જાયો હતો. ફળિયાના લોકોએ કામગીરી અટકાવી હોવાની જાણ ફળિયામાં જ રહેતા તાલુકા પંચાયત પ્રમુખ અંકિતા પરમાર અને તેમના પતિ રોનકભાઈ પરમારને થતાં તેઓ દોડી ગયા હતા. તે સમયે તેઓને વિરોધ કરતાં લોકો સાથે ઉગ્ર બોલાચાલી થતાં મામલો તંગ બની ગયો હતો. દરમિયાન રોષે ભરાયેલા વડોદરા તાલુકા પંચાયતના પ્રમુખ અંકિતા પરમારના પતિ રોનક પરમાર વિરોધ કરનાર ફળિયાના લોકો સાથે મારામારી શરૂ કરી દીધી હતી. આ મામારીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા ચકચાર મચી ગઈ હતી.

# ગુજરાતના 10થી વધુ શહેરોમાં પારો 43ને પાર, રાજકોટમાં રેકોર્ડ ગરમી લોકો ત્રસ્ત

**અમદાવાદ**

ગુજરાતમાં સુર્યએ તેનું રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા હાલ ગરમી તેજગતિએ છે ત્યારે રાજકોટમાં સીઝનનું રેકોર્ડબ્રેક સૌથી વધુ 45.2 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયુ હતુ અને આ સાથે રાજકોટ રાજ્યનું સૌથી વધુ ગરમ શહેર રહ્યુ હતુ. રાજકોટમાં 133 વર્ષમાં એપ્રિલનો સૌથી ગરમ દિવસ રહ્યો હતો. ઉનાળામાં ગરમીના વધતા તાપમાનને લઈને રાજકોટ DEOએ પરિપત્ર જાહેર કરીને શહેર અને જિલ્લાની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિકની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓનો સમય સવારે 7થી 11નો કરવા સૂચનો આપ્યા છે.

આ વર્ષે ઉનાળાની શરૂઆત સાથે જ રાજકોટ સૌથી વધુ તાપમાનની નોંધણીમાં ટોપ પર રહ્યુ છે. એકતરફ દેશના કેટલાક ભાગમાં વરસાદ વરસ્યો છે ત્યારે ગુજરાતમાં આભમાંથી જળને બદલે આગ વરસવાનું જોર વધ્યું છે. આજે મૌસમ વિભાગ અનુસાર ઈ.સ.1892 થી એપ્રિલ માસના મહત્તમ તાપમાનની થતી નોંધ મૂજબ રાજકોટમાં આજે 133 વર્ષનું સૌથી વધુ 45.2 સે. વિક્રમજનક તાપમાન નોંધાયું છે. ગઈકાલ સુધી રાજકોટમાં એપ્રિલ માસનું 133 વર્ષનું સૌથી વધુ તાપમાન તા.14-04-2017ના નોંધાયું હતું જે રેકોર્ડ આજે તૂટ્યો છે.

રાજ્યના આજે સર્વાધિક તાપમાન કંડલામાં 45.6 નોંધાયું છે. જ્યારે અમદાવાદમાં મહત્તમ તાપમાન 43 ડિગ્રીથી વધુ નોંધાયુ હતું. અમદાવાદ, અમરેલી, વડોદરા, ચાણસ્મા, ડીસા, દીયોદર, ગાંધીનગર, રાજકોટ, હિંમતનગર ,ભુજ અને પોરબંદર સહિતના 10 થી વધુ શહેરોમાં ગરમીનો પારો 43 કે તેથી વધુ ડિગ્રી પર રહ્યો હતો. જ્યારે રાજકોટ બાદ સૌથી વધુ 44 ડિગ્રી જેટલુ તાપમાન હિંમતનગર, ડિસા અને અમરેલીમાં નોંધાયુ હતું.

આજના દિવસે અમદાવાદ, સુરત, રાજકોટ, પોરબંદર, ભાવનગર, ભુજ, ડીસા અને ગાંધીનગર સહિતના 8 જેટલા શહેરોમાં હિટવેવ રહી. દિવસ દરમિયાન અને ખાસ કરીને બપોરના સમયે ગરમ પવન સાથે શહેરીજનો લૂથી હેરાન થઈ ગયા હતા.

# ગુજરાતમાં MLAને ફાળવાતી ગ્રાન્ટમાં 1 કરોડ રૂપિયાનો વધારો

**ગાંધીનગર**

ગુજરાતમા ધારાસભ્યોને ફાળવાતી ગ્રાન્ટમા 1 કરોડ રૂપિયાનો વધારો કરવાનો નિર્ણય લેવામા આવ્યો છે. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ નિર્ણય અનુસાર ધારાસભ્યઓને સ્થાનિક અગત્ય ધરાવતા સામૂહિક વિકાસના કામો માટે ફાળવાતી હાલની વાર્ષિક 1.50 કરોડ રૂપિયાની ગ્રાન્ટમાં 1 કરોડ રૂપિયાનો વધારો કરીને હવે આવી વાર્ષિક ગ્રાન્ટ 2.50 કરોડ રૂપિયા પ્રમાણે અપાશે.

મુખ્યમંત્રીએ રાજ્યના ધારાસભ્યો પોતાના વિસ્તારોમાં વરસાદી પાણીના સંગ્રહ અને સંચય માટેના કામો હાથ ધરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રેરિત 'કેચ ધ રેઈન' અભિયાનને વેગ આપે તેવો અભિગમ પણ આ ગ્રાન્ટ ફાળવણીમાં રાખ્યો છે.

વરસાદી પાણીના સંગ્રહથી ભવિષ્યની જળ સુરક્ષા સુનિશ્ચિત કરવા અને ભૂગર્ભ જળ સ્તર ઊંચા લાવવાના હેતુથી રાજ્યમાં 2018થી દર વર્ષે સુજલામ સુફલામ જળ અભિયાન યોજાય છે.

# આપણી આસ્થાનું કેન્દ્ર નવકાર મહામંત્ર સમાજને રાહ દેખાડે છે : વડાપ્રધાન મોદી

## મહામંત્રના કાર્યક્રમમાં વડાપ્રધાન મોદી પણ જોડાયા

**અમદાવાદ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં આયોજીત નવકાર મહામંત્ર દિવસ કાર્યક્રમમાં સામેલ થયા હતા. જે દરમિયાન મોદીએ અન્ય લોકોની સાથે મળીને નવકાર મહામંત્રનો જાપ કર્યો હતો. જે બાદ લોકોને સંબોધિત કર્યા હતા. તેમણે કહ્યું હતું કે નવકાર મહામંત્ર વિકસિત ભારતના લક્ષ્યની સાથે જોડાયેલો છે, મે લાલ કિલા પરથી કહ્યું હતું કે વિકસિત ભારત એટલે કે વિકાસ પણ વિરાસત પણ, એક એવું ભારત જે અટકશે નહીં અને ઉચાઈને સ્પર્શ કરશે. મોદીએ જૈન ધર્મના વખાણ કર્યા હતા અને કહ્યું હતુ કે જૈન ધર્મે ભારતની ઓળખ સ્થાપિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે હું નવકાર મહામંત્રની આ આધ્યાત્મિક શક્તિને મારી ભીતર અનુભવુ છું, કેટલાક વર્ષ પહેલા હું જ્યારે બેંગલુરુમાં આવા જ એક સામુહિક મંત્રોચ્ચારનો સાક્ષી બન્યો હતો ત્યારે



જે અનુભૂતિ થઈ રહી હતી તેવી જ અનુભૂતિ આજે પણ થઈ રહી છે. નવકાર મહામંત્ર માત્ર મંત્ર નથી આ આપણી આસ્થાનું કેન્દ્ર અને જીવનનો મૂળ સ્વર છે. અને તેનું મહત્વ માત્ર આધ્યાત્મિક્તા નથી, આ સ્વયમથી લઈને સમાજ સુધી સૌને સાથે રાખીને રાહ દેખાડે છે. જનથી જગ સુધીની યાત્રા છે આ મંત્ર, આ મંત્રનો પ્રત્યેક પદ જ નહીં સાથે સાથે પ્રત્યેક અક્ષર ખુદમાં જ એક મંત્ર છે.

મોદીએ મંત્રના વખાણ કરતા કહ્યું હતું કે નવકાર મહામંત્ર એક માર્ગ છે, એવો માર્ગ કે જે માનવીને અંદરથી શુદ્ધ કરે છે, જે માનવીને સૌહાર્દની રાહ દેખાડે છે. નવકાર મહામંત્ર સાચા અર્થમાં માનવ, ધ્યાન, સાધના અને આત્મશુદ્ધિનો મંત્ર છે.









સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# મુંબઈની કંપની દ્વારા ગુજરાતનાં ૭થી વધુ શહેરોમાં કૌભાંડ

## ખેતીમાં ઊંચા વળતરની લાલચ આપીને રાજકોટના વેપારીના 64 કરોડ ઉસેટ્યા, કારભારમાં અન્ય 18 લોકો પણ સામેલ

**રાજકોટ**

હળદરની ખેતીમાં ઊંચા વળતરની લાલચ આપી રાજકોટના પ્રશાંતભાઈ કાનાબાર સહિતનાં વેપારીઓનાં રૂ. 64.80 કરોડ ઓળવી લેનાર અને ત્રણ વર્ષ એગ્રીમેન્ટ મુજબના 1 અબજ ૭૪ કરોડ નહીં આપી છેતરપિંડી કરનાર મુંબઈના થાણેમાં આવેલી એએસ એગ્રી એન્ડ એક્વા એલએલપી કંપનીએ સુરત, જામનગર, કાલાવડ, હિમતનગર, ગાંધીનગર, વલસાડ અને અમદાવાદ સહિતના શહેરોમાં પણ કૌભાંડ આચર્યાનું ક્રાઈમ બ્રાંચની તપાસમાં બહાર આવ્યું છે.

ક્રાઈમ બ્રાંચે તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે આ તમામ શહેરોમાં પણ આરોપી કંપનીના સંચાલકોએ હળદરની ખેતી અંગે કોન્ટ્રાક્ટ ફાર્મિંગના એગ્રીમેન્ટ સાઈન કરી એડવાન્સ રૂપિયા મેળવી લઈ પ્રોજેક્ટ પૂરા નહીં કરી રૂપિયા ઓળવી લીધા હતાં. જેમાંથી અમરેલી અને વડોદરા અને રાજકોટ શહેરમાં ગુના દાખલ થયા છે. બાકીના કોઈ શહેરોમાં હજુ સુધી ગુના દાખલ થયા નથી. ક્રાઈમ બ્રાંચે આ કૌભાંડમાં કંપનીના અઢી-અઢી ટકાના ભાગીદારો અને કર્મચારીઓ હર્ષલ મહાદેવરાવ ઓજે, વૈભવ વિલાસ કોટલાપૂરે, પ્રવિણ વામન પથારે અને હિરેન દિલીપ પટેલની ધરપકડ કરી નવ દિવસના રિમાન્ડ ઉપર લીધા છે.

પૂછપરછમાં આરોપીઓએ એવી કબૂલાત આપી છે કે શરૂઆતમાં તેમની કંપનીનું કામ બરાબર ચાલતું હતું. જેને કારણે નવા-નવા પ્રોજેક્ટ મળતા ગયા હતા. પરિણામે કંપનીએ રોકાણકારોને વળતર પણ આપ્યું હતું. બધા ઓપરેશન વ્યવસ્થિત ચાલતા હતા. પરંતુ તે દરમિયાન ઓગસ્ટ-2022માં કંપની ઉપર જીએસટીની રેડ પડી હતી. જેમાં કેસ થતાં કંપની અને તેના સંચાલકો-ભાગીદારોનાં બેન્ક ખાતા સીઝ થઈ ગયા હતાં. જેને કારણે પેમેન્ટ કરી શક્યા ન હતાં. વળી, જીએસટીને લગતો કેસ થતાં કંપનીના સંદેશ ખામક, હિરેન પટેલ અને વૈભવ કોટલાપરાને જેલમાં જવું પડયું હતું.

આ તમામ કારણોસર કર્મચારીઓને પગાર પણ ચૂકવી શકાયો ન હતો. એટલું જ નહીં જે પ્રોજેક્ટ હતાં તેમાં પણ કંપની ધ્યાન આપી શકી ન હતી. જેને કારણે રોકાણકારોના નાણા સલવાઈ ગયા હતા. ક્રાઈમ બ્રાંચના સૂત્રોએ જણાવ્યું કે અત્યાર સુધીમાં આ કંપની સામે ગુજરાતમાં ત્રણ ઉપરાંત મહારાષ્ટ્રના થાણે અને પૂનામાં બે મળી કુલ પાંચ ગુના દાખલ થયા છે. જેમાંથી થાણેના કાસારવડવલી પોલીસ મથકમાં નોંધાયેલા ગુનામાં કંપનીના સંદેશ ખામકર, પ્રશાંત જાડે અને સંદીપ સામંત હાલ જેલમાં છે. જેમનો ટૂંક સમયમાં રાજકોટ ક્રાઈમ બ્રાંચ જેલમાંથી કબજો લેશે.

ક્રાઈમ બ્રાંચને એવી પણ માહિતી મળી છે કે મુખ્ય આરોપી પ્રશાંત જાડે છે. જે કંપનીમાં 55 ટકાનો ભાગીદાર છે. બાકીનાં 18 આરોપીઓ 2.50 ટકાના ભાગીદારો છે.

# જામનગરમાં પ્રેમાંધ બનેલી પત્નીએ પ્રેમી સાથે મળી પતિનું કાસળ કાઢ્યું

**જામનગર**

કાલાવડ તાલુકાના પીઠડિયા ગામના વતની અને હાલ જામનગરમાં રણજીત સાગર રોડ પર રહેતા 30 વર્ષિય રવિ મારકણા રામનવમીના દિવસે (છઠ્ઠી એપ્રિલ) બુલેટ પર જઈ રહ્યો હતો. આ દરમિયાન જીપચાલકે તેને જાણીજોઈને ટક્કર મારી કચડી નાખતા હત્યા કરી નાખી હતી. જે હત્યા પ્રકરણમાં પોલીસે ઊંડાણ પૂર્વકની તપાસના અંતે મૃતક રવિ મારકણાની પત્ની રીંકલ તેમજ જીપચાલક અક્ષય ડાંગરિયા બંનેને ધરપકડ કરી હતી. પત્નીએ પોતાના પતિ સાથે છૂટાછેડા થઈ જાય તે માટેના અનેક પ્રયત્નો કર્યા હતા, પરંતુ પતિએ છૂટાછેડા આપવાની સાફ ના પાડી હતી. જેથી આ હત્યા કરી નાખવાનો પ્લાન કર્યો હતો. આ સમગ્ર મામલામાં પોલીસ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ ચલાવવામાં આવી હતી, જેમાં બંને આરોપી વચ્ચે બે વર્ષના પ્રેમ સંબંધમાં અનેક વખત એકબીજા સાથે અનૈતિક સંબંધો બંધાયા હોવાનું પણ જાણવા મળ્યું છે. પ્રેમિકા દ્વારા પતિનો કાંટો કાઢી નાખવા માટે સાત મહિનાથી ષડયંત્ર કરાતું હતું. જેમાં રામનવમીનો દિવસ નક્કી થયો હતો.

# વીકળિયા ગામમાં 20 દિવસના નવજાત શિશુને કુહાડી મારી હત્યા કરનારા પિતાને આજીવન કેદ

## ડીએનએ ટેસ્ટમાં મૃતક નવજાત હત્યારાનો જ પુત્ર હોવાનું ખુલ્યું હતું, 5 વર્ષે ચુકાદો

**બોટાદ**

ગઢડાના વીકળિયા ગામની સીમમાં આવેલ બાબુભાઈ આસોદરિયાની વાડીમાં ખેતમજૂરી કામ કરતા મંજુલાબેન નાયકને પુત્ર પ્રાપ્તી થઈ ત્યારથી તેનો પતિ તેણી ઉપર શંકા-વહેમ કરી બાળક તેનું ન હોવાનું કહીં બોલાચાલી કરતો હતો. દરમિયાનમાં મંજુલાબેન ગત તા.૧૩ એપ્રિલ,૨૦૨૦એ સાંજના સુમારે ઓરડીમાં રસોઈ બનાવી રહ્યા હતા અને તેમનો ૨૦ દિવસનો નવજાત પુત્ર બાજુમાં સૂતો હતો, આ સમયે પતિ કાળુ મોહનભાઈ નાયકે કુહાડી લઈને આવી 'આ બાળક મારૂં નથી' તેમ કહીં પત્ની સાથે માથાકૂટ કરી ઉશ્કેરાઈ જઈ કુહાડીનો એક ઉભો ઘા બાળકના માથાના ઝીંકી દીધો હતો. જેથી મહિલાએ દોડીને બહાર જઈ બુમાબુમ કરતા પાડોશી અર્જુનભાઈ બચાવવા વચ્ચે પડતા કાળુ નાયકે તેમને પણ કુહાડીનો એક ઘા કરી ઈજા પહોંચાડી હતી. બાદમાં નવજાત શિશુ અને ઈજાગ્રસ્ત અર્જુનભાઈ છત્રાભાઈ નાયકને ૧૦૮ મારફતે દામનગરની સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે માસૂમ બાળકને તપાસી મૃત જાહેર કર્યું હતું.

પોલીસે હત્યારા પિતાની ધરપકડ કરી મૃતકનું પેનલ પીએમ તેમજ તેના ડીએનએ ટેસ્ટ સહિતની કાર્યવાહી કરી હતી. પોલીસે બાળકનું ડીએનએ કરાવતા ખૂની ખેલ ખેલનારો શખ્સ જ મૃતકનો પિતા હોવાનો અભિપ્રાય આવ્યો હતો.

# તાલાલામાં ભાજપ પ્રમુખે દારૂ પી હોબાળો કરતાં ધરપકડ, પાર્ટીએ રાજીનામું લેતા જેલભેગો થયો

## પ્રમુખે બેટથી છોડાવવા આવેલ એક મહિલા સહિત ત્રણ લોકો ઉપર હુમલો કર્યો હતો

**તાલાલા**

તાલાલા શહેર ભાજપ પ્રમુખ સુનિલ રમણ ગંગદેવ (ઉ.વ.૪૦)એ દારૂ ઢીંચી દંગલ કરતા પોલીસે ધરપકડ કરી જેલ હવાલે કરતા ખળભળાટ મચી ગયો છે. આ બનાવથી કેસરીયા કાર્યકરોમાં સાગાટો છવાઈ ગયો છે. હવે આ ભાજપ નેતાનું રાજીનામું લેવાયું છે.

મળતી માહિતી અનુસાર, તાલાલા શહેરના વિરપુર રોડ ઉપર આવેલ સોમનાથ સોસાયટીમાં નાના બાળકો રમતા હતા. ત્યાંથી પસાર થતા તાલાલા



ભાજપ પ્રમુખે બાળકો પાસે આવી ગાળો બોલતા રહીશ રૂચિતભાઈએ ગાળો બોલવાની ના પાડી હતી. જેથી ઉશ્કેરાયેલા પ્રમુખે બેટથી રૂચિત તથા છોડાવવા આવેલ એક મહિલા સહિત ત્રણ લોકો ઉપર હુમલો કર્યો હતો, જેમાં રૂચિત તથા તેમના માસી રશ્મિતાબેનને ઈજા થતાં તાલાલા હોસ્પિટલે સારવાર માટે લઈ ગયા હતા.

આ બનાવ અંગે પોલીસે રૂચિતની ફરિયાદ લઈ ભાજપ પ્રમુખ સુનિલ ગંગદેવ સામે બી.એન.એસ. 115(2) તથા 352,351(3) અને જી.પી.એ 135 મુજબ ગુનો દાખલ કરી ધરપકડ કરવા ગયા હતા. આ દરમિયાન ભાજપ પ્રમુખ દારૂ ઢીંચી લથડિયા મારતા હતા. તેની દારૂ પીધેલી હાલતમાં મારામારીના ગુના સબબ ધરપકડ કરી હતી.

# જામજોધપુરમાં બોરવેલ ચાલકે ઉંઘેલા 2 મજુરને અજાણતામાં કચડી નાખ્યા

**જામનગર**

જામનગર જિલ્લાના જામજોધપુરના વાડી વિસ્તારમાં ગઈકાલે રાત્રે એક દુર્ઘટના સર્જાઈ હતી અને બે પરપ્રાંતિય શ્રમિક યુવાનોએ પોતાના જીવ ગુમાવ્યા છે. પુરપાટ ઝડપે આવી રહેલા બોરવેલના ચાલકે નિંદ્રાધીન અવસ્થામાં રહેલા બંને શ્રમિકોને કચડી નાખતાં બન્નેના અંતરિયાળ મૃત્યુ નીપજ્યા હતા.

જામનગર જિલ્લાના જામજોધપુરમાં વાડી વિસ્તારમાં ગઈકાલે રાત્રે એક વાડીમાં બોરવેલનું કામ ચાલી રહ્યું હતું અને અંદાજે 1500 ફૂટબોર કરવા માટેનું નક્કી કરાયું હતું, જેમાં એક બોરવેલ મારફતે 1000 ફૂટ ઉંડો બોર કરી લેવાયો હતો, પરંતુ તેના વધારાના 500 મીટરના પાઈપ ઘટતાં અન્ય બોરવેલને બોલાવવામાં આવ્યો હતો. તે દરમિયાન પાછળથી આવેલા બોરવેલના ચાલકે અગાઉના બોરવેલમાં કામ કરી રહેલા બે શ્રમિકો ભંગી આસારામ સેનાની (ઉંમર વર્ષ 15) તેમજ રીતેશ દેવીસિંગ નારગાવે (ઉંમર વર્ષ 19) કે જેઓ બંને મધ્યપ્રદેશના વતની છે, અને નિંદ્રાધીન અવસ્થામાં હતા, જે દરમિયાન રાત્રિના અંધારામાં બોરવેલ હેઠળ બંને ચગદાઈ ગયા હતા, અને અંતરિયાળ મૃત્યુ નિપજ્યા હતા. આ ઘટનાની જાણ થતા ભારે દોડધામ થઈ હતી.

# અમરેલીમાં જંગલમાં લાગતાં આગ, સિંહ, હરણ અને દીપડા સહિતના પ્રાણીઓમાં ભાગદોડ

**અમરેલી**

ગુજરાતના સૌરાષ્ટ્ર પંથકમાં એશિયાટિક સિંહોનો વસવાટ છે. ત્યારે અમરેલીના નજીક આવેલા રાજુલાના રામપરા ગામ પાસે ટોરેન્ટ વિસ્તારમાં વિકરાળ આગ લાગી છે. સિંહોના વિસ્તારમાં આગ લાગતાં વન્યપ્રાણીઓમાં ભાગદોડ મચી શકે છે. બાવળની ઝાડીઓમાં વિકરાળ આગ લાગતાં વન વિભાગ અને ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. પીપાવાવ પોર્ટ સિન્ટેક્ષ આસપાસની 4થી વધુ ફાયર બ્રિગેડની ટીમો ઘટના સ્થળે પહોંચી સતત પાણીનો મારો ચલાવી આગ ઓલવવાનો પ્રયત્ન કરી રહી છે. આ વિસ્તારમાં સિંહ, હરણ, દીપડા સહિતના નાના-મોટા વન્યપ્રાણીઓનો વસવાટ હોવાથી વન વિભાગ ચિંતામાં મૂકાયો છે.

# કચ્છમાં આવેલા મરિન નેશનલ પાર્કના પિરોટન ટાપુ નજીક ડોલ્ફીનનો જમાવડો

**ભુજ**

કચ્છના અખાતમાં અરબી સમુદ્રમાં આવેલા મરીન નેશનલ પાર્કમાં મોટી સંખ્યામાં ડોલ્ફિન મહાકાય માછલીઓએ પડાવ નાખ્યો છે અને હાલે તેની પ્રજનનની મોસમ તાજેતરમાં પૂર્ણ થઈ હોવાથી વધુ ને વધુ ડોલ્ફિન સૌરાષ્ટ્ર-કચ્છ વચ્ચેના દરિયામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, અરબી સમુદ્રમાં આવેલા કચ્છના અખાતના દક્ષિણ છેડે ૩૮૦ કિલોમીટરના વિશાળ વિસ્તારને ૧૯૭૨ના વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ હેઠળ મરીન નેશનલ પાર્ક તરીકે રક્ષિત જાહેર કરાયો છે. આ વિસ્તારમાં ૪૨ જેટલા નાના મોટા ટાપુઓ આવેલા છે જેમાં પિરોટન અને ચાખ મુખ્ય છે. ઓખાથી જોડિયા અને રોજી બંદરથી કચ્છ સુધીના વિશાળ દરિયામાં કોરલ રીફ, કરચલા, કાચબા, અસંખ્ય પ્રકારની માછલીઓ અને ડોલ્ફિન માછલીઓની જુદી જુદી જાતો વિચરતી જોવા મળે છે. સમુદ્રની જૈવિક સંપત્તિ અને તેના પર્યાવરણ વિષયમાં રસ ધરાવતા દુનિયાભરના સંશોધકો આ વિસ્તારમાં આવતા રહે છે. દર વર્ષે કચ્છના પશ્ચિમી સાગર કાંઠાના અબડાસા વિસ્તારમાં ફ્લુગુલાબી ઠંડીનું આગમન શરૂ થતાં અફાટ સમુદ્રમાં વિહાર કરતાં ડોલ્ફીનના સમૂહો કિનારા નજીક પહોંચી આવે છે, આ ઉપરાંત વિશાળકાય કાચબાઓ પણ કચ્છના અખાતના વિવિધ ટાપુઓ ઉપર દેખાતાં એક અદભુત નજારો હાલે જોવા મળી રહ્યો છે.

# રણજીત સાગર ડેમ પાસેથી માનવીની ખોપડી તથા અન્ય કંકાલ મળી આવતાં દોડધામ

**જામનગર**

જામનગર-સમાણા ધોરીમાર્ગ પર રણજીતસાગર ડેમના કેચમેન્ટ એરિયામાં ખુલ્લા પટમાંથી ગઈકાલે સાંજે એક માનવ ખોપડી તથા શરીરના કંકાલના અન્ય હાડપિંજરનો અમુક હિસ્સો મળી આવતાં દોડધામ થઈ હતી. જે બનાવ અંગે પોલીસને જાણ કરાતાં પંચકોષી એ. ડિવિઝન પોલીસની ટીમ બનાવના સ્થળે પહોંચી ગઈ હતી અને તપાસ શરૂ કરી હતી. જોકે કોઈ અઘટિત ઘટના બની હોય તેવું ધ્યાનમાં આવ્યું ન હતું, પરંતુ કોઈ માનવીના જુના કંકાલ કે જે રણજીતસાગર ડેમના પાણીમાં તણાઈને આવ્યા હશે, તે પૈકીનો એ ખોપડી થતા એક હાથ તથા અન્ય મણકાના ભાગ સહિતના એક બે માનવ કંકાલ મળી આવ્યા હતા.



## કરીના કપૂરની દાયરા ફિલ્મ ફરી પાટે ચઢી હોવાના સંકેત

મુંબઈ : કરીના કપૂરની 'દાયરા' ફિલ્મ ફરી શરુ થઈ રહી હોવાના સંકેતો છે. મેઘના ગુલઝાર આ ફિલ્મ બનાવી રહી છે. તાજેતરમાં કરીના કપૂર તથા પૃથ્વીરાજ સુકુમારન બંને મુંબઈમાં સાથે દેખાયાં હતાં. તે પરથી તેઓ 'દાયરા' માટે મળ્યાં હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે આ ફિલ્મમાં કરીના સાથે અગાઉ આયુષ્માન ખુરાના તથા તે પછીસિદ્ધાર્થ મલ્હોત્રાને સાઈન કરાયા હતા. જોકે, બંનેએ એક અથવા તો બીજાં કારણોસર આ ફિલ્મ છોડી દેતાં સમગ્ર પ્રોજેક્ટ અટવાઈ ગયો હતો.

સ્વદેશ




## ક્યું કી સાસ..ના બીજા ભાગમાં સ્મૃતિનું પુનરાગમન એકતા દ્વારા કન્ફર્મ



મુંબઈ : થોડા સમય પહેલાં ચર્ચા પ્રસરી હતી કે એકતા કપૂર 'ક્યું કિ સાસ ભી કભી બહુ થી'નો બીજો ભાગ બનાવી રહી છે. હવે ખુદ એક્તા કપૂરે આ વાત કન્ફર્મ કરી છે. તાજેતરમાં એક મીડિયા સંવાદમાં તેણે કહ્યું હતું કે 'ક્યું કિ સાસ ભી કભી બહુ થી' સિરિયલ બહુ લોકપ્રિય બની હતી. તેના બે હજાર એપિસોડ પૂર્ણ થાય તેમાં ૧૫૦ એપિસોડ જ બાકી રહ્યા હતા. હવે અમે આ ૧૫૦ એપિસોડ ફરી લાવી રહ્યા છીએ. સ્મૃતિ ઈરાનીનાં પુનરાગમનને કન્ફર્મ કરતાં તેણે કહ્યું હતું કે અમે એક રાજકારણીને મનોરંજનનાં ક્ષેત્રમાં લાવી રહ્યાં છીએ. ઉલ્લેખનીય છે કે આ શોમાં તુલસી વિરાણી તરીકે સ્મૃતિનાં પાત્રને બહુ લોકપ્રિયતા મળી હતી. તેના આધાર પર જ સ્મૃતિ ઈરાનીએ રાજકારણમાં પ્રવેશ કર્યો હતો અને સંસદસભ્ય તથા કેન્દ્રીય મંત્રીનું પદ પણ મેળવ્યું હતું. દરમિયાન ટીવી જગતમાં ચર્ચા અનુસાર મિહિરના રોલ માટે અમર ઉપાધ્યાય તથા રોનિત રોય બંને સાથે વાતચીત ચાલી રહી છે.

## અલ્લુ અર્જુનની નવી ફિલ્મ માટે 800 કરોડનું તોસ્તાન બજેટ



મુંબઈ : અલ્લુ અર્જૂને ૮ એપ્રિલના રોજ પોતાના જન્મદિવસે નવી ફિલ્મ 'એએ૨૨એક્સએસિક્સ'ની ઘોષણા કરી છે. ફિલ્મનું દિગ્દર્શન એટલી કરશે. આ ફિલ્મનું બજેટ ૮૦૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાઈ રહ્યું છે. તેમાંથી ૨૫૦ કરોડ રુપિયા તો ફક્ત વીએફએક્સ માટે ખર્ચાશે તેવો દાવો થઈ રહ્યો છે. એક દાવા અનુસાર અલ્લુ અર્જુન પોતે આ ફિલ્મ માટે ૨૦૦ કરોડ રુપિયાની ફી લેવાનો છે. આ ઉપરાંત અલ્લુ અર્જુને ફિલ્મના નફામાં પોતાનો ૧૫ ટકા હિસ્સો પણ રાખ્યો છે. ફિલ્મનું શૂટિંગ આગામી ઓક્ટોબર માસથી શરુ થવાની ધારણા છે.

# ગાયિકા શ્રેયા ઘોષાલનું એક્સ એકાઉન્ટ બે મહિના બાદ રિસ્ટોર કરાયું



મુંબઈ: સિંગર શ્રેયા ઘોષાલનું બે મહિના પહેલાં હેક થઈ ગયેલું એક્સ એકાઉન્ટ આખરે રિસ્ટોર થઈ ગયું છે. શ્રેયાએ પોતાને આ એકાઉન્ટ પાછું મળ્યું હોવાની પોસ્ટ મૂકી ખુશી વ્યક્ત કરી હતી. સાથે સાથે તેણે ચાહકોને વચન આપ્યું હતું કે પોતે હવે અગાઉ કરતાં વધારે સક્રિય રહેશે. એક્સ પર શ્રેયા ૬૯ લાખ ફોલોઅર્સ ધરાવે છે. શ્રેયાના જણાવ્યા અનુસાર હજુ પણ એક્સ પ્લેટફોર્મ પર તેના વિશે વિચિત્ર લખાણ ધરાવતા લેખો, એઆઈ જનરેટેડ ઈમેજીસ વગેરે સાથેની સ્પામ લિંક્સ એડ સ્વરુપે મૂકાઈ રહી છે. પોતે આ અંગે એક્સ સાથે ફોલો અપ કરી રહી છે. એક્સ દ્વારા જાહેરખબર સ્વરુપે આવી લિંક્સને પ્રમોટ કરાય છે પરંતુ તેનાથી લોકો ફસાઈ શકે છે. તેણે આશા વ્યક્ત કરી છે કે એક્સ દ્વારા આ લિંક્સ દૂર કરવા માટે પગલાં લેવામાં આવશે. શ્રેયાએ થોડા સમય અગાઉ જણાવ્યું હતું કે તેનું એક્સ એકાઉન્ટ હેક થઈ ગયા બાદ તેને એક્સ પ્લેટફોર્મ તરફથી મદદ મળી રહી નથી. તેને માત્ર ઓટો જનરેટેડ જવાબો જ મળે છે. એકાઉન્ટ રિસ્ટોર થયાની જાહેરાત કરતી વખતે પણ તેણે લખ્યું હતું કે પોતાને આ એકાઉન્ટ પાછું મેળવવામાં ભારે સંઘર્ષ વેઠવો પડયો છે.

## આયુષ્માનની પત્ની તાહિરાને ફરી બ્રેસ્ટ કેન્સરનું નિદાન



મુંબઈ : આયુષ્માન ખુરાનાની પત્ની તાહિરા કશ્યપને ફરી બ્રેસ્ટ કેન્સર થયું છે. સાત વર્ષ પછી આ બીમારીએ ઉથલો માર્યો છે. લેખિકા તથા દિગ્દર્શક તાહિરાએ એક સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જણાવ્યું હતું કે સાત વરસ પછી ફરી બીજા સ્ટેજના કેન્સરનું નિદાન થયું છે. જોકે હું પોઝિટિવલ વલણ અપનાવી રહી છું અને દરેક મહિલાને કહેવા માંગું છું કે તેમણે નિયમિત મેમોગ્રાફી કરાવવી જોઈએ. આ પોસ્ટના જવાબમાં તાહિરાના દિયર અપારશક્તિ ખુરાનાએ લખ્યું છે કે, અમે જાણીએ છીએ કે તમે જલદી સાજા થઈ જશો. તાહિરાને અનેક લોકોએ ઝડપભેર સ્વસ્થ થઈ જવાની શુભેચ્છા પાઠવી છે.

## પ્રભાસની સ્પિરિટમાંથી રશ્મિકા મંદાના આઉટ



મુંબઈ : પ્રભાસની ફિલ્મ 'સ્પિરિટ'માંથી રશ્મિકા મંદાના આઉટ થઈ ગઈ હોવાનું કહેવાય છે. સલમાન સાથેની ફિલ્મ 'સિકંદર'ની નિષ્ફળતા તેને નડી ગઈ હોવાનું ચર્ચાય છે. રશ્મિકા આ ફિલ્મ માટ ચાર કરોડ રૂપિયા ફી લેવા માટે રાજી થઈ ગઈ હતી. પરંતુ સિકંદર ફિલ્મ ફ્લોપ જતાં ફિલ્મસર્જક હવે તેના સ્થાને અન્ય કોઈ અભિનેત્રીને શોધી રહ્યો છે.

જોકે, રશ્મિકા હજુ પણ આ ફિલ્મમાં ટકી રહેવા માટે પ્રયાસ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે, રશ્મિકાની છેલ્લી ત્રણ ફિલ્મા 'એનિમલ', 'પુષ્પા ટૂ'અને' છાવા'એ ૩૫૦૦ કરોડ રૂપિયાની ધૂમ કમાણી કરી છે. જ્યારે 'સિકંદર' મહાફલોપ થતાં લકી ચાર્મ તરીકેની રશ્મિકાની છાપને નુકસાન થયું છે. હવે તેને બિગ બજેટ ફિલ્મો મેળવવા માટે પ્રયાસ કરવા પડશે એમ મનાય છે.

# દિગ્ગજ અભિનેતા મનોજ કુમારનું 87 વર્ષની વયે નિધન

ભારતીય અભિનેતા અને ફિલ્મ નિર્દેશક મનોજ કુમાર જે ખાસ કરીને તેમની દેશભક્તિ આધારિત ફિલ્મો માટે જાણીતા હતા તેમનું ગત શુક્રવારે નિધન થઈ ગયું છે. તેમને ભારત કુમાર નામે પણ ઓળખવામાં આવતા હતા. તેમણે 87 વર્ષની વયે કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા.

મનોજ કુમારના નિધનથી બોલિવૂડમાં શોકની લાગણી જોવા મળી રહી છે. તમામ ફેન્સ અને સેલિબ્રિટીને પણ આ સમાચાર સાંભળી આઘાત લાગ્યો છે. મનોજ કુમારે સહારા, ચાંદ, હનીમૂન, પૂરબ ઔર પશ્ચિમ, નસીબ, મેરી આવાજ સુનો, નીલ કલમ, ઉપકાર,



પથ્થર કે સનમ, પિયા મિલન કી આસ, સુહાગ સુંદર, રેશમી રુમાલ જૈવી ફિલ્મોમાં કામ કર્યું હતું. તેમને નેધનલ એવોર્ડ, પદ્મ શ્રી અને દાદા સાહેબ ફાળકે એવોર્ડથી પણ સન્માનિત કરાયા હતા.

દિગ્ગજ અભિનેતાએ 1957માં ફિલ્મ ફેશનથી અભિનયની શરૂઆત કરી હતી. 1965નું વર્ષ તેમની કારકિર્દી માટે એક મોટું ગેમચેન્જર સાબિત થયું હતું. એ વર્ષે રિલીઝ થયેલી ફિલ્મ શહીદએ તેમના કરિયરને વધુ મજબૂતી આપી. આ પછી તેમણે ક્યારેય પાછળ વળીને જોયું નહીં. ભૂમિકા ગમે તે હોય, તે રૂપેરી પડદે પાત્રને જીવી બતાવતા હતા.



# ॥ સંસ્કૃતિ ॥




સ્વદેશ
Leading Gujarati Newspaper
સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news

Rameshbhai Vyas
Director & Publisher
SWADESH



Paresh Peshva
Marketing Director
SWADESH


## દેશભક્તિના ગીતોથી જાણીતા દિગ્ગજ અભિનેતા મનોજ કુમારની દુનિયાને અલવિદા

# ભારત કા રહેનેવાલા હું, ભારત કી બાત સુનાતા હું



દેશભક્તિ આધારિત ફિલ્મો માટે જાણીતા ભારતીય અભિનેતા અને ફિલ્મ નિર્દેશક મનોજ કુમારે 87 વર્ષની જૈફ ઉંમરે આ દુનિયાને અલવિદા કહી દીધી છે. 87 વર્ષની વયે તેમણે કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. તેમને ભારત કુમાર નામે પણ ઓળખવામાં આવતા હતા. નિર્માતા-નિર્દેશક અને અભિનેતા મનોજ કુમાર ફિલ્મ જગતના બહુ મોટા સ્ટાર હતા. તેમણે પોતાના અભિનયથી દર્શકોના દિલ જીતી લીધા હતા. મનોજકુમારનો જન્મ આજના પાકિસ્તાનનાં અબોટાબાદમાં થયો હતો. એટલે ભાગલા પછી વતન ગુમાવનારા દિલીપકુમાર, રાજકપૂર, રાજેન્દ્રકુમાર, સુનીલદત્ત, બી.આર. ચોપરા, બલરાજ સાહની વગેરે પૈકીનાં તેઓ એક હતા. દેશની આઝાદી શું હોય શકે અને પોતાનો દેશ કેવો હોવો જોઈએ, તેની કલ્પના જ ભારતકુમારને જન્માવી શકે. પહેલી ફિલ્મમાં એક ભિખારીના પાત્ર સફળતાપૂર્વક ભજવ્યા બાદ લાંબો સમય સંઘર્ષ કરી તેઓએ બોલીવુડમાં પોતાનું અનોખુ સ્થાન મેળવ્યું હતુ. તેઓ વર્ષો સુધી સિનેમાજગતમાં છવાયેલા રહ્યા હતા. મનોજ કુમારની પહેલી ફિલ્મ 'ફેશન' 1957માં આવી હતી. ખાસ વાત એ છે કે ત્યારે તેમની ઉંમર ફક્ત 19 વર્ષ જ હતી. તેમણે 19 વર્ષની ઉંમરમાં 90 વર્ષના ભિખારીનું પાત્ર ભજવ્યું હતું. 9 ઓક્ટોબર 1956ના રોજ તેઓ ફિલ્મોમાં હીરો બનવા મુંબઈ આવ્યા હતા. આ સમયે મુંબઈ રેલવે પ્લેટફોમ પર પણ સૂતા હતા.

1967માં ઉપકાર બનાવ્યા પહેલાં તો તેઓ હરિયાલી ઔર રાસ્તા, ગૃહસ્થી, વો કૌન થી, હિમાલય કી ગોદ મેં, દો બદન પ્રકારની મનોરંજનક ફિલ્મોનાં જ હીરો હતા. ત્યારે તેઓ જે ફિલ્મો બનતી તેમાં પોપ્યુલર સ્ટાર તરીકે કમાણી કરવાનો જ ઈરાદો હતો. પણ સતત શીખતા રહેવાનો તેમનો મિજાજ હતો. કથા-પટકથા પર મજબૂત પકડ અને યાદગાર પાત્રો સર્જવાની શક્તિને કારણે જ તેઓ યાદગાર બન્યા. કયા પાત્રમાં કોણ અભિનય કરશે તે નક્કી કરવામાં પણ તેઓ એકદમ પરફેક્ટ હતા. પૂરબ ઔર પશ્ચિમમાં તેમણે સાયરાબાનુ માટે દિલીપકુમારને તેમણે મનાવ્યા હતા. સામાન્યપણે તેમની ફિલ્મોમાં જ કલાકારો હોય તે કાયમી બની જતા. વિશેષ કરીને ચરિત્ર કલાકારો પ્રાણ, કામિની કૌશલ, પ્રેમ ચોપરા, મનમોહન સાથે મનોજકુમાર દિગ્દર્શક તરીકે સજ્જ થઈ ચુક્યા હતા.

તેમણે પહેલી જ ફિલ્મ જૂદા વિઝન સાથે બનાવી અને પ્રચંડ સફળતા મેળવી. મનોજકુમાર માટે રાષ્ટ્રપ્રેમ ફક્ત મનોરંજનનું તત્ત્વ ન હતું. બલ્કે એક વિઝન હતું અને વિવેકાનંદે જેમ વિદેશ જઈ એક ભારતની ઓળખ અપાવી હતી, એ જ રીતે આઝાદી પછીના ભારતની મર્યાદા ગણાવવા સાથે ભારતની સંસ્કૃતિ, સંસ્કાર શું છે તે તેમણે ગૌરવ સાથે પૂરબ ઔર પશ્ચિમમાં દર્શાવ્યા હતા. ફેશન પછી તેમણે ઘણી ફિલ્મો કરી, પણ મહેનત કરવા અને કળા હોવા છતાં પણ તે લોકો વચ્ચે એટલા જાણીતા બની શક્યાં ન હતા. તેમનો શરૂઆતી સ્ટ્રગલ ફેઝ ખુબ મુશ્કેલ રહ્યો હતો. મીના કુમારી જેવી મોટી એક્ટ્રેસીસ સાથે તેમણે નાના રોલ જ મળતા હતા. મનોજ કુમારનો ફિલ્મી દૌર 1961માં શરુ થયો હતો, જ્યારે તેમને ફિલ્મ 'કાંચ કી ગુડિયા'માં મુખ્ય ભૂમિકા ભજવવાનો અવસર મળ્યો હતો. ત્યારબાદ ફિલ્મી જગતમાં મનોજ કુમાર એક જાણીતો ચહેરો બની ગયા હતા. 1962માં વિજય ભટ્ટની ફિલ્મ 'હરિયાલી ઔર રાસ્તા'માં મનોજ કુમાર માલા સિન્હા સાથે મુખ્ય ભૂમિકામાં હતા. તેમની ફિલ્મોની ખાસિયત હતી કે લોકો સરળતાથી `રીલેટેબ્લ ફિલ કરી શકતા હતા. 'કાંચ કી ગુડિયા' ફિલ્મ પછી તે ઘણી ફિલ્મોમાં દેખાયા. 'પિયા મિલન કી આસ', 'સુહાગ', 'સિંદુર' ,'રેશમી રૂમાલ' તેમની આ ફિલ્મ્સ દર્શકોને ખુબ પસંદ આવી હતી અને આ ફિલ્મોએ બોક્સ ઓફિસ પણ પર સારું પ્રદર્શન કર્યું હતું. લીડ રોલમાં તેમની પહેલી મોટી સફળતા રાજ ખોસલાની ફિલ્મ 'વો કોન થી?'થી મળી હતી. આ ફિલ્મના ગીતો લોકો વચ્ચે ખુબ પ્રખ્યાત થયા હતા, જેમાં 'લગ જા ગલે' અને 'નેના બરસે રીમઝિમ' જેવા ગીતો હતા. બંને ગીતો લતા મંગેશકરે ગાયા હતા. તેમની પહેલી દેશભક્તિ વાળી ફિલ્મ 'શહીદ' હતી. જે સ્વતંત્રતા સેનાની ભગત સિંહના જીવન ઉપર આધારિત હતી. ખાસ વાત તો એ છે કે આ ફિલ્મના વખાણ દર્શકો સાથે તે વખતના પ્રધાનમંત્રી લાલ બહાદૂર શાસ્ત્રીએ પણ કર્યા હતા. તેના પછી 'હિમાલય કી ગોદ મેં' અને 'ગુમનામ' જેવી ફિલ્મો મનોજ કુમારે કરી હતી. 'સાવન કી ઘટા' ફિલ્મમાં તેમની કેમેસ્ટ્રી શર્મિલા ટાગોર સાથે ખુબ પસંદ કરવામાં આવી હતી. આ ફિલ્મો ઉપરાંત 'નીલ કમલ', 'અનીતા' , 'આદમી' , 'રોટી, કપડા ઔર મકાન', જેવી ફિલ્મોમાં પણ તેમણે કામ કર્યુ હતું. રોમેન્ટીક ડ્રામાં અને સામાજિક મુદાઓને પણ ફિલ્મમાં સફળતા પૂર્વક દર્શાવવામાં તેઓ સફળ રહ્યા. જે બાદ મનોજ કુમાર 'ક્રાંતિ', 'ઉપકાર', 'પૂરબ ઔર પશ્ચિમ' જેવી દેશભક્તિની ફિલ્મો તરફ પાછા ફર્યા હતા. આ ફિલ્મોમાં તે ભારતની વાર્તા, સંસ્કૃતિ તથા પરંપરાને ખુબ સરસ રીતે દેખાડવામાં સફળ થયા હતા.

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

પરિણામે દેશ વિદેશમાં તેની ફિલ્મોને પસંદ કરવામાં આવી. ત્યારબાદ તેમને 1971 માં બલિદાન અને બેઈમાન જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું અને એજ વર્ષમાં શોર ફિલ્મનું ડાયરેક્શન પણ કર્યુ હતું. મનોજ કુમારે સહારા, ચાંદ, હનીમૂન, પૂરબ ઔર પશ્ચિમ, નસીબ, મેરી આવાજ સુનો, નીલ કલમ, ઉપકાર, પથ્થર કે સનમ, પિયા મિલન કી આસ, સુહાગ સુંદર, રેશમી રુમાલ જૈવી ફિલ્મોમાં કામ કર્યું હતું. તેમને નેધનલ એવોર્ડ, પદ્મ શ્રી અને દાદા સાહેબ ફાળકે એવોર્ડથી પણ સન્માનિત કરાયા હતા.

દિગ્ગજ અભિનેતાએ 1957માં ફિલ્મ ફેશનથી અભિનયની શરૂઆત કરી હતી. 1965નું વર્ષ તેમની કારકિર્દી માટે એક મોટું ગેમચેન્જર સાબિત થયું હતું. એ વર્ષે રિલીઝ થયેલી ફિલ્મ શહીદે તેમના કરિયરને વધુ મજબૂતી આપી. આ પછી તેમણે ક્યારેય પાછળ વળીને જોયું નહીં. ભૂમિકા ગમે તે હોય, તે રૂપેરી પડદે પાત્રને જીવી બતાવતા હતા. પોતાની ફિલ્મમાં બે હીરોઈન હોવી જોઈએ અને પ્રણયત્રિકોણ સર્જવો જોઈએ તે તેમણે પૂરબ ઔર પશ્ચિમથી અપનાવ્યું અને શોર, રોટી કપડા ઔર મકાનમાં પણ પ્રણય ત્રિકોણ છે. ભારતીય અભિનેતા અને ફિલ્મ નિર્દેશક મનોજ કુમાર ખાસ કરીને તેમની દેશભક્તિ આધારિત ફિલ્મો માટે જાણીતા હતા. 'પૂરબ ઔર પશ્ચિમ', 'ઉપકાર', 'રોટી કપડા ઔર મકાન' અને 'ક્રાંતિ' જેવી દેશભક્તિ પર આધારિત ફિલ્મો બનાવીને મનોજ કુમારે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક વિશેષ સ્થાન બનાવ્યું હતું. ભારત મનોજકુમાર ઉપકાર, પૂરબ ઔર પશ્ચિમ રોટી કપડા ઔર મકાન અને ક્રાંતિના કારણે ભારતીય સિનેમાના ઈતિહાસમાં યાદગાર બની ગયા છે. તેમની ફિલ્મો ચોક્કસ પ્રકારના સામાજિક સંદેશ લઈને આવતી અને દર્શકોની વ્હાલી બની જતી. તેથી જ તેમને 'ભારત કુમાર'નું બિરુદ મળ્યું હતું. મનોજકુમારે અનેક હીરોઈનો સાથે કામ કરવા છતાં કોઈ સાથે તેમના પત્ની શશી ગોસ્વામીને ખૂબ પ્રેમ કરતા અને આદર આપતા હતા. દરેક ફિલ્મની કથા-વાર્તાની તેમની સાથે ચર્ચા કરતા. મનોજકુમારે પોતાના દિકરા કૃણાલ ગોસ્વામીને ફિલ્મોમાં લાવવા પ્રયત્ન કર્યો પણ તે સફળ ન રહ્યો. પદ્મશ્રી અને 20015માં દાદાસાહેબ ફાળકે પુરસ્કારનું સન્માન પામનાર મનોજકુમાર ભારતીય જનતા પક્ષમાં જોડાયેલા પણ ચૂંટણી લડ્યા ન હતા.

**19 વર્ષની ઉંમરે જ ફિલ્મ જગતમાં એન્ટ્રી કરી તેઓ નિર્દેશક બન્યા, ભારતી સંસ્કૃતિની ગાથા રજૂ કરીને ચાહકોમાં દેશભક્તિને આહલેક જગાડનાર મનોજ કુમારને નેધનલ એવોર્ડ, પદ્મ શ્રી અને દાદા સાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કરાયા હતા**

# ઓન્ટેરિયોમાં નિશ્ચિત વ્યવસાયોના કરવેરા ૬ માસ સુધી મુલ્તવી

## યુએસ ટેરિફથી પ્રભાવિત વ્યવસાયકારોને મદદ કરવા સાથે ફોર્ડે આપેલું વચન પૂર્ણ કર્યું

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયોમાં કેટલાક વ્યવસાયકારોને છ મહિના માટે પસંદગીના પ્રાંતીય કરવેરા મુલતવી રાખવામાં આવશે. પ્રીમિયર ડગ ફેર્ડના જણાવ્યા મુજબ યુએસ ટેરિફના કારણે વૈશ્વિક આર્થિક ઉથલપાથલ વચ્ચે તેમને લગભગ $૯ બિલિયનની રાહત મળશે. ફેર્ડે વ્યવસાયોને થોડો રોકડ પ્રવાહ પૂરો પાડવા અને કામદારોને રોજગારી આપવા માટે એમ્પ્લોયર હેલ્થ ટેક્સ અને વીમા પ્રીમિયમ ટેક્સ જેવા કરવેરા મુલતવી રાખવાના ચૂંટણી વચનને પૂર્ણ કર્યું હતુ. તેમણે કહ્યું હતુ કે, આજના પગલાં કામદારો અને વ્યવસાયોને વધતી જતી આર્થિક અનિશ્ચિતતાનો સામનો કરવા માટે જરૂરી ટેકો આપવામાં મદદ કરશે. આપણે રાષ્ટ્રપતિ ટ્રમ્પને નિયંત્રિત કરી શકતા નથી, પરંતુ આપણે આપણા માટે કેવા પ્રકારનું ભવિષ્ય બનાવીએ છીએ, તેના ઉપર આપણે સંપૂર્ણ નિયંત્રણ રાખીએ છીએ. છ મહિનાનો મુલતવી રાખવાનો સમયગાળો ૧ એપ્રિલથી અમલમાં છે અને ૧ ઓક્ટોબરથી સમાપ્ત થાય છે.

સોમવારે પત્રકારો દ્વારા પૂછવામાં આવ્યું કે, શું તેઓ ઓક્ટોબર પછી મુલતવી રાખવાનો સમયગાળો લંબાવશે, ત્યારે ફોર્ડે કહ્યું કે તેઓ લોકો, વ્યવસાયો અને સમુદાયનું રક્ષણ કરવા માટે હંમેશા હાજર રહેશે. તેમને આશા છે કે ટ્રમ્પ યુ.એસ. શેરબજારની વાત સાંભળશે, કારણ કે તે સતત ત્રીજા દિવસે પણ ઘટી રહ્યો છે. પ્રીમિયરે એમ પણ કહ્યું કે તેઓ હજુ પણ ઓન્ટેરિયોમાં રોકાણો થતા જોઈ રહ્યા છે, જે તકો ઊભી કરવાનું અને વેપારને વૈવિધ્યીકરણ કરવાનું ચાલુ રાખશે, પરંતુ સરકારે પ્રાંતમાં વધુ કંપનીઓ આવવા માટે પર્યાવરણ અને પરિસ્થિતિઓ બનાવવાની જરૂર છે. આપણે ૪૩ ટકા કર દરે વિશ્વના તેજસ્વી દિમાગ અને શ્રોષ્ઠ કંપનીઓને આકર્ષી શકતા નથી, ફેર્ડે એવી પણ જાહેરાત કરી હતી કે, કાર્યસ્થળ સલામતી અને વીમા બોર્ડ સલામત નોકરીદાતાઓને ઈ૨-બિલિયનની છૂટ આપશે.

# કેનેડામાં ચપ્પાના ઘા કરાતાં મૃત્યુ પામેલો યુવક ગુજરાતી નીકળ્યો

## પત્નીને બચાવવા જતાં પાડોશીના હુમલામાં મોત

ઓન્ટેરિયો : મૂળ પાલીતાણા ખાતે આવેલા નોંગણવદરના વતની અને સુરતમાં મોટાવરાછા વિસ્તારમાં આવેલા ઓમકાર રેસીડેન્સીમાં રહેતા વલ્લભભાઈ કથીરીયાનો પુત્ર ધર્મેશ પાંચ વર્ષ અગાઉ અભ્યાસ અર્થે સુરતથી કેનેડા ગયો હતો. અભ્યાસ પૂર્ણ કરી કેનેડાના જ પીઆર લઈ તે ઓન્ટેરિયો સિટીમાં સ્થાયી થયો હતો. ધર્મેશે કેનેડામાં પોતાનો નાનો ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ શરૂ કર્યો હતો. દોઢ વર્ષ અગાઉ સુરત આવી રવિના નામની યુવતી સાથે લગ્ન કર્યા હતા. લગ્ન બાદ પત્ની સાથે કેનેડા પહોંચેલું નવદંપતી હળીમળીને પોતાનો સ્ટોર્સ ચલાવી રહ્યું હતું. દરમિયાન શુક્રવારે રવીના કપડા ધોઈ રહ્યાં હતા. તે દરમિયાન અચાનક પડોશી યુવાન તેમની તરફ ચપ્પુ લઈ ધસી આવ્યો હતો. દંપતી કંઈ સમજે તે પહેલા જ પડોશી યુવાને ધર્મેશ ઉપર એકાએક ચપ્પુથી જીવલેણ હુમલો કરી દીધો હતો. ચપ્પુનો ઘા વાગતા ધર્મેશ ઘાયલ થયો હતો. પડોશી યુવાન આટલેથી નહીં અટકી, રવિના ઉપર પણ હુમલો કરવા આગળ વધ્યો હતો. પત્ની ઉપર થઈ રહેલા હુમલાને જોઈ ધર્મેશ રવિનાને બચાવવા દોડ્યો હતો. હુમલાખોર પડોશીનો પ્રતિકાર કરવા જવા તેને ચપ્પુનો વધુ એક ઘા વાગ્યો હતો. ધર્મેશને લોહીથી લથપથ થયેલો જોઈ હુમલાખોર ફરાર થઈ ગયો હતો.

# ઓઝેમ્પિક, મુંજારોમાં વપરાતા હોર્મોનની શોધ બદલ કેનેડિયન વૈજ્ઞાનિકે બ્રેકથ્રુ પ્રાઇઝ જીત્યું

## ચાર પૈકી એક સંશોધક લોટ્ટે બજેરે નુડસેને સંશોધન માટે આગેવાની લીધી હતી

**ટોરોન્ટો**

એક કેનેડિયન સંશોધકે ડાયાબિટીસ અને સ્થૂળતાની દવાઓમાં વપરાતા ર્ન્-૧ હોર્મોન - ઓઝેમ્પિક, વેગોવી અને મુંજારોમાં - શોધ્યા બદલ લાઈફ સાયન્સમાં ૨૦૨૫નો બ્રેકથ્રુ પ્રાઈઝ જીત્યો છે, જેણે વિશ્વભરના લાખો લોકોના જીવનને બદલી નાખ્યું છે.

ટોરોન્ટો યુનિવર્સિટી અને સિનાઈ હેલ્થ ખાતે લુનેનફેલ્ડ-ટેનેનબૌમ રિસર્ચ ઈન્સ્ટિટયૂટના એન્ડોક્રિનોલોજિસ્ટ અને ક્લિનિશિયન-વૈજ્ઞાનિક, ડૉ. ડેનિયલ ડ્રકર, યુનાઈટેડ સ્ટેટ્સ અને ડેનમાર્કના ચાર સાથીદારો સાથે ઈ૩ મિલિયન યુએસ ઈનામ શેર કરે છે. તેઓ બધા નોવો નોર્ડિસ્ક અને એલી લિલી દ્વારા ઉત્પાદિત હાલની પ્રખ્યાત દવાઓના વિકાસમાં સામેલ હતા. ડ્રકર અને ત્રણ સહ-વિજેતાઓએ તેમની પ્રયોગશાળાઓમાં ગ્લુકોગન જેવા પેપ્ટાઈડ-૧ વિશે શોધ કરી હતી.

એવોર્ડના અન્ય પ્રાપ્તકર્તા, લોટ્ટે બજેરે નુડસેન, જે નોવો નોર્ડિસ્ક માટે કામ કરે છે, તેમણે તેને દવાઓમાં વિકસાવવામાં આગેવાની લીધી હતી.

વિજ્ઞાનનો ઓસ્કાર તરીકે ઓળખાતા બ્રેકથ્રુ પ્રાઈઝેને ઘણીવાર વિજ્ઞાનનો ઓસ્કાર તરીકે ઓળખવામાં આવે છે. બ્રેકથ્રુ ફાઉન્ડેશન કહે છે કે, આ પ્રાઈઝ આપણા વૈજ્ઞાનિક યુગના અજાયબીઓની ઉજવણી માટે બનાવવામાં આવ્યા હતા. નેશનલ રિસર્ચ કાઉન્સિલ કેનેડાના અન્ય એક કેનેડિયન, મૈકે વાન કુટેને, ઓપ્ટિક્સમાં એક્સોપ્લેનેટ જોવા માટે કાર્ય માટે બે આંતરરાષ્ટ્રીય સાથીદારો સાથે $૧૦૦,૦૦૦ US નો ન્યૂ હોરાઈઝન્સ ઈન ફિઝિક્સ નામનો પુરસ્કાર શેર કર્યો હતો.

## વડા પ્રધાન માર્ક કાર્નેએ ટોરોન્ટોમાં BAPS મંદિરની મુલાકાત લીધી

# BAPS મંદિરે ભગવાન સ્વામિનારાયણ અને પ્રભુ રામની જન્મજયંતી ઉજવાઈ






ટોરોન્ટો : કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નીએ પાંચમી એપ્રિલ, ૨૦૨૫ ના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ભગવાન શ્રી રામના જન્મજયંતીના શુભ પ્રસંગે ટોરોન્ટોમાં મ્છઁજી શ્રી સ્વામિનારાયણ મંદિરની મુલાકાત લીધી હતી. પ્રધાનમંત્રી કાર્નીનું મ્છઁજી કેનેડાના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા અભિષેક મંડપમમાં હિન્દુ રીતિ-રિવાજ મુજબ સ્વાગત કરવામાં આવ્યું હતુ. કેનેડામાં મ્છઁજી પ્રવૃત્તિઓના મુખ્ય સ્વામી ગુણસાગરદાસ સ્વામીએ પ્રધાનમંત્રીને ગુલાબની માળા પહેરાવી સન્માનિત કર્યા હતા. વરિષ્ઠ મ્છઁજી સ્વામી જ્ઞાનપ્રિયદાસ સ્વામીએ ચાંદલો લગાવ્યો અને તેમના કાંડા પર નાડા-છડી બાંધી હતી. ઉત્તર અમેરિકામાં મ્છઁજી પ્રવૃત્તિઓનું સંચાલન કરનારા મુખ્ય સ્વામી યજ્ઞવલ્લભદાસ સ્વામીએ ત્યારબાદ




**સ્વામી યજ્ઞવલ્લભદાસ સ્વામી અને પ્રધાનમંત્રીએ નીલકંઠવર્ણી મહારાજને અભિષેક કર્યો, કેનેડા અને વિશ્વભરમાં શાંતિ અને સુખાકારી માટે પ્રાર્થના કરાઈ**

પ્રધાનમંત્રી સાથે નીલકંઠવર્ણી મહારાજનો શુભ અભિષેક વિધિ કરી, કેનેડા અને વિશ્વભરમાં શાંતિ અને સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. ત્યારબાદ પ્રધાનમંત્રી મંદિર ગયા હતા, જ્યાં તેમણે મંદિરની સ્થાપત્ય અને જટિલ કોતરણીની પ્રશંસા કરી આ પૂજા સ્થળના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મહત્વમાં ઊંડો રસ લીધો હતો. ત્યારબાદ તેઓ સ્વામીઓ સાથે આરતી કરવામાં જોડાયા હતા. અને મધ્ય મંદિરમાં મૂર્તિઓને ફૂલો અને ફળોની ટોપલી અર્પણ કરી હતી. પ્રધાનમંત્રી કાર્નેને મહંત સ્વામી મહારાજ દ્વારા લખાયેલી આધ્યાત્મિક ગ્રંથ સત્સંગદીક્ષાની વિશેષ આવૃત્તિ ભેટમાં આપવામાં આવી હતી. આ અનોખી આવૃત્તિ સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી અને ફ્રેન્ચ ભાષામાં લખાયેલી હતી. ત્યારબાદ ભારતથી મહંત સ્વામી મહારાજ દ્વારા મોકલવામાં આવેલો પ્રધાનમંત્રી માટેના આશીર્વાદનો એક ખાસ પત્ર તેમની હાજરીમાં વાંચવામાં આવ્યો હતો. જેમાં મહંત સ્વામી મહારાજે લખ્યું: આજે કેનેડાના ટોરોન્ટોમાં મ્છઁજી સ્વામિનારાયણ મંદિરમાં તમારું સ્વાગત કરવાનો મને ખૂબ આનંદ થાય છે.

તમારી મુલાકાતની ખૂબ પ્રશંસા થાય છે, અને ભગવાન સ્વામિનારાયણને તમારી સતત શક્તિ અને સ્પષ્ટતા માટે પ્રાર્થના કરવામાં આવી છે. કારણ કે તમે કેનેડા રાષ્ટ્રને શાણપણ, શક્તિ અને પ્રામાણિકતાથી દોરી રહ્યા છો. આ તકે કેનેડાની સતત સફળતા અને તેના નાગરિકોની સુખાકારી માટે પણ પ્રાર્થના કરવામાં આવી છે. જે બાદ પીએમએ સમુદાયના સભ્યો અને હિન્દુ નેતાઓ સાથે વાતચીત કરી હતી. તેણે ભગવાન શ્રી સ્વામિનારાયણના ઉપદેશો નૈતિકતા, નિ:સ્વાર્થ સેવા અને આધ્યાત્મિક શાણપણની પ્રશંસા કરી હતી.

## સભ્યોની જન્મતિથિની ઉજવણી બાદ ભજનોની રમઝટ જામી, પ્રવાસ અને આનંદ મેળાના આયોજનની જાહેરાત કરાઈ

# GSSMની મીટીંગ સાથે રામનવમીના પર્વની ઉત્સાહભેર ઉજવણી





## 19 જુલાઈના રોજ ધ રોઝ થિયેટર, બ્રામ્પટન ખાતે ગુજરાતી સિનિયર્સ ફોક ફેસ્ટિવલ યોજાશે

મિસીસાગ : GSSM ગુજરાતી સિનિયર્સ સમાજ ઓફ મિસીસાગાની મીટીંગ ગત તારીખ એપ્રિલ 6, 2025ને રવિવારે STEPHEN LEWIS HHSS, Mississauga ખાતે મળી હતી. આ સાથે રામનવમીના ઉત્સવની ઉજવણી તથા વિવિધ કાર્યક્રમનું આયોજન કરાયું હતુ.

સંચાલક ઈલાબેન દેવાનીએ રેખાબેન ગોધિયા પાસે પ્રાર્થના કરાવ્યા બાદ હનુમાન ચાલીસા પર કસરત શરૂ કરાઈ હતી.

તુજ કો કિતના બતાયે કોઈ રબ્બા તથા કેસરિયા તેરા ગીતો દ્વારા બોલી ફીટ કસરત કરાવાતા સૌ વધુ સ્ફુર્તિમાં આવ્યા હતા. ત્યારબાદ એમસી વિજયાબેન હુડકાએ મહિનામાં જે સભ્યોને વર્ષગાંઠ આવતી હતી, તેને સ્ટેજ પર બોલાવ્યા હતા અને સમૂહમાં તેને તથા બધા સભ્યોએ બર્થ ડે ગીત ગાઈ આનંદ અપાવ્યો હતો. સંસ્થાના વડીલ કનુભાઈ પટેલના હસ્તે બર્થ ડે કાર્ડ આપવામાં આવ્યા હતા. જશુબેન નાયકે પોતાની બર્થ ડે હોય, ગીત પ્રસ્તુત કરી આનંદ અપાવ્યો હતો. કાર્યક્રમમાં 350 સભ્યોની હાજરી જોઈને આયોજકો ખુશ થઈ ગયા હતા. 2025ની NHSP ગ્રાન્ટ માટે કલાબેન પટેલે તથા જયભાઈ ભાવસારે એપ્લિકેશન કરી હતી, તે ગ્રાન્ટ મંજુર થઈ હોવાથી તેમનો પણ આભાર માનવામાં આવ્યો હતો. ગુજરાતી સિનિયર્સ, સ્વર સાધના મ્યુઝિક લવર્સ કલબ અને



મોઢ ગાંધી સમાજ ઓફ ઓન્ટેરિયો સાથે મળીને 19 જુલાઈ, 2025ના રોજ ધ રોઝ થિયેટર, બ્રામ્પટન ખાતે ગુજરાતી સિનિયર્સ ફોક ફેસ્ટિવલનું આયોજન કરશે. GSSMના સોળ સભ્યોને તે મોટા મંચ ઉપર RAAS રજૂ કરવાની તક મળશે.

900 ગેસ્ટ આવવાના છે, તેમની સામે આ કાર્યક્રમ રજૂ થશે તે મહેન્દ્રભાઈએ જણાવ્યું છે. સ્વર્ગસ્થ સવિતાબેન કનુભાઈ પટેલની સ્મૃતિમાં તેમને મનગમતા ભજન બીપીનભાઈ પટેલે રજૂ કર્યા હતા. સ્વર્ગસ્થ સવિતાબેનની પુત્રી શ્રીલતિકાએ જણાવ્યું કે સવિતાબેનને માર્ચ મહિનામાં એક વર્ષ થશે અને 30 વર્ષ સુધીનો સંસ્થા સાથે તેમને બધા સાથે આત્મીયતા હતા. તેમને ગમતું ભજન યશોમતી મૈયા સે પૂછે નંદલાલા ગીત બિપીનભાઈ રજૂ કર્યો હતુ અને બીજું પણ એક ભજન ગાય સંભળાવ્યું હતું. ત્યારબાદ ઈલાબેનના ગ્રુપે ઘર મોરે પરદેશીયા આવો પધારો પિયાનો ગરબો સુંદર રીતે રજૂ કર્યો હતો. જેમાં મધુરીબેન, હર્ષાબેન, પન્નાબેન, મીનાબેન અને સુનિતાબેને ભાગ લીધો હતો. આ સૌને તાળીઓથી સમાજે વધાવ્યા હતા.

હવે સમર ઋતુ આવતી હોવાથી ઉપપ્રમુખ પ્રવીણભાઈ મહેતાએ જણાવ્યું કે ઓટાવાનું ટ્યૂલિપ્સ ફેસ્ટિવલ ઘણું પ્રખ્યાત છે, તેવી રીતે ઈસ્ટ કોસ્ટના પણ પ્રવાસો થઈ શકે છે. જૂન મહિનામાં આનંદ મેળાનું પણ આયોજન નલિનબેન પટેલ તથા પુણિમાબેન પટેલ દ્વારા થનાર છે. જેમાં 18થી 20 ટેબલ રહેશે. ત્યારબાદ સુધાબેન પંચમતિયા લિખિત હાસ્ય રમુજી નાટક પપ્પા બીજી મમ્મી લાવે છે ખૂબ જ સુંદર રીતે રજૂ કરાયું હતુ. જેમાં કલાકારો બીપીનભાઈ પટેલ, જ્યોત્સ્નાબેન, સુશીલાબેન મોદી, પંકજભાઈ મહેતા, વિભૂતિબેન પટેલ, મનુભાઈ પટેલ, લાડકી વહુ ઉર્મિલાબેન પટેલે સરસ અભિનય કર્યો હતો. આ તકે જીતુભાઈ આજે આવેલા ડોનેશનનો તે બદલ ડોનોરોનો આભાર માન્યો હતો. બાદમાં દર વખતની જેમ છેલ્લું ગીત યે દોસ્તી હમ નહીં તોડેંગે રજૂ કરાયું હતુ.

# રેટ્રો લુક મેળવવા ટ્રાય કરો સનગ્લાસીસ

આંખને ગરમી અને ડસ્ટથી બચાવતા સનગ્લાસીસ આજે ફેશન એક્સેસરીઝનો ભાગ બની ગયાં છે, તેથી સિમ્પલ સનગ્લાસીસ ટ્રાય કરવાને બદલે સ્ટાઈલિશ ફ્રેમવાળાં અને કલરફુલ સનગ્લાસીસનું ચલણ વધ્યું છે. સનગ્લાસીસમાં પરફેક્ટ લુક મેળવવો હોય તો સનગ્લાસીસની પસંદગી ચહેરાના શેપ અનુસાર કરવી જોઈએ. એનાથી તમે તમારા લુકને વધારે સ્ટાઈલિશ બનાવી શકો છો. ઘણી વખત એવું બને છે કે યુવતીઓને ખબર જ નથી હોતી કે તેમના ઉપર કેવા પ્રકારનાં ચશ્માં સૂટ કરશે. તો આજે ચહેરા મુજબ કેવા સનગ્લાસીસની પસંદગી કરી શકાય એ જાણીએ.

### ડાયમંડ શેપ

જે યુવતીઓનો ચહેરો ડાયમંડ આકારનો હોય તેમના ફેસ ઉપર રેક્ટેંગલ શેપનાં સનગ્લાસીસ પરફેક્ટ લાગે છે. આ પ્રકારના શેપવાળા લોકોએ કેટ આઈવાળાં ચશ્માં ક્યારેય ન પહેરવાં જોઈએ. ડાયમંડ ફેસ ઉપર સૂટ નહીં કરે. ડાયમંડ શેપ ઉપર વધારે પડતાં મોટા કે વધારે પડતાં નાની સાઈઝનાં સનગ્લાસીસ કરતાં મીડિયમ સાઈઝનાં સનગ્લાસીસ વધારે સૂટ કરે છે.

### ગોળ ફેસ

જેમના ચહેરાનો આકાર ગોળ છે, તેમના માટે રાઉન્ડ શેપ ઓવરસાઈઝ સનગ્લાસીસ બેસ્ટ ઓપ્શન છે. આ પ્રકારનાં સનગ્લાસીસ પહેરવાથી ચહેરો ભરાવદાર લાગે છે. તમે એંગલ્ડ ચશ્માં પણ પહેરી શકો છો. ચહેરાને લાંબો બતાવવો હોય તો નેરો આઈગ્લાસ ફ્રેમ ખરીદવી જોઈએ. આ ઉપરાંત કેટ આઈવાળાં ચશ્માં પણ ગોળ ચહેરા ઉપર સૂટ થાય છે. સેમી રિમલેસ સ્ટાઈલ પણ ટ્રાય કરી શકો છો.

### ઓવલ ફેસ

જે યુવતીનો ચહેરો ઓવલ શેપ છે, તેઓ વોલનટ શેપ ફ્રેમ કેરી કરી શકે છે. આ પ્રકારની ફ્રેમ ચહેરાને લાંબો દેખાડવામાં મદદ કરે છે. ઓવલ ફેસ પર થોડી મોટી સાઈઝનાં સનગ્લાસીસ પહેરવાનું ટાળવું જોઈએ. એ તમારી સુંદરતાને ખતમ કરી દેશે. આવા ચહેરા પર રેક્ટેન્ગલ, ઓવલ, રાઉન્ડ, બટરફ્લાય ફ્રેમના સનગ્લાસીસ સ્ટાઈલિશ લાગે છે. ટૂંકમાં, ઓવલ ફેસ ઉપર સામાન્ય રીતે મોટાભાગનાં સનગ્લાસીસ સૂટ થાય છે. આ પ્રકારનાં ગ્લાસીસ તમારી પસંદ અને સ્કિન ટોન મુજબ ખરીદી શકો છો.

### સ્ક્વેર શેપ

ચહેરાની લંબાઈ અને પહોળાઈ એકસમાન હોય તો સ્ક્વેર ફેસ બને છે. આવા ચહેરા પર સ્ક્વેર શેપનાં મોટાં સનગ્લાસીસ આકર્ષક લાગે છે. આ પ્રકારના ફેસ પર કલર ફ્રેમવાળા ગ્લાસીસ, ઓવલ, રાઉન્ડ અને ટિયરડ્રોપ શેપમાં ચશ્માં ખરીદી શકો છો. તમે તમારી જાતને અલગ અંદાજ આપવા ઈચ્છો છો તો એ માટે ઓવલ શેપનાં મોટાં સનગ્લાસીસનો ઉપયોગ પણ કરી શકો છો. જેમનો ફેસ સ્ક્વેર શેપ છે તેમના ચહેરા ઉપર દરેક પ્રકારનાં સનગ્લાસીસ સૂટ કરતાં નથી એ વાતનું ખાસ ધ્યાન રાખવું. બીજું, ચહેરા ઉપર ટ્રાય કરીને જ સનગ્લાસીસની પસંદગી કરવી.




# 30 વર્ષથી અમારી સરકાર ન હોવાથી ગુજરાતની પ્રગતિ સ્થગિત

## અમદાવાદમાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિની બેઠક : સકારાત્મક ફેરફારો લાવવા અને વંચિત વર્ગોનો ઉત્કર્ષ સાધવા પ્રતિબદ્ધતા વ્યક્ત થઈ

**અમદાવાદ**

ગુજરાત સહિત દેશના ઘણાં રાજ્યોમાં અનેક દાયકાથી સત્તા પર આવી નહીં શકેલા કોંગ્રેસ પક્ષે કોંગ્રેસ પક્ષે ગુજરાતમાં તેના રાષ્ટ્રીય અધિવેશન દરમિયાન રાજ્યને લગતો વિશેષ ઠરાવ કર્યો અને આશ્ચર્યજનક રીતે એ ઠરાવમાં એવું લખવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે કે, કોંગ્રેસ પક્ષ ૩૦ વર્ષથી ગુજરાતમાં સત્તા પર નહીં હોવાથી ગુજરાતની પ્રગતિ સ્થગિત થઈ ગઈ છે! આઠ અને નવ એપ્રિલ દરમિયાન અમદાવાદ શહેરના સાબરમતી નદીના કિનારે યોજાયેલી અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ (એઆઈસીસી)ની ૮૬મી બેઠકમાં ગઈકાલે બુધવારે ગુજરાતને લગતો ખાસ ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. કોંગ્રેસના ૧૪૦ વર્ષના ઈતિહાસમાં આ પહેલી વાર છે જ્યારે ગુજરાતને લગતો વિશેષ ઠરાવ પસાર થયો છે.



આ ઠરાવમાં જણાવાયું છે કે ગુજરાતની આશાઓ અધૂરી રહી ગઈ છે અને કોંગ્રેસ_ ગુજરાતના વિકાસનું મુખ્ય કેન્દ્ર છે. ગુજરાતમાં સકારાત્મક ફેરફારો લાવવા, બંધારણીય હક્કો સુનિશ્ચિત કરવા. અને સમાજના તમામ વંચિત વર્ગોનો ઉત્કર્ષ સાધવા માટે પક્ષ પ્રતિબદ્ધ છે. મળતી માહિતી મુદબ આ ઠરાવમાં એવું પણ કહેવાયું છે કે ટેક્નોલોજીની મદદથી આધુનિક અને વિકસિત ગુજરાત સહિત ભારતનું નિર્માણ થશે, સાથે જ રાજ્યના કૃષિ, ઔદ્યોગિક અને સેવા ક્ષેત્રો તેમજ મહિલાઓના સશક્તિકરણ પર ધ્યાન આપવામાં આવશે. મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચારને દૂર કરવાનું કામ થશે. પક્ષના આ ઠરાવમાં સ્પષ્ટ કરાયું છે કે કોંગ્રેસનો ઉદ્દેશ સત્તા હડપવી નથી, પરંતુ ગાંધી અને પટેલના વિચારો સાથે સેવાની ભાવના જાળવવાનો છે. દરેક કાર્યકર્તા લોકોની વચ્ચે જઈને સેવા કરશે. (અને જે) સરકાર બનશે તો બંધારણની કલમ ૧૪ હેઠળ સમાન ન્યાયના સિદ્ધાંત સાથે કામ થશે. આદિવાસીઓને જન-સંપત્તિ પર પૂરો અધિકાર મળશે અને પેસા કાયદાને સંપૂર્ણ અમલ થશે. કોંગ્રેસ પક્ષ દ્વારા પસાર કરવામાં આવેલા આ ઠરાવ પ્રમાણે સરકાર બનશે તો જાતિ આધારિત વસ્તી ગણતરી _કરાશે. દલિતો, આદિવાસીઓ, પછાત વર્ગો, લઘુમતીઓ અને ગરીબોને સામાજિક ન્યાયનો હક મળશે. પશુપાલકોના ગૌચરોનું રક્ષણ થશે અને ગૌચરોની સંખ્યા વધારવામાં આવશે.

# ગુજરાત મોડેલ માત્ર વાતો, મહિલાઓ પર થાય છે અત્યાચાર : ગેનીબેન ઠાકોર

**અમદાવાદ** : અધિવેશન પહેલાં કોંગ્રેસના ફાયરબ્રાન્ડ નેતા અને સાંસદ ગેનીબેન ઠાકોરે જણાવ્યું હતું કે 64 વર્ષ બાદ ગુજરાતમાં અધિવેશનનું આયોજન થઈ રહ્યું છે, અધિવેશનના માધ્યમથી અનેક ઠરાવો થવાના છે અને ઠરાવોના માધ્યમથી કોંગ્રેસના લોકો છેવાડાના માણસ સુધી જશે. કોંગ્રેસની જે ગાંધી વિચારધારા છે તે લોકો સુધી પહોંચે અને આગામી સમયમાં લોકોની સુખાકારીમાં અગ્રેસર રહીશું. ગેનીબેન ઠાકોર સોનિયા ગાંધીનો આભાર માન્યો હતો અને કહ્યું કે આગામી દિવસોમાં જે પ્રસ્તાવ મૂક્યો છે તેને આગામી દિવસોમાં આગળ વધારવામાં આવશે. ભલે હાલ કોંગ્રેસ સત્તામાં ના હોય પરંતુ અમે કામ કરીશું



અને 2027માં ગુજરાતમાં કોંગ્રેસ જીતશે. ગેનીબેન ઠાકોરે ગુજરાત સરકાર પર પ્રહાર કરતાં કહ્યું હતું કે ભાજપ પ્રાઈવેટ લિમિટેડ કંપની બની છે. ગુજરાત મોડલની ખાલી વાતો જ થાય છે, ગુજરાતમાં હજુ પણ કુપોષિત બાળકો જન્મે છે. મહિલાઓ પર અત્યાચાર વધ્યા છે, પરંતુ કોઈ પગલાં લેવાતા નથી

## બંધારણની આઝાદીની લડાઈ ઉગ્ર બનાવવા સંકલ્પ

**અમદાવાદ**

કોંગ્રેસના અધિવેશનના એક દિવસ પહેલા કોંગ્રેસ વર્કિંગ કમિટીએ ભવિષ્યની રૂપરેખા, જિલ્લા કોંગ્રેસ કમિટીઓને સશક્ત બનાવવા સહિત સંગઠનની મજબૂતી, જવાબદારી નક્કી કરવા અને આગામી વિધાનસભા ચૂંટણીઓની તૈયારીઓ પર મંથન કર્યું હતું. વિસ્તૃત કાર્ય સમિતિની આ બેઠકમાં અધિવેશન સંબંધિત પ્રસ્તાવો પર વિચાર-વિમર્શ કરાયો હતો. ત્યારબાદ CWCની બેઠકમાં બંધારણની આઝાદીની લડાઈ ઉગ્ર બનાવવા સંકલ્પ કરાયો હતો.

# સરદાર અને નહેરુ વચ્ચે વિખવાદ હોવાનું ભાજપ-સંઘે જુઠાણું ચલાવ્યું

અમદાવાદ : અમદાવાદમાં યોજાયેલા અધિવેશનના પ્રથમ દિવસે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સરદાર પટેલ અને તેના વારસા મુદ્દેની લડતની આગને ફરી પ્રજ્વલીત કરી હતી. સરદાર-નહેરુનો મુદ્દો ફરી છંછેડતા આક્ષેપ લગાવ્યો હતો કે સંઘ અને ભાજપ નેહરૂ અને સરદાર પટેલને એક બીજાના દુશ્મન તરીકે ચિત્રે છે. પરંતુ ખરેખર



સરદાર પટેલ અને જવાહરલાલ નેહરૂ એક સિક્કાની બે બાજુ સમાન છે.ખડગેએ ગંભીર આક્ષેપો સાથે ભાજપ અને સંઘ પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે રાષ્ટ્રીય લડવૈયાઓ સામે આરએસએસ અને ભાજપનું આયોજનબદ્ધ કાવતરું છે. નેહરૂ અને સરદાર બંને પોતાને એક બીજા સાથે ખૂબ જ આનંદીત મહેસૂસ કરવા ઉપરાંત સાથે એક બીજા સાથેનું જોડાણ સાનુકુળ માનતા હતા. સરદાર-નેહરૂ ખરેખર એક સિક્કાની બે બાજુ સમાન હોવા છતાં ભાજપ-આરએસએસ દ્વારા તેઓને એક બીજાના દુશ્મન તરીકે ગણવાનું કાવતરુ કરાયું છે. ભાજપ અને સંઘ એવી વાતો ફેલાવે છે કે, છે કે સરદાર પટેલે જે માન-સમ્માનને હકાદર હતા તે તેમને કોંગ્રેસ દ્વારા અપાયુ નથી.

# 2027માં ગુજરાતમાં સરકાર બનાવવાનો કોંગ્રેસનો દાવો : ભાજપે કહ્યું કે, 64 વર્ષે ગુજરાત યાદ આવ્યું

## દેશ પર સંકટ આવ્યા ત્યારે ગુજરાતે રસ્તો બતાવ્યો છે, પડકારોનો સામનો કરીશું : ખેરા

**અમદાવાદ**

અમદાવાદના સાબરમતી નદીને કિનારે કોંગ્રેસનું અધિવેશન ચાલી રહ્યું છે ત્યારે પવન ખેરાએ મીડિયા સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે 'આખા દેશમાં ઉદાસીનો માહોલ અને અંધારપટ છવાયેલો છે. દલિત, આદિવાસી, પછાત વર્ગ અને મહિલાઓ સાથે અન્યાય થઈ રહ્યો છે.' દેશના ભવિષ્ય વિશે વાત કરતાં પવન ખેરાએ કહ્યું હતું કે 'કોંગ્રેસ તરફ જોઈ રહ્યો છે અને કોંગ્રેસ ગુજરાત તરફ જોઈ રહી છે. જ્યારે પણ દેશમાં અંધકાર અથવા સંકટના વાદળો છવાયા છે, ત્યારે ગુજરાતે રસ્તો બતાવ્યો છે. 3 દાયકાથી ગુજરાતમાં કોંગ્રેસ સત્તાથી દૂર છે. કોંગ્રેસ ગુજરાતમાં ન્યાય પથ પર ચાલીને પરિવર્તન લાવશે અને આગામી 2027ની ચૂંટણીમાં ગુજરાતમાં કોંગ્રેસ જીતશે.' આઝાદીના આંદોલનમાં પણ ગુજરાતે જ દિશા બતાવી હતી. અમે ફરીથી ઉર્જા લઈને આ પડકારોનો સ્વીકાર કરીશું. બીજી બાજુ કોંગ્રેસના અધિવેશન અંગે રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માએ કોંગ્રેસ અધિવેશન પર આકરા પ્રહાર કરતાં કહ્યું હતું કે '64 વર્ષ બાદ કોંગ્રેસને ગુજરાત યાદ આવ્યું છે. કોંગ્રેસ શાંત પાણીમાં કાંકરા નાખવાનું કામ કરી રહી છે. કોંગ્રેસ પરિવારવાદથી જ ચાલે છે. ભાજપના રાજમાં ગુજરાતમાં વિકાસ થઈ રહ્યો છે. આજે પણ કોંગ્રેસના નેતાઓ શેખચિલ્લીના સપનાં જુએ છે. આગામી 20 વર્ષ સુધી ગુજરાતમાં કોંગ્રેસ સરકાર બનવાની કોઈ સંભાવના નથી.

# બધાને નોકરી નથી મળવાની, તંત્ર બરાબર નથી : વસાવાની હૈયાવરાળ

**ભરૂચ**

ભારતીય જનતા પાર્ટી દ્વારા તેના સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે ગુજરાતની તમામ 182 વિધાનસભા બેઠકો પર સક્રિય કાર્યકર્તા સંમેલન યોજાઈ રહ્યા છે. જે અંતર્ગત નર્મદાની નાંદોદ વિધાનસભા મતવિસ્તાર ભાજપનું સક્રિય કાર્યકર્તા સંમેલન રાજપીપળા ટાઉન હોલ ખાતે યોજાયું હતું. આ પ્રસંગે મનસુખ વસાવા આક્રમણ મૂડમાં જોવા મળ્યા હતા. ભાજપના સાંસદે હૈયાવરાળ ઠાલવતાં સરકારની પોલ ઉઘાડી પાડી દીધી હતી. તેમણે કહ્યું હતું કે બધાને નોકરી મળવાની નથી, નીચેનું તંત્ર બરાબર નથી. એક ક્લાર્કની પરીક્ષામાં પાસ થવા કેટલી તકલીફ પડે છે, એના માટે મહેનત તો કરવી પડે છે, પણ બધાને નોકરી નથી મળવાની..તો બાકીના બધા કોઈને કોઈ અભ્યાસમાં જોડાઓ. આઈટીઆઈ કરો, ઘરના આંગણે નોકરી નથી મળવાની, આસપાસ ઉદ્યોગો છે, 100 કિલોમીટર દૂર જવું પડશે. ટ્રાયબલ યુનિવર્સિટીની જાહેરાત થઈ છે પણ કામ હજુ પ્રગતિમાં નથી, લોકોમાં SOU માટે જે કરંટ છે તે ટ્રાયબલ યુનિવર્સિટી માટે નથી. જેટલું કામ થવું જોઈએ તે દેખાતું નથી.

# ગાંધી આશ્રમના સ્થાપક માલજીભાઈ, તેમના પુત્ર પર હુમલાનો પ્રયાસ

**પાટણ**

ગુજરાતના પાટણ જિલ્લાના ઝીલિયા ગાંધી આશ્રમ ખાતે ગુરૂવારે (10 એપ્રિલ) પદ્મશ્રીથી સન્માનિત માલજીભાઈ દેસાઈ અને તેમના પુત્ર લાલભાઈ દેસાઈ પર હુમલાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં આશ્રમમાં ફરજ બજાવતા એક ક્લાર્કે પોતાના ભત્રીજાને નોકરીએ રાખવાની બાબતે હોબાળો મચાવ્યો હતો. કલાર્કે અન્ય બે વ્યક્તિઓ સાથે મળીને ધોકાલાકડીઓ લઈ આશ્રમમાં પ્રવેશ કર્યો અને તોડફોડ કરી હતી. આ દરમિયાન માલજીભાઈ દેસાઈ અને લાલભાઈ દેસાઈને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી. આશ્રમની આસપાસના લોકો તુરંત ઘટનાસ્થળે દોડી આવતા ત્રણેય આરોપીઓ ભાગી ગયા હતાં. સમગ્ર ઘટના બાબતે ચાણસ્મા પોલીસને જાણ કરતાં પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી.

# અમદાવાદમાં બાળકી ઉપર દુષ્કર્મના પ્રયાસ બાદ હત્યા, માથા પર ઈંટો મારી

**અમદાવાદ**

અમદાવાદના બાવળા સરખેજ હાઈવે રોડ ચાંગોદર ખાતે ત્રણ દિવસ પહેલા 6 વર્ષની બાળકી સાથે દુષ્કર્મનો પ્રયાસ બાદ હત્યાની ઘટના સામે આવી હતી. આરોપી ચાંગોદરમાં રસ મધુર કંપનીની પતરાની ઓરડીમાં 6 વર્ષની બાળકીને બિસ્કિટ બતાવી લઈ ગયો હતો અને બાળકી સાથે દુષ્કર્મનો પ્રયાસ કરીને માથાના ભાગે ઈંટનો ટુકડો મારીને હત્યા કરી હતી. સમગ્ર મામલે અમદાવાદ ગ્રામ્ય પોલીસ અને સાણંદ ડિવિઝનની 60ની પોલીસકર્મીની 6 ટીમએ સીસીટીવી, ડોગસ્કોડની મદદથી 14 કલાકમાં આરોપીને ઝડપી પાડ્યો હતો.

અમદાવાદના બાવળા સરખેજ હાઈવે રોડ ચાંગોદરમાં ગત 7 એપ્રિલ, 2025ના રોજ 6 વર્ષની બાળકીને બિસ્કિટ આપવાનું કહીને આરોપી વિન્દ્રકુમાર છોટાલાલસિંઘ મોજીસાવ (ઉ.વ. 30) પતરાની ઓરડીમાં લઈ ગયો હતો અને બાળકીને શારીરિક અડપલા કરીને દુષ્કર્મનો પ્રયાસ કર્યો હતો. તેવામાં બાળકી બુમા બુમ કરતા આરોપીએ માથામાં ઈંટનો ટૂકડો મારીને બાળકીની હત્યા કરી હતી. અમદાવાદ પોલીસે દુષ્કર્મનો પ્રયાસ-હત્યાના કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને 14 કલાકમાં જ આરોપીને ઝડપી પાડ્યો હતો.

# મહેસાણામાં સગીરાની હત્યા કરનારા યુવકને આજીવન કેદની સજા

**મહેસાણા**

સાંથલ ગામે રહેતો મહેન્દ્ર ઉર્ફે કાળીયો અમરતભાઈ રાવળ વર્ષ ૨૦૨૨માં એક સગીરાને પ્રેમ સંબંધ રાખવાનું કહીંને હેરાન કરતો હતો. દસેક દિવસ સુધી ચાલેલી તેની આ હરકત અંગે સગીરાએ પરિવારજનોને જાણ કરતાં તા. ૨૮-૦૮-૨૦૨૨ના રોજ તેણીના પરિવારજનોએ મહેન્દ્ર ઉર્ફે કાળિયાના ઘરે જઈને તેને ઠપકો આપ તાં તેણે સગીરાને પતાવી દેવાની અને તેના ટુકડે ટુકડા કરી દેવાની ધમકી આપી હતી. બીજા દિવસે તા. ૨૯-૦૮-૨૦૨૨ના રોજ સવારે સગીરા તેના ઘર આગળ ચોકડીમાં બ્રશ કરતી હતી ત્યારે મહેન્દ્ર લોખંડનું ધારિયું લઈને ત્યાં આવ્યો હતો અને ઘા મારવા લાગ્યો હતો. જે બાદ સગીરાનું મોત થયું હતું. આ કેસમાં મહેસાણાની કોર્ટે મહેન્દ્ર ઉર્ફે કાળીયો રાવળને આજીવન કેદની સજા ફટકારી છે.

# નકલી નોટો છાપવાના કૌભાંડના તાર ગુજરાત સુધી ફેલાયેલા

## તેલંગાણામાં બે શખ્સોને તાલીમ આપી રૂા.75 લાખની નકલી ચલણી નોટો છાપી : હૈદરાબાદનો હુસેન પીરા પણ સકંજામા

**દાહોદ**

રાજસ્થાનના બાસવાડામાં નકલી ચલણી નોટો છાપવાનું કૌભાંડ ગુજરાત ઉપરાંત તેલંગાણામાં પણ ફેલાયું હોવાનું બહાર આવ્યું છે. ઝાલોદના શખ્સે બનાવટી નોટ છાપવાની ટ્રેનિંગ લીધા બાદ તેના મિત્રની મદદથી દાહોદના ભાડાના મકાનમાં બનાવટી નોટ પ્રિન્ટ કરી હતી. નકલી નોટો છાપવાના કૌભાંડમાં ચોંકાવનારી વિગતોનો પર્દાફાશ થયો છે. તેલંગાણામાં નકલી નોટો છાપીને દેશને આથક નુકસાન પહોંચાડનાર આંતરરાજ્ય સિન્ડિકેટનો પર્દાફાશ થયો છે.

પોલીસે જણાવ્યું હતું કે તેલંગાણાની ગેંગે મોટા નફાની લાલચ આપીને બાંસવાડાના આદિવાસીઓને પોતાની સાથે જોડી તેમને નોટો છાપવાની તાલીમ આપી હતી. ત્યારબાદ તેમના દ્વારા જ આ નોટોને બજાર સુધી પહોંચાડવા માટે આખી સિન્ડિકેટ ઊભી કરી હતી. તેલંગાણામાં જ ૭૫ લાખ, દાહોદમાં ૪ લાખ



અને બાંસવાડામાં ૩.૬૧ લાખની નકલી નોટો છાપીને પોતાના સાથીઓની મદદથી બજારમાં ફરતી કરવામાં આવી હોવાનો પર્દાફાશ પોલીસ તપાસમાં થયો છે. લેપટોપ અને પ્રિન્ટરની મદદથી ૫૦૦, ૨૦૦ અને ૧૦૦ની અસલ જેવી દેખાતી નોટો છાપી રહ્યા હતા. આખા સિન્ડિકેટનો માસ્ટરમાઈન્ડ મૂળ કર્ણાટકના રાયપુર, મુકરમગંજનો હુસૈન પીરા ઓસમાન સાબ નામની વ્યક્તિનું નામ બહાર આવ્યું છે. તેલંગાણામાં તેના જ ફ્લેટમાં બાંસવાડાના બે વ્યક્તિઓને તાલીમ આપવામાં આવી. પોલીસ તેની શોધ કરી રહી છે. સિન્ડિકેટના અત્યાર સુધી ૧૧ શખ્સોની ધરપકડ થઈ છે. તેમની પાસેથી એક લેપટોપ, ૩ પ્રિન્ટર અને ૩.૬૧ લાખની નકલી નોટો જપ્ત કરવામાં આવી છે. પોલીસ તપાસમાં ગુજરાત, રાજસ્થાન અને તેલંગાણામાં નકલી નોટો છાપવાનું ખુલ્યું છે. નકલી નોટો છાપવાનું કૌભાંડ છેલ્લા અઢી ત્રણ વર્ષથી કાર્યરત હોવાનું જણાયું છે. વિદેશી એજન્સીની ભૂમિકાની પણ સંભાવના હોવાથી આ એંગલથી તપાસ કરવામાં આવી રહી છે.

# બીજી પત્ની પણ પેન્શનની હકદાર ગુજરાત હાઈકોર્ટનો મહત્ત્વનો આદેશ

### સરકારી કર્મચારીના લગ્ન નિવૃત્ત થયા પહેલાં થયેલા હોવા જોઇએ

**અમદાવાદ**

ગુજરાત હાઈકોર્ટે એક મહત્વનો ચુકાદો સંભળાવ્યો હતો. જેમાં કોર્ટે બીજી પત્નીને પણ પતિના પેન્શનમાંથી હિસ્સો અપાવ્યો હતો. પતિના મૃત્યુ બાદ ફેમિલી પેન્શનની રકમ મેળવવા માટે વિધવા પત્નીઓ વચ્ચેના કાનૂની કેસનો કિસ્સો હાઇકોર્ટ સમક્ષ આવ્યો હતો. સરકારી નોકરીમાંથી નિવૃત થતાં પહેલાં વ્યક્તિએ બે મહિલા સાથે લગ્ન કર્યા હોય એવા સંજોગોમાં કોઈ એક પત્નીને કે પછી બંને પત્નીઓને ફેમિલી પેન્શન મળે એવા કાયદાકીય પ્રશ્નનો જવાબ આપતાં હાઈકોર્ટે નોંધ્યું હતું કે, ગુજરાત સિવિલ સર્વિસિસ પેન્શન રૂલ્સ, 2002ના નિયમ સ્પષ્ટ કરે છે કે ફેમિલી પેન્શન એકથી વધુ વિધવાને ચુકવવાનો વારો આવે ત્યારે વિધવાઓને સરખાં ભાગે ચૂકવણી કરવાની રહે. એટલે કે, ફેમિલી પેન્શન એક જ પત્નીને આપવા માટેનું કોઈ બંધન નથી.પહેલી પત્ની પેન્શનની હકદાર છે કે બીજી પત્ની એની સ્પષ્ટતા રૂલ્સમાં નથી.

# કોર્ટમાં ધમાલ મામલે ફરજમાં બેદરકાર 3 મહિલા સહિત 4 કોન્સ્ટેબલ સસ્પેન્ડ

## 3 દિવસ પૂર્વે નશાખોર શખ્સએ કોર્ટ પરિસરમાં હંગામો મચાવ્યો હતો

**ભાવનગર**

ભાવનગર કોર્ટ સંકુલમાં ગત સોમવારના રોજ નશીલી હાલતમાં મુદતે આવેલા કિશોરસિંહ ઉર્ફે ત્વિક રાજેન્દ્રસિંહ ગોહિલે કોર્ટમાં પ્રવેશ કર્યો હતો.અને કોર્ટ કમ્પાઉન્ડમાં ધમાલ મચાવી હતી. આ પણ અધુરૂં હોય તેમ જજની ચેમ્બરમાં બારણાને પાટા મારી મુદત આપવાની માંગણી કરી હતી. દરમિયાનમાં ગંગાજળિયા પોલીસે આવી આ શખ્સને પકડી તેના વિરૂધ્ધ કેફી પીણું પીધાનો પ્રોહી. એક્ટ તળે ગુનો નોંધ્યો હતો. બીજી તરફ, આ ઘટનાના પગલે ન્યાય સંકુલમાં પોલીસ સુરક્ષામાં વ્યપાક છીંડા હોવાના આરોપ સાથે ભાવનગર બાર એસોસિએશનના સભ્યોએ ઉગ્ર ફરિયાદો કરી હતી. અને તાકિદે કોર્ટ સંકુલમાં સઘન સુરક્ષા ગોઠવવા માંગ કરી હતી. બનાવ બાદ પોલીસ અધિકારીઓએ કોર્ટ સંકુલની આકસ્મિક મુલાકાત લીધી હતી. જયારે, ત્રણ દિવસ પૂર્વે કોર્ટ સંકુલમાં નશાખોર દ્વારા દંગલ મચાવવાના મામલે ફરજમાં બેદરકારી દાખવવા બદલ ભાવનગર પોલીસ હેડ કર્વાટરના મહિલા પોલીસ કોન્સ્ટેબલ જલ્પાબેન બાલાભાઈ પડયા, જાગૃતિબેન ભગવાનભાઈ જાની,ઉમલાબેન સોનુભાઈ અને પોલીસ કોન્સ્ટેબલ જીતેન્દ્રભાઈ વલ્લભભાઈ મકવાણાને સસ્પેન્ડ કરતો હુકમ કર્યો હતો. આ હુકમના પગલે પોલીસ બેડામાં ભારે ચર્ચા જાગી છે.

# અમદાવાદમાં એસીબીની ટ્રેપ : બે અધિકારી રૂપિયા 15 લાખની લાંચ લેતા ઝડપાઈ ગયા

**અમદાવાદ**

રાજ્યમાં ભ્રષ્ટાચારી બાબુઓ અવાર-નવાર લાંચ લેતાં પકડાતા હોય છે. ત્યારે એન્ટિ કરપ્શન બ્યુરો દ્વારા છટકું ગોઠવી લાંચિયા આરોગ્ય અધિક સચિવ દિનેશ પરમાર અને નિવૃત્ત ડીન ગિરીશ પરમારને લાંચ લેતા રંગહાથ ઝડપી પાડવામાં આવ્યા હતા. ફરિયાદીના તરફેણમાં કામગીરી કરવા માટે ફરિયાદી અને તેમના ડૉક્ટર મિત્ર પાસે 30 લાખ રૂપિયાની મસમોટી લાંચ માંગી હતી..

ફરિયાદી જેઓ અગાઉ ભાવનગર ખાતે નાયબ નિયામક તરીકે ફરજ બજાવતા હતા. તે દરમિયાન તેઓના દ્વારા આરોગ્ય વિભાગનાં સ્ટાફ સામે બોગસ મેડિકલ પ્રેક્ટિસ બાબતે શિક્ષાત્મક કાર્યવાહી કરી હતી. જેથી ફરિયાદી સામે ખંડણી માંગણીની ફરિયાદ કમિશનર આરોગ્ય વિભાગને કરવામાં આવી હતી અને ફરિયાદી તથા તેઓના સાથી ડોકટરને ફરજ મોકુફ પર ઉતારી દેવામાં આવ્યા હતા.

આ સમયગાળા દરમ્યાન ગિરીશભાઈ જેઠાલાલ પરમાર જે સરકારી ડેન્ટલ કોલેજ, અસારવા અમદાવાદ ખાતેના નિવૃત્ત ડીન હતા. તેમણે ફરિયાદીનો સંપર્ક કરીને ફરિયાદી તથા તેમના સાથી ડોકટર બન્ને વિરૂદ્ધની પ્રાથમિક તપાસનાં કામે તરફેણમાં કાર્યવાહી કરાવવા માટે દીનેશભાઈ પરમાર, અધીક સચીવ, વર્ગ-1 આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સાથે મીટિંગ કરવા બોલાવ્યા હતા. જેથી ફરિયાદી અને તેમના સાથી ડોકટર મિત્ર ગાંધીનગર ખાતે જઈને ગિરીશ પરમાર અને દિનેશ પરમારને રૂબરૂમાં મળી વાતચીત કરી હતી. આ દરમિયાન બન્ને આરોપીઓએ તેમની પાસેથી રૂ. 30,00,000/- ની લાંચની માંગણી કરી હતી. જેમાં તે પૈકી રૂ.15,00,000/- એડવાન્સ અને બાકીના ફરિયાદીનું કામ થઈ ગયા પછી આપવાનો વાયદો કરવામાં આવ્યો હતો.

# રસજયોગિની દાદી રતનમોહિનીનું 101 વર્ષની ઉંમરે અમદાવાદમાં નિધન

**અમદાવાદ**

બ્રહ્માકુમારીના પ્રમુખ રસજયોગિની દાદી રતનમોહિનીનું સોમવારે મોડી રાત્રે 1:20 વાગે નિધન થઈ ગયું હતું. તેમણે 101 વર્ષની ઉંમરમાં અંતિમ શ્વાસ લીધા હતા. તે ઘણા સમયથી બિમાર હતા અને અમદાવાદની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. બ્રહ્માકુમારીઝના ઓફિશિયલ ફેસબુક એકાઉન્ટ પરથી પોસ્ટ કરીને પુષ્ટિ કરવામાં આવી છે.

ફેસબુક પર લખ્યું છે કે ‘અમારી પરમ આદરણીય, મમતામયી માં સમાન રાજયોગિની દાદી રતન મોહિનીના અથક આધ્યાત્મિક સેવાના જીવન બાદ 101 વર્ષની ઉંમરે ધીમે-ધીમે સૂક્ષ્મ



લોકોમાં પ્રવેશ કર્યો છે. દાદાજી 2021થી બ્રહ્માકુમારીઝના વહિવટી વડા હતા. 25 માર્ચ 1925ના રોજ સિંધ હૈદરાબાદના એક સાધારણ પરિવારમાં તેમનો જન્મ થયો હતો. માતા-પિતાએ તેમનું નામ લક્ષ્મી રાખ્યું હતું. પરંતુ તે સમયે કોઈએ પણ વિચાર્યું ન હતું કે આ છોકરી આધ્યાત્મા અને નારી શક્તિનો જગમગતો તારો બનીને જગતને રોશન કરશે.

# રાહુલ ગાંધી 15 એપ્રિલે ફરી આવશે ગુજરાત, સંગઠન અંગે લેશે નિર્ણય: કે.સી. વેણુગોપાલ


**અમદાવાદ**

કોંગ્રેસના તમામ દિગ્ગજ નેતા હાલ અમદાવાદમાં છે. ટાર્ગેટ પહેલા ગુજરાત ચૂંટણી છે, જેના દમ પર જ કોંગ્રેસ આગળની રણનીતિ તૈયાર કરશે. રાષ્ટ્રીય અધિવેશન અને કોંગ્રેસ વર્કિંગ કમિટી(CWC)ની બેઠકમાં કોંગ્રેસે અનેક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધા છે. બેઠક બાદ પત્રકારો સાથે વાત કરતાં AICCના મહાસચિવ કે. સી. વેણુગોપાલે કહ્યું હતું કે, ‘રાહુલ ગાંધીના ગુજરાત પ્રવાસનો વધુ એક કાર્યક્રમ તૈયાર કરાયો છે. 15 એપ્રિલે રાહુલ ગાંધી ફરી ગુજરાત આવશે. રાહુલ ગાંધીની હાજરીમાં નવા સંગઠનની ચર્ચા થશે. નવા પ્રમુખ અને સંગઠન પર ભાર મૂકાશે. જેમાં જિલ્લા પ્રમુખોની નિમણૂક કરાશે અને તાલુકા માળખાનું પણ નવેસરથી સંગઠન કરાશે.’

# ગુજરાતમાં એક વર્ષમાં રાજકીય પક્ષોને રૂ. 404 કરોડનું દાન, ભાજપને સૌથી વધુ 401 કરોડ

**અમદાવાદ**

ગુજરાતમાં રાજકીય પક્ષોને એક વર્ષમાં 404.512 કરોડ રૂપિયાનું દાન મળ્યું છે. એક વર્ષમાં રાજકીય પક્ષોને મળેલા કુલ ડોનેશનમાંથી 99 ટકા જેટલું તો માત્ર ભારતીય જનતા પાર્ટી (BJP)ને પ્રાપ્ત થયું છે. ભાજપને એક વર્ષમાં દાન પેટે 401.982 કરોડ રૂપિયા, જ્યારે કોંગ્રેસને 2.455 કરોડ રૂપિયાનું દાન મળેલું છે. એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રીફોર્મ્સ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત અનુસાર, નાણાકીય વર્ષ 2023-24માં ભાજપને કોર્પોરેટ જૂથ-બિઝનેસ હાઉસ પાસેથી કુલ 1373 ડોનેશન પ્રાપ્ત થયેલા છે. જેમાં તેમને કુલ 365.114 કરોડનું દાન મળેલું છે. આમ, ભાજપને એક વર્ષમાં જે કુલ દાન મળ્યું છે તેમાંથી 90 ટકાથી વધુમાં કોર્પોરેટ જૂથ-બિઝનેસ હાઉસનું યોગદાન છે. જેની સરખામણીએ કોંગ્રેસને 6 કોર્પોરેટ જૂથ પાસેથી 2.027 કરોડ રૂપિયાનું દાન મળેલું છે. બીજી તરફ આપને 3 કોર્પોરેટ જૂથ પાસેથી દાન પ્રાપ્ત થયું છે. ભાજપને 736 વ્યક્તિગત પાસેથી 36.798 કરોડ રૂપિયાનું દાન મળ્યું હોવાની વિગત સામે આવી છે. કોંગ્રેસને વ્યક્તિગત તરફથી 30 જેટલા દાન મળેલા છે. રાજકીય પક્ષોને દાન આપવામાં બિલ્ડરો-કોન્ટ્રાક્ટરો મોખરાનું સ્થાન ધરાવે છે.



### પાનકાર્ડ વગર દાતાઓએ ભાજપને 1.33 કરોડ આપ્યા

અમદાવાદ, સોમવાર પાન કાર્ડ વગર બેંકમાં પોતાના ખાતામાં જ નાણા જમા થઈ શકતા નથી કે લોન મેળવી શકાતી નથી, પરંતુ રાજકીય પક્ષોને દાન મળી શકે છે. 2023-24માં ગુજરાતમાંથી પાનકાર્ડ વગર ભાજપને 1.33 કરોડ રૂપિયાનું દાન મળ્યું છે. જેમાંથી બહુ ઓછી જાણીતી નારાયણ રિયલ્ટી એન્ડ સાઈરૂચી નામની કંપનીએ એકલા 50 લાખ ડોનેશન કર્યું છે.

# મણિપુરમાં ફરી એકવાર કર્ફ્યૂ લદાયું, સ્કૂલ-બજાર-દુકાનો બંધ

## એક વ્યક્તિએ મોબાઈલ ટાવર પર ચઢીને જોમી ધ્વજ જમીન પર ફેંકતા વિવાદ થયો, રાષ્ટ્રપતિ શાસન લાગુ થવા છતાં સ્થિતિ બેકાબૂ


ઈમ્ફાલ

મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ થયા છતાં પરિસ્થિતિ કાબુમાં આવી રહી નથી. મણિપુરમાં ફરી એકવાર કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. ચુરાચાંદપુર જિલ્લામાં કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. આદેશમાં કહેવામાં આવ્યું છે કે, ચુરાચાંદપુર અને કાંગવાઈ, સમુલામલન, સાંગાઈકોટ સબ-ડિવિઝનના બે ગામોમાં 17મી એપ્રિલ સુધી સંપૂર્ણ કર્ફ્યુ નિયમો લાગુ રહેશે, પરંતુ બાકીના વિસ્તારોમાં, આવશ્યક ચીજવસ્તુઓ અને સેવાઓ માટે 17મી એપ્રિલ સુધી સવારે 6થી સાંજે 5 વાગ્યા સુધી કર્ફ્યુંમાં છૂટ આપવામાં આવશે.

અહેવાલો અનુસાર, 18મી માર્ચે ચુરાચાંદપુરમાં જોમી અને હમારના સમર્થકો સામસામે આવી ગયા હતા. બે જૂથો વચ્ચે થયેલી અથડામણમાં એક વ્યક્તિનું મોત થયું હતું. અનેક લોકો ઈજાગ્રસ્ત પણ થયા હતા. એક વ્યક્તિએ મોબાઈલ ટાવર પર ચઢીને જોમી ધ્વજ ઉતારી જમીન પર ફેંકી દીધો, જેના કારણે વિવાદ થયો હતો.

પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, બંને ગામના અધિકારીઓએ એક બેઠક બોલાવી હતી. આ બેઠકમાં કર્ફ્યુ લાદવાનો નિર્ણય લેવામાં આવ્યો. લોકોને શાંતિ જાળવવા અને સોશિયલ મીડિયા પર અફવાઓ ન ફેલાવવા અપીલ કરાઈ હતી. આ બેઠકમાં બીજો નિર્ણય લેવામાં આવ્યો કે બંને ગામો વચ્ચે જમીનના વિવાદનો ઉકેલ વાતચીત દ્વારા લાવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, મણિપુરમાં ફેબ્રુઆરી મહિનામાં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું હતું, કારણ કે મે 2023થી રાજ્યમાં કુકી અને મૈતેઈ સમુદાયો વચ્ચે વિવાદ ચાલી રહ્યો હતો, જેના કારણે હિંસામાં લગભગ 250 લોકો માર્યા ગયા હતા.



# બિહારમાં MLAના ભાણેજ અને જેડીયુ નેતાની ગોળી મારી હત્યા

પટના

બિહારમાં જેડીયુ નેતાની ગોળી મારી હત્યા કરી દેવાયાનો મામલો સામે આવ્યો છે. ખગરિયા જિલ્લાના બેલદૌરથી જદયુના ધારાસભ્ય પન્નાલાલ સિંહ પટેલના ભાણેજ કૌશલ સિંહની બુધવારે સાંજે બદમાશોએ ગોળી મારી હત્યા કરી દીધી હતી. આ ઘટના ચૌથમ પોલીસ સ્ટેશનની હદમાં આવતા ગોડાઉન નજીક બની હતી.

મૃતકની ઓળખ જેડીયુના જિલ્લા મહાસચિવ કૌશલ સિંહ તરીકે થઈ હતી. હત્યાનું કારણ પારિવારિક વિવાદ મનાઈ રહ્યું છે. ઘટના બાદ એસ.પી.એ નેક્ટર હોસ્પિટલ પહોંચીને તપાસ હાથ ધરી હતી. કૌશલ સિંહની પત્નીનું કહેવું છે કે હું અને મારો પતિ બાઈક પર ગોડાઉન જઈ રહ્યા હતા. તે સમયે નેશનલ હાઈવે નંબર 107 પર મારા પતિનો ભત્રીજો ત્યાં આવી પહોંચ્યો અને તેણે સીધી ગોળી ધરબી દીધી. ઘટના બાદ તાત્કાલિક ધોરણે કૌશલ સિંહને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ડૉક્ટરોએ સારવાર વચ્ચે તેમને મૃત જાહેર કરી દીધો હતો. ઘટના બાદ એસપી ખુદ નેક્ટર હોસ્પિટલ પહોંચી ગયા હતા અને સમગ્ર મામલાની તપાસ શરૂ કરી હતી.

# જમ્મુ કાશ્મીરના ઉધમપુરમાં સુરક્ષા દળો અને આતંકીઓ વચ્ચે અથડામણ, આડેધડ ગોળીબાર

## સુરક્ષા દળોએ વળતો જવાબ આપતા આતંકવાદીઓ જંગલમાં ભાગી ગયા હતા

જમ્મુ કાશ્મીર

જમ્મુ-કાશ્મીરના ઉધમપુર જિલ્લામાં બુધવારે સુરક્ષા દળના જવાનો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ છે. આતંકવાદીઓએ આડેધડ ગોળીબાર કરતા સુરક્ષા જવાનોએ પણ વળતો જવાબ આપ્યો છે, જેના કારણે આતંકવાદીઓ જંગલમાં ભાગી ગયા છે. હાલ પોલીસ જવાનો અને અન્ય સુરક્ષા દળોએ આખા વિસ્તારને ઘેરી લીધો છે. આ સાથે આતંકવાદીઓને પકડી પાડવા માટે તપાસ અભિયાન પણ શરૂ કરી દીધું છે.

ઉધમપુર પોલીસે કહ્યું કે, જિલ્લાના રામનગર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના જોફર ગામમાં ત્રણ આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી, ત્યારબાદ સુરક્ષા દળના જવાનો ત્યાં પહોંચતા આતંકીઓએ આડેધડ ગોળીબાર કરવાનો શરૂ કરી દીધો હતો. જોકે સુરક્ષા દળોએ પણ વળતો જવાબ આપ્યો છે, જેના કારણે આતંકવાદીઓ ત્યાંથી ભાગી જઈ જંગલમાં છુપાયા હોવાના અહેવાલ સામે આવ્યા છે. ઉધનપુરના એસએસપી આમોદ અશોક નાગપુરેએ કહ્યું કે, 'ઊંચા પર્વતો, નદીઓ અને ગાઢ જંગલોને કારણે આ ખૂબ જ દુર્ગમ વિસ્તાર છે. અમને માહિતી મળી છે કે, જંગલની અંદર બેથી ત્રણ આતંકવાદીઓ ભાગીને છુપાઈ ગયા છે.

# સુપ્રીમ કોર્ટ ૧૬ એપ્રિલે નવા વક્ફ કાયદાને પડકારતી અરજીઓ સંદર્ભે સુનાવણી કરશે

## જસ્ટીસ સંજય કુમાર અને કે.વી. વિશ્વનાથન અરજીઓની સુનાવણી કરતી બેન્ચમાં સામેલ થશે

નવીદિલ્હી

ભારતના ચીફ જસ્ટીસ સંજીવ ખન્નાની આગેવાની હેઠળની સુપ્રીમ કોર્ટની ત્રણ ન્યાયાધીશોની બેન્ચ ૧૬ એપ્રિલે વક્ફ (સુધારા) અધિનિયમ, ૨૦૨૫ ની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓ પર સુનાવણી કરશે. આ અંગેની માહિતી સુપ્રીમ કોર્ટની વેબસાઈટ પર આપવામાં આવી છે. જે અનુસાર, જસ્ટીસ સંજય કુમાર અને જસ્ટીસ કે.વી. વિશ્વનાથન અરજીઓની સુનાવણી કરતી બેન્ચમાં સામેલ થશે.

કેન્દ્ર સરકારે મંગળવારે સુપ્રીમ કોર્ટમાં 'કેવિયેટ' દાખલ કરીને આ મામલે કોઈપણ આદેશ આપતા પહેલા સુનાવણીની વિનંતી કરી હતી. સુનાવણી વિના કોઈ પણ આદેશ પસાર ન થાય તે સુનિશ્ચિત કરવા માટે, પક્ષકાર દ્વારા હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં કેવિયેટ દાખલ કરવામાં આવે છે. આનો અર્થ એ થયો કે તેમને સાંભળ્યા વિના કોઈ પણ આદેશ પસાર ન કરવો જોઈએ.

ભારતના ચીફ જસ્ટીસ સંજીવ ખન્નાની આગેવાની હેઠળની સુપ્રીમ કોર્ટની ત્રણ ન્યાયાધીશોની બેન્ચ ૧૬ એપ્રિલે વક્ફ (સુધારા) અધિનિયમ, ૨૦૨૫ ની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓ પર સુનાવણી કરશે. આ અંગેની માહિતી સુપ્રીમ કોર્ટની વેબસાઈટ પર આપવામાં આવી છે. જે અનુસાર, જસ્ટીસ સંજય કુમાર અને જસ્ટીસ કે.વી. વિશ્વનાથન અરજીઓની સુનાવણી કરતી બેન્ચમાં સામેલ થશે.

# ભારતે બાંગ્લાદેશને અપાતી ટ્રાન્સ શિપમેન્ટ સુવિધા બંધ કરી દીધી

નવી દિલ્હી



સરકારે બાંગ્લાદેશના પોર્ટ અને એરપોર્ટના માર્ગમાં કોઇ ત્રીજા દેશને નિકાસ કરવા માટે ભારતીય ભૂમિ કસ્ટમ સ્ટેશનોનો ઉપયોગ કરવાની મંજૂરી આપતી ટ્રાન્સ શિપમેન્ટ સુવિધા બંધ કરી દીધી છે તેમ એક સરકારી સર્ક્યુલરમાં જણાવવામાં આવ્યું છે.

મુખ્યત્વે વસ્ત્ર સેક્ટરના ભારતીય નિકાસકારોએ અગાઉ સરકારને પાડોશી દેશને આપવામાં આવેલી આ સુવિધા બંધ કરવાની અપીલ કરી હતી.

બાંગ્લાદેશ આ સુવિધાને કારણે ભૂટાન, નેપાળ અને મ્યાનમાર જેવા દેશોમાં સરળતાથી નિકાસ કરી શકતું હતું. ભારતે જૂન, ૨૦૨૦માં બાંગ્લાદેશને આ સુવિધા આપી હતી.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમના આઠ એપ્રિલના સર્ક્યુલરમાં જણાવવામાં આવ્યું છે કે ૨૯ જૂન, ૨૦૨૦ના સંશોધિત પરિપત્રને તાત્કાલિક અસરથી રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# કેદારનાથ ધામમાં હેલિકોપ્ટર બુકિંગ : 5 જ કલાકમાં એક મહિનાની ટિકિટ થઈ ગઈ

પટના

કેદારનાથ ધામના દરવાજા 2 મેથી ખુલવા જઈ રહ્યા છે. આ દિવસથી ગુપ્તકાશી, સિરસી અને ફાટા હેલિપેડથી હેલી સેવાઓ શરૂ કરવામાં આવશે. 31 મે સુધી ચાર ધામ યાત્રા માટે કેદારનાથ હેલી સર્વિસ માટે ટિકિટ બુકિંગ પાંચ કલાકમાં પૂર્ણ થઈ ગયું હતું. બપોરે 12 વાગ્યે IRTC એ ઓનલાઈન હેલિકોપ્ટર ટિકિટ બુકિંગ માટે વેબસાઈટ ખોલી અને થોડા કલાકોમાં જ આખા મે મહિનાની ટિકિટ બુક થઈ ગઈ હતી. આ સમય દરમિયાન ટિકિટ બુક ન કરાવી શકવાને કારણે ઘણા મુસાફરો નિરાશ થયા હતા. જેમાં ગુપ્તકાશીથી કેદારનાથ - રૂ.8532, ફાટાથી કેદારનાથ - રૂ.6062, સિરસીથી કેદારનાથ સુધીનું ભાડુ રૂ.6060 હતું. આખા મહિનાની ટિકિટ 5 કલાકમાં બુક થઈ ગઈ હતી.

# મહિલાની પાંચ વાર નસબંધી છતાં 25 વાર ગર્ભવતી થઇ ! ડોક્ટરો ચોંકી ઉઠ્યા

લખનઉ

યુપીના આગ્રામાં આ વિચિત્ર ઘટના બની છે. જ્યારે આ મામલો પ્રકાશમાં આવ્યો ત્યારે તેની તપાસ કરવામાં આવી છે. આરોગ્ય વિભાગે CHC ફતેહાબાદનું નિયમિત ઓડિટ કર્યુ. જેમાં ટીમ દસ્તાવેજોની તપાસ કરી રહી હતી ત્યારે એક ચોંકાવનારી માહિતી સામે આવી છે. જેમ જેમ તપાસ કરતા ગયા તેમ તેમ અધિકારીઓ વધુ ચોંક્યા. એમા હતુ એવુ કે એક જ મહિલાના નામે 25 વખત ડિલિવરી અને 5 વાર નસબંધી કરી હોવાનું રેકોર્ડમાં દર્શાવ્યું હતું. એટલુ જ નહી તે મહિલાના ખાતામાં 45 હજાર રૂપિયા ટ્રાન્સફર કરાયા તે પણ સરકારી યોજનાના નામે. જ્યારે આ બાબત ઓડિટ ટીમના ધ્યાનમાં આવી ત્યારે તેમણે તાત્કાલિક CMO આગ્રા ડૉ. અરુણ શ્રીવાસ્તવને આ અંગે જાણ કરી. ડૉ. શ્રીવાસ્તવ પોતે ઘટનાસ્થળે પહોંચ્યા અને સમગ્ર મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને તપાસના આદેશ આપ્યા. તેમણે કહ્યું કે આ અંગે કોઈ ટેક્નિકલ ભૂલ છે કે કર્મચારીઓની મિલીભગત તે તમામની તપાસ કરાશે. અને જો કોઇ દોષિત સાબિત થશે તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# નેવી માટે ફ્રાન્સ પાસેથી રૂ. 64000 કરોડમાં 26 રફાલ જેટ ખરીદવાને મંજૂરી

નવી દિલ્હી

ભારતે ફ્રાન્સ પાસેથી ૬૪૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે નેવી માટે ૨૬ રફાલ ફાઈટર જેટની ખરીદીને મંજૂરી આપી છે તેમ સંરક્ષણ સૂત્રોએ જણાવ્યું છે. આ વિમાનો વિમાનવાહક જહાજ આઈએનએસ વિક્રાંત પર તૈનાત કરવામાં આવશે. આ ખરીદ યોજનાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતાવાળી કેબિનેટ કમિટી ઓન સિક્યુરિટીએ મંજૂરી આપી છે. ભારત અને ફ્રાન્સની વચ્ચે ઈન્ટર ગવર્મેન્ટલ ફ્રેમવર્ક હેઠળ કરાર પર હસ્તાક્ષરના પાંચ વર્ષ પછી જેટ વિમાનોની ડિલિવરી શરૂ થશે. આ સોદા હેઠળ ભારતીય નેવીના ભારતીય નેવીને રફાલ જેટ વિમાનોના નિર્માતા દસોલ્ટ એવિએશને હથિયાર પ્રણાલીઓ અને સ્પેર પાર્ટ્સ સહિત સંબંધિત સહાયક ઉપકરણો પણ મળશે.

# જમ્મુ-કાશ્મીરની વિધાનસભામાં ભાજપ-આપ ધારાસભ્યો વચ્ચે બોલાચાલી બાદ મારમારી

**જમ્મુ કાશ્મીર**

જમ્મુ-કાશ્મીરની વિધાનસભામાં ભાજપ અને આમ આદમી પાર્ટીના ધારાસભ્યો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ છુટ્ટા હાથની મારમારી થઈ છે. બુધવારે બનેલી આ ઘટના બાદ AAPએ આક્રોષ વ્યક્ત કર્યો છે અને પાર્ટીના કાર્યકર્તાઓ રસ્તા ઉપર આવી દેખાવો કરી રહ્યા છે.ડોડા જિલ્લાના AAP ધારાસભ્ય મેહરાજ મલિકે દાવો કર્યે છે કે, જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં બુધવારે ભાજપના ધારાસભ્યોએ તેમની સાથે મારામારી કરી હતી. ત્યારબાદ મલિક અને તેમના સમર્થકો રસ્તા પર આવી ઉગ્ર પ્રદર્શનો કરી રહ્યા છે.

મલિકે આક્ષેપ કર્યો છે કે, ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે જમ્મુમાં મોટાભાગની બેઠકો જીતી, જોકે ભાજપ ધારાસભ્યો જનતાની સેવા કરવાના બદલે પોતાનું ઘર ભરી રહ્યા છે.તેમણે કહ્યું કે, 'હું જમ્મુનો એકમાત્ર ધારાસભ્ય છું અને હું પ્રજા સાથે જોડાયેલા મુદ્દાઓ વિધાનસભામાં ઉઠાવવા માંગતો હતો. તેમણે આક્ષેપ કર્યો છે કે, વિધાનસભામાં મને મુદ્દા ઉઠાવતા રોકવામાં આવ્યો અને મારી સાથે મારામારી પણ કરવામાં આવી.' તેમણે બુધવારે થયેલી મારામારીનો ઉલ્લેખ કરતા કહ્યું કે, 'હું વિધાનસભામાં PDPના ધારાસભ્યો સાથે ચર્ચા કરી રહ્યો હતો, જોકે આ દરમિયાન અચાનક ભાજપના ધારાસભ્યો આવ્યા અને મારી સાથે ઉગ્ર બોલાચાલી અને મારા મારી કરવા લાગ્યો. હું હંમેશા પ્રજાના મુદ્દાઓ ઉઠાવતો રહીશ, કોઈપણ વ્યક્તિ પ્રજાની અવાજને દબાવી શકતો નથી. મારમારીની ઘટના બાદ મલિક અને સમર્થકોએ પોસ્ટરો સાથે જોરદાર દેખાવો કર્યા હતા. આમ આદમી પાર્ટીના ધારાસભ્યોએ માંગ કરી છે કે, ભાજપ અને નેશનલ કોન્ફરનન્સના ડીએનએની તપાસ કરવી જોઈએ.

# રાજસ્થાનમાં હોટએર બલૂન શોમાં 80 ફૂટ ઉપરથી પડતાં યુવકનું મોત

**જયપુર**

રાજસ્થાનમાં બલૂન શો દરમિયાન એક યુવક ૮૦ ફૂટ ફંચાઈથી નીચે પટકાતા મોતને ભેટયો હતો. આ બલીનમાં સ્કૂલના બાળકો બેસવાના હોવાની માહિતી બહાર આવી છે. આ બનાવની વિગત મુજબ રાજસ્થાનના બારાનના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં હોટએર બલૂન શો દરમિયાન બાંધેલા દોરડાથી કર્મચારી લટકીને હવામાં જતો રહ્યો. આ દરમિયાન બલૂન સાથે બાંધેલું દોરડું તૂટી ગયું અને કર્મચારી લગભગ ૮૦ ફૂટની ઊંચાઈએથી નીચે પડી ગયો. હૉસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મોત થઈ ગયું હતું.

બારાન જિલ્લાનો ગુરુવારે સ્થાપના દિવસ છે. સ્થાપના દિવસને લઈને ત્રણ દિવસના મહોત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આજે જિલ્લાની સ્કૂલનાં નાનાં બાળકોને હોટ એર બલૂનમાં બેસાડવાનાં હતાં. સવારે હોટ એર બલૂનનું ઉદ્ઘાટન સ્થાનિક ધારાસભ્ય રાધેશ્યામ બૈરવાએ કર્યું હતું. તેઓ તેમના થોડા સાથીઓ સાથે હોટ એર બલૂનમાં બેઠા પણ હતા.ત્યાર બાદ જ્યારે ફરી આ હોટ એર બલૂન થોડા લોકો સાથે ઊડવા માટે તૈયાર થયું. આ દરમિયાન હોટ એર બલૂન સંચાલકનો કર્મચારી વાસુદેવ ખત્રી એક દોરડાને પકડીને હવામાં ઊડવા લાગ્યો હતો.

# દુષ્કર્મ કેસમાં મહિલા પોતે જ જવાબદાર અલ્હાબાદ કોર્ટની વિવાદાસ્પદ ટિપ્પણી

**અલ્હાબાદ**

અલ્હાબાદ હાઈકોર્ટે દુષ્કર્મના કેસની સુનાવણી હાથ ધરતા વિવાદાસ્પદ ટિપ્પણી કરી છે, જેના કારણે દેશભરમાં ચર્ચાનો વિષય બની ગયો છે. કોર્ટે દુષ્કર્મના આરોપીને જામીન પણ આપી દીધા છે અને સાથે જ કહ્યું કે, 'દુષ્કર્મનો ભોગ બનનાર પીડિતા પોતે જ મુસીબતને આમંત્રણ આપી ઘટનાની જવાબદાર છે.'

દિલ્હીમાં પીજીની વિદ્યાર્થીની પર કથિત દુષ્કર્મ આચરવાના ગુનામાં 2024માં આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીએ કહ્યું કે, 'આ કૃત્ય પરસ્પર સંમતીથી થયું હતું.' ન્યાયાધીશ સંજય કુમાર સિંહે કહ્યું કે, 'આ કોર્ટનું માનવું છે કે, જો પીડિતાના આરોપોને સાચા માનવામાં આવે, તો એવું પણ તારણ કાઢી શકાય છે કે, પીડિતાએ પોતે જ મુસીબતને આમંત્રણ આપ્યું અને આ માટે તે પોતે જ જવાબદાર હતી.' આ મામલો સપ્ટેમ્બર-2024નો છે. તે વખતે નોઈડા સ્થિત એક યુનિવર્સિટીની વિદ્યાર્થીની ત્રણ મહિલા મિત્રો સાથે દિલ્હીમાં હૉજ ખાસ વિસ્તારમાં એક બારમાં ગઈ હતી. જ્યાં તેની કેટલાક પુરુષો સાથે મુલાકાત થઈ, તેમાં આરોપી પણ સામેલ હતો.

# મધ્યપ્રદેશમાં ભયાનક અકસ્માત, કાર 30 ફૂટ નીચે નદીમાં ખાબકી, ચારના મોત, બે ગંભીર

**જબલપુર**

મધ્યપ્રદેશના જબલપુર જિલ્લાના ચરગંવા ગામમાં ગુરુવારે ભયાનક અકસ્માત થયો છે. ફુલ સ્પીડે દોડી રહેલી કાર પુલની રેલિંગ તોડી 30 ફૂટ નીચે નદીમાં ખાબકી છે. આ ઘટનામાં કારમાં સવાર ચાર લોકોના મોત થયા છે, જ્યારે બે લોકો ગંભીર હોવાના અહેવાલો સામે આવ્યા છે.

મળતા અહેવાલો મુજબ એક કાર ફુલ સ્પીડે સોમતી નદી પરથી પસાર થઈ રહી હતી. આ દરમિયાન ડ્રાઈવરે વાહન પર કાબુ ગુમાવતા કાર પુલની રેલિંગ તોડી સોમતી નદીમાં જઈને પડી હતી. ઘટનામાં ચાર લોકોના મોત થયા છે, જ્યારે બે ઈજાગ્રસ્તોને તાત્કાલીક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં જ ચરગંવા પોલીસ સ્ટેશનની ટીમ સ્થળ પર પહોંચી ગઈ છે. પોલીસની ટીમે સ્થાનીક લોકોની મદદથી કારમાં ફસાયેલા લોકોને બહાર કાઢ્યા છે.

ચરગંવા પોલીસ સ્ટેશનના પ્રભારી અભિષેક પ્યાસીએ કહ્યું કે, 'ગુરુવારે બપોરે એક સફેદ કલરની કારમાં સવાર છ યુવકો ચરગંવાથી જબલપુર જઈ રહ્યા હતા. જ્યારે તેઓ સોમતી નદી પર પહોંચ્યા, ત્યારે ડ્રાઈવરે કાર પર કાબુ ગુમાવ્યો હતો, જેના કારણે કાર 30 ફૂટ નીચે સોમતી નદીમાં જઈને પડી હતી. ત્યારબાદ ઘટનાસ્થળે હાજર સ્થાનિક લોકોએ તુરંત પોલીસ અને એમ્બ્યુલન્સની ટીમને જાણ કરી હતી. ઘટના એટલી ગંભીર હતી કે, કારનો કચ્ચરઘાણ નીકળી ગયો છે. કારમાં જે લોકો ફસાયા હતા, તેમને મહામુશ્કેલીથી બહાર કાઢવામાં આવ્યા છે.

# પંજાબમાં IED બ્લાસ્ટ : BSF જવાન ગંભીર ઈજાગ્રસ્ત, બોર્ડર પર 500 કિમી એરિયા એલર્ટ

**ચંડીગઢ**

પંજાબમાં ગુરુદાસપુર જિલ્લાના દોરંગલા ગામ પાસે આ ઘટના બન્યા બાદ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બીએસએફએ સરહદના 553 કિલોમીટર એરિયા પરના તમામ જવાનો અને પોઈન્ટોને સાવચેત કરી દીધા છે.

જ્યાં ભયાનક બ્લાસ્ટ થયો છે, તેની આસપાસ ખેતી કરવા પર પણ પ્રતિબંધ લગાવી દેવાયો છે. બીએસએફ સૂત્રોના જણાવ્યા મુજબ, ઘટનાની ટેકનીકલ અને ફોરેન્સિંગ તપાસ કરવામાં આવશે, ત્યારબાદ આ મુદ્દાને ઉઠાવી પાકિસ્તાન રેન્જર્સને વિરોધ પત્ર સોંપવામાં આવશે.

અધિકારીઓએ ક્હયું કે, બીએસએફની ટીમ સરહદ પર ફેન્સિંગ પાસે પેટ્રોલિંગ કરી રહી હતી. આ દરમિયાન ભારતીય ક્ષેત્રમાં છુપાયેલા અનેક આઈઈડી મળી આવ્યા છે. પ્રાથમિક માહિતી મુજબ અહીં લગભગ બે આઈઈડી




મળ્યા છે. ઘટના બાદ આસપાસના વિસ્તારોની ઘેરાબંધી કરવામાં આવી છે. તેમણે કહ્યું કે, પેટ્રોલિંગ ટીમ તપાસ કરી રહી હતી, ત્યારે અચાનક આઈઈડી બ્લાસ્ટ થયો છે, જેમાં બીએસએફના એક જવાનના પગમાં ગંભીર ઈજા પહોંચી છે.

# યુપીમાં લગ્ન પહેલા જ સાસુ જમાઈને લઈ ભાગી ગઈ, રોકડા-દાગીના પણ લઈ ગયા

**અલીગઢ**

યૂપીના અલીગઢની એ ઘટના કે જેમાં દીકરીના લગ્ન હતા અને લગ્ન હજી 16 એપ્રિલે થાય તે પહેલા જ સાસુ તે જમાઈ સાથે ભાગી ગઈ. આ ઘટનામાં ફરાર જમાઈનું નિવેદન સામે આવ્યું છે. લગ્ન પહેલા જ બનેલી આ ચકચારી ઘટનાથી આખો પરિવાર આઘાતમાં છે. મદ્રક પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામમાં એક જમાઈ તેની થનારી સાસુ સાથે ભાગી ગયો. દીકરીના લગ્નની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી હતી. કાર્ડ વહેંચાઈ ગયા હતા, સગાસંબંધીઓ ભેગા થવા લાગ્યા હતા, પરંતુ લગ્ન પહેલા જ વરરાજા કન્યાની માતા સાથે ભાગી ગયો.

તમે તેમને ખૂબ પરેશાન કર્યા છે.' લગ્નને 20 વર્ષ થઈ ગયા છે. હવે તેમને ભૂલી જાઓ...' આ શબ્દો ફિલ્મી સંવાદ જેવા લાગે છે, પરંતુ આ ઉત્તર પ્રદેશના અલીગઢ જિલ્લાના મદ્રક વિસ્તારની વાસ્તવિકતા છે. અહીં એક જમાઈ તેના લગ્ન પહેલા જ તેની થનારી સાસુ સાથે ભાગી ગયો. લાખોના ઘરેણાં અને રોકડ પણ લઈને ભાગી ગયા. શરૂઆતમાં પીડિતાને લાગ્યું કે કદાચ તેની પત્ની સંબંધીઓને મળવા ગઈ હશે, પરંતુ જ્યારે પુત્રીનો થનારો વર પણ ગુમ થઈ ગયો, ત્યારે આખો મામલો પ્રકાશમાં આવ્યો.

# કેન્દ્ર સરકારે કેશલેશ સારવાર યોજનામાં બેદરકારી દાખવતા સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા માંગી

**પટના**

સુપ્રીમ કોર્ટે મોટર અકસ્માત પીડિતો માટે કેશલેસ સારવાર યોજના બનાવવામાં વિલંબ બદલ કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢી છે. આ ઉપરાંત માર્ગ પરિવહન મંત્રાલયના સચિવને આ મામલે સ્પષ્ટતા માટે કોર્ટે સમન્સ પાઠવ્યું છે. ન્યાયાધીશ અભય એસ. ઓકા અને ઉજ્જલ ભુઈયાની બેન્ચે વાંધો વ્યક્ત કર્યો છે કે, 8 જાન્યુઆરીએ આદેશ અપાયો છતાં કેન્દ્ર સરકાર દ્વારા આ સંદર્ભમાં કોઈ પાલન કરાયું નથી. બેન્ચે કહ્યું કે, 'કેન્દ્ર સરકારને આપવામાં આવેલો સમય ગયા મહિને 15 માર્ચે સમાપ્ત થઈ ગયો છે. કેન્દ્ર સરકારે કોર્ટના આદેશની ગંભીર અવગણા કરી છે, સાથે જ ખૂબ જ ફાયદાકારક કાયદાના અમલીકરણમાં પણ બેદરકારી દાખવી છે.

# એર ઈન્ડિયા ફ્લાઈટમાં ઘૃણાસ્પદ કૃત્ય મુસાફરે અન્ય મુસાફર પર પેશાબ કર્યો

## કેપ દ્વારા આધાર કાર્ડ અને પાન કાર્ડનો ઉપયોગ કરાયો

**નવી દિલ્હી**

બુધવારે દિલ્હીથી બેંગકોક જતી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં એક મુસાફરે બીજા મુસાફર પર પેશાબ કર્યો હોવાનો આરોપ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે એર ઈન્ડિયાએ આ ઘટના અંગે DGCAને જાણ કરી છે.

આ ઘટના વિશે પૂછવામાં આવતા, નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામ મોહન નાયડુએ કહ્યું કે મંત્રાલય આ ઘટનાની નોંધ લેશે અને ઉડ્ડયન કંપની સાથે વાત કરશે. જો કંઈક ખોટું થયું હશે, તો અમે જરૂરી પગલાં લઈશું, એમ નાયડુએ દિલ્હીમાં એક કાર્યક્રમ દરમિયાન જણાવ્યું હતું. આ ઘટનાએ લગભગ 3 વર્ષ પહેલા બનેલા આવા જ એક કિસ્સાની યાદ તાજી કરી દીધી છે. આ ઘટના 26 નવેમ્બર 2022 ની છે. એર ઈન્ડિયાની ફ્લાઈટ ન્યૂયોર્કથી દિલ્હી આવી રહી હતી. બિઝનેસ ક્લાસમાં મુસાફરી કરી રહેલા શંકર મિશ્રાએ નશામાં ધૂત એક વૃદ્ધ મહિલા મુસાફર પર પેશાબ કરી દીધો. ઘટનાના લગભગ એક મહિના પછી મહિલાએ એર ઈન્ડિયા અને DGCAમાં ફરિયાદ નોંધાવી ત્યારે આ મામલો ચર્ચામાં આવ્યો હતો.

# કામ ન થતું હોય તો રિટાયરમેન્ટ લઈ લો : મલ્લિકાર્જુન ખડગેએ કોંગ્રેસ નેતાઓને ઠપકો આપ્યો

**હૈદરાબાદ**

કોંગ્રેસે આગામી ચૂંટણીઓ માટે અગાઉથી તૈયારીઓ શરુ કરી દીધી છે. પહેલાં બિહાર અને હવે ગુજરાતમાં ચૂંટણી માટે પોતાના કાર્યકરો અને નેતાઓમાં જુસ્સો જગાડવા પ્રયાસો કરી રહ્યું છે. ગુજરાતમાં 64 વર્ષ બાદ યોજાયેલા કોંગ્રેસ અધિવેશનને સંબોધિત કરતાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પક્ષના નેતાઓને કડક ભાષામાં સંદેશ આપ્યો છે. તેમણે પક્ષના નેતાઓ અને કાર્યકરોને કામ ન થતું હોય તો રિટાયરમેન્ટ લઈ લેવા કહ્યું છે. ખડગેએ કહ્યું કે, સંગઠનમાં જિલ્લા કોંગ્રેસ કમિટીના અધ્યક્ષની ભૂમિકામાં વધારો કરવામાં આવશે. તેમજ તેમની નિમણૂક અખિલ ભારતીય કોંગ્રેસ કમિટી દ્વારા જારી દિશા-નિર્દેશો અનુસાર, કડક અને નિષ્પક્ષતાથી કરવી જોઈએ.

Web : www.swadesh.news E-mail : info@swadesh.news

# ગુજરાતની જીત બાદ રોમાંચક બની પ્લેઓફની રેસ

## મુંબઈ ઇન્ડિયન્સ, ચેન્નઈ સુપર કિંગ્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ માટે આગળનો રસ્તો ખૂબ જ મુશ્કેલ

IPL 2025ની 23મી મેચમાં ગુજરાત ટાઈટન્સે શાનદાર પ્રદર્શન કર્યું અને રાજસ્થાન રોયલ્સને 58 રનથી હરાવી દીધુ. આ જીત સાથે ગુજરાત ટાઈટન્સ પોઈન્ટ ટેબલમાં ટોપ પર પહોંચી ગયું છે, જ્યારે રાજસ્થાન સાતમા સ્થાન પર સરકી ગયું છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં ગુજરાતની ટીમે પ્રથમ બેટિંગ કરતા 20 ઓવરમાં 6 વિકેટે 217 રન બનાવ્યા હતા. જવાબમાં રાજસ્થાનની ટીમ 19.2 ઓવરમાં 159 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. તમને જણાવી દઈએ કે ગુજરાતની જીતે તેને પોઈન્ટ ટેબલમાં ટોપ પર પહોંચાડી દીધું છે. બીજી તરફ બીજા નંબર પર દિલ્હી કેપિટલ્સ છે. ગુજરાત હાલમાં 8 પોઈન્ટ સાથે નંબર વન પર પહોંચી ગયું છે. બીજી તરફ રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ હાલમાં ત્રીજા સ્થાન પર છે. પંજાબ કિંગ્સ ચોથા સ્થાન પર છે. આ ઉપરાંત લખનઉ પાંચમા સ્થાન પર છે. ગુજરાતની જીતથી હવે બીજી ટીમોમાં ખળભળાટ મચી ગયો છે. ખાસ કરીને KKR જે હાલમાં છઠ્ઠા સ્થાન પર છે. આ ઉપરાંત રાજસ્થાનને મોટો ઝટકો લાગ્યો છે. રાજસ્થાન 4 પોઈન્ટ સાથે સાતમા સ્થાન પર પહોંચી ગયું છે. જ્યારે મુંબઈ આઠમા સ્થાને, ચેન્નઈ નવમા અને હૈદરાબાદ દસમા સ્થાન પર છે. આવી સ્થિતિમાં આ ટીમોએ હવે પોતાની આગામી મેચોમાં સતત સારું પ્રદર્શન કરવું પડશે. પોઈન્ટ ટેબલમાં હાલમાં 4 એવી ટીમો છે જેના 6-6 પોઈન્ટ છે, જેમાં દિલ્હી કેપિટલ્સ, રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ, પંજાબ કિંગ્સ અને લખનઉની ટીમ છે. આ ટીમોએ તેમની રમતથી પ્રભાવ પાડ્યો છે. બીજી તરફ ગુજરાત 8 પોઈન્ટ સાથે ટોપ પર પહોંચી ગયું છે. આ ટીમોએ ટોપ 4 માં પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. બીજી તરફ પોઈન્ટ ટેબલમાં બે ટીમો 4 પોઈન્ટ સાથે છે, તે ટીમો KKR અને રાજસ્થાન છે. આનો અર્થ એ થયો કે આ ટીમો પાસે પ્લેઓફની રેસમાં ટકી રહેવાની ઘણી તકો છે. પરંતુ બીજી તરફ આગળનો રસ્તો ખાસ કરીને મુંબઈ ઈન્ડિયન્સ, ચેન્નઈ સુપર કિંગ્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ માટે ખૂબ જ મુશ્કેલ દેખાઈ રહ્યો છે. આ ટીમોએ તેમની આગામી મેચોમાં વધુ સારું પ્રદર્શન કરવું પડશે અને નેટ રન રેટ પર પણ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. અહીંથી હવે રન રેટનો ખેલ પણ શરૂ થશે. તમને જણાવી દઈએ કે લીગ સ્ટેજમાં તમામ ટીમોએ 14-14 મેચ રમવાની રહેશે. આવી સ્થિતિમાં જો કોઈપણ ટીમે પ્લેઓફની રેસમાં પોતાને જાળવી રાખવું હોય, તો તેણે કોઈપણ કિંમતે 9 માંથી ઓછામાં ઓછી 7 મેચ જીતવી પડશે. જે ટીમના 18થી 20 પોઈન્ટ હશે તે સીધી પ્લેઓફમાં પહોંચી શકશે. બીજી તરફ 16 પોઈન્ટ મેળવનારી ટીમો પણ પ્લેઓફની રેસમાં પોતાને જાળવી રાખી શકે છે. આનો અર્થ એ થયો કે અહીંથી પ્લેઓફની રેસ ખૂબ જ રોમાંચક બની ગઈ છે.

### IPLમાં નિકોલસ પૂરનના બે હજાર રન પૂરા, બીજો ફાસ્ટેસ્ટ બેટ્સમેન બન્યો



**કોલકાતા :** લખનઉ સુપર જાયન્ટ્સના બેટ્સમેન નિકોલસ પૂરને આઈપીએલમાં બે હજાર રન પૂરા કર્યા છે અને આ સિદ્ધિ મેળવનાર તે બીજો ફાસ્ટેસ્ટ બેટ્સમેન બની ગયો છે. પૂરને કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે ગયા વર્ષની ચેમ્પિયન કેકેઆર સામે આ સિદ્ધિ મેળવી હતી. મેચમાં પૂરને ૩૬ બોલમાં સાત બાઉન્ડ્રી અને આઠ સિક્સર વડે અણનમ ૮૭ રન બનાવ્યા હતા. પૂરને આઈપીએલની ૮૧ મેચની ૭૮ ઈનિંગ્સમાં ૧૬૮.૮૮ના સ્ટ્રાઈક રેટથી ૧૨ અડધી સદી વડે ૨૦૫૭ રન બનાવ્યા છે. તેનો બેસ્ટ સ્કોર અણનમ ૮૭ રનનો રહ્યો છે. આન્દ્રે રસેલે આ સિદ્ધિ મેળવવા માટે કુલ ૧,૧૨૦ બોલનો સમય લીધો હતો.

- ઓપનર સાઇ સુદર્શનની શાનદાર અડધી સદી બાદ બોલર્સે કરેલી શિસ્તબદ્ધ બોલિંગની મદદથી ગુજરાત ટાઇટન્સને રાજસ્થાન રોયલ્સને ૫૮ રનથી પરાજય આપ્યો હતો. આ સાથે ગુજરાતે લીગમાં ચોથો વિજય હાંસલ કર્યો હતો. ગુજરાતના છ વિકેટે ૨૧૭ રનના જવાબમાં ટોસ જીતીને પ્રથમ ફીલ્ડિંગ કરનાર રાજસ્થાનની ટીમ ૧૫૯ રન નોંધાવી શકી હતી.

- ઓપનર પ્રિયાંશ આર્યાએ નોંધાવેલી આકર્ષક સદી બાદ બોલર્સના શાનદાર પ્રદર્શન વડે પંજાબ કિંગ્સે ચેન્નાઇ સુપર કિંગ્સને ૧૮ રનથી પરાજય આપ્યો હતો. પંજાબના છ વિકેટે ૨૧૯ રનના જવાબમાં ચેન્નાઇની ટીમ પાંચ વિકેટે ૨૦૧ રન નોંધાવી શકી હતી. લીગમાં સીએસકેનો આ સતત ચોથો પરાજય છે.

- પ્રારંભિક ધબડકા બાદ લોકેશ રાહુલ અને ટ્રિસ્ટન સ્ટબ્સ વચ્ચે પાંચમી વિકેટ માટે નોંધાયેલી ૧૧૧ રનની ભાગીદારી વડે દિલ્હી કેપિટલ્સે આઇપીએલની મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુને છ વિકેટે પરાજય આપ્યો હતો. આરસીબીના સાત વિકેટે ૧૬૩ રનના જવાબમાં દિલ્હી ચાર વિકેટે ૧૬૯ રન બનાવ્યા હતા.

### આર્ચરે સુદર્શન સામે ૧૫૨.૩ કિ.મી.ની સ્પિડથી બોલ નાખ્યો



બ્લેક માટીની પિચ ઉપર રાજસ્થાને ટોસ જીતીને પ્રથમ ફિલ્ડીંગ કરવાનો નિર્ણય કર્યો હતો. સુકાની શુભમન ગિલ અને સાઈ સુદર્શને ઈનિંગનો પ્રારંભ કર્યો હતો. જોફ્રા આર્ચરે ઝંઝાવાતી સ્પિડથી બોલિંગ કરીને બંને ઓપનર્સને મુશ્કેલીમાં મુક્યા હતા. બોલ વધારે પડતો સ્વિંગ પણ થતો હતો. આર્ચરે ગિલને (૨) આઉટ કરીને ગુજરાતને મોટો આઘાત પહોંચાડયો હતો. આર્ચરે ઓવરઓલ ૧૪ બોલમાં ગિલને બીજી વખત આઉટ કર્યો હતો. ગુજરાતની ટીમે છ ઓવરના પાવરપ્લેમાં સુકાની ગિલની વિકેટ ગુમાવીને ૫૬ રન બનાવ્યા હતા. પ્રથમ બે મેચમાં વિકેટથી વંચિત રહેનાર આર્ચરે ત્રીજી અને ચોથી મેચમાં સાત ઓવર નાખીને ૩૮ રન આપી ચાર વિકેટ પોતાના નામે કરી હતી. તેણે ગુજરાતના સાઈ સુદર્શન સામે ૧૫૨.૩ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે બોલ નાખીને બેટ્સમેનને હચમચાવી નાખ્યો હતો.

### ટીર૦માં સંજુની 300 મેચ પૂરી, કોહલી-રોહિતની ક્લબમાં સામેલ



**અમદાવાદ :** ગુજરાત ટાઈટન્સ સામે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી આઈપીએલની મેચ માટે મેદાનમાં ઉતરતાની સાથે જ રાજસ્થાન રોયલ્સના સુકાની સંજૂ સેમસને એક વિશેષ સિદ્ધિ હાંસલ કરી લીધી હતી. ગુજરાત સામેની મેચ માટે મેદાનમાં ઉતરવાની સાથે સેમસનની ૩૦૦ ટીર૦ મેચ પૂરી થશે. આ સિદ્ધિ મેળવનાર તે ૧૨મો ભારતીય ખેલાડી બનશે. આ ઈલિટ ક્લબમાં વિરાટ કોહલી, રોહિત શર્મા અને ધોની સહિત ૧૧ ખેલાડીઓ સામેલ છે. રોહિત શર્મા ૪૫૨ મેચ સાથે ટોચના, દિનેશ કાર્તિક ૪૧૨ મેચ સાથે બીજા અને કોહલી ૪૦૩ મેચ સાથે ત્રીજા ક્રમે છે. ધોનીના નામે ૩૯૬ મેચ નોંધાયેલી છે. સેમસને ૩૦૦મી મેચ પહેલાં ૨૯૯ ટીર૦ મેચોની ૨૮૬ ઈનિંગ્સમાં ૭૪૮૧ રન બનાવ્યા છે.

### ટીર૦માં કોહલીના ૧૩ હજાર રન પૂરા, ભારતનો પ્રથમ અને વિશ્વનો પાંચમો ખેલાડી



**નવી દિલ્હી :** રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (આરસીબી) અને ભારતના અનુભવી બેટ્સમેન વિરાટ કોહલીએ મુંબઈ ઈન્ડિયન્સ સામે આઈપીએલની મેચ દરમિયાન વિશેષ સિદ્ધિ પોતાના નામે કરી હતી. કોહલી ટીર૦ ક્રિકેટમાં ૧૩ હજાર રન પૂરા કરનાર ભારતનો પ્રથમ બેટ્સમેન અને વિશ્વનો ઓવરઓલ પાંચમો બેટ્સમેન બન્યો છે. વાનખેડે ખાતે મુંબઈ સામેની મેચ પહેલાં ટીર૦ ફોર્મેટમાં કોહલીના નામે ૧૨૯૮૩ રન હતા અને તેણે ૧૭મો રન બનાવવાની સાથે સિદ્ધિ પોતાના નામે કરી હતી. કોહલી પહેલાં ટીર૦માં વેસ્ટ ઈન્ડીઝના ક્રિસ ગેઈલે ૧૪૫૬૨, એલેક્સ હાલેસે ૧૩૬૧૦, શોએબ મલિકે ૧૩૫૫૭, કિરોન પોલાર્ડે ૧૩૫૩૭ રન બનાવ્યા હતા.

### ધોની ફરી બન્યો ચેન્નઈ સુપર કિંગ્સનો કેપ્ટન, ઈજાના કારણે ગાયકવાડ સમગ્ર ટુર્નામેન્ટમાંથી બહાર

**ચેન્નાઇ :** ચેન્નાઈ સુપર કિંગ્સનો સુકાની ઋતુરાજ ગાયકવાડ કોણીમાં થયેલી ઈજાના કારણે આઈપીએલ ૨૦૨૫માંથી બહાર થઈ ગયો છે અને તેના સ્થાને અનુભવી મહેન્દ્રસિંહ ધોની ટીમનું નેતૃત્વ કરશે. સિઝનની અધવચ્ચે ટીમનું ધોની સુકાનીપદ સંભાળશે તેવું આ બીજી વખત બનશે. આ પહેલાં ૨૦૨૨માં રવીન્દ્ર જાડેજાના સ્થાને ધોનીએ જવાબદારી સંભાળી હતી. ટીમના હેડ કોચ સ્ટિફન ફ્લેમિંગે પણ આ બાબતને સમર્થન આપ્યું હતું. ફ્લેમિંગે જણાવ્યું હતું કે ઋતુરાજ કોણીમાં થયેલા ફ્રેક્ચરના કારણે આઈપીએલમાંથી બહાર થઈ ગયો છે અને ધોની ટીમનું નેતૃત્વ કરશે. વર્તમાન સિઝનમાં સીએસકેનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું છે. ઋતુરાજની કેપ્ટનશિપ હેઠળ ટીમે માત્ર એક જ મેચ જીતી છે. પ્રથમ મુકાબલામાં મુંબઈને હરાવ્યા બાદ સતત ચાર મુકાબલા ગુમાવ્યા છે. સુકાની તરીકે પણ ઋતુરાજનું પ્રદર્શન સારું રહ્યું નથી. છેલ્લી સિઝનમાં પણ તેની કેપ્ટનશિપ હેઠળ ટીમ પાંચમા ક્રમે રહી હતી અને પ્લે ઓફ માટે ક્વોલિફાય કરી શકી નહોતી.



## લૉરેસ એવોર્ડમાં જોકોવિચ, સ્ટિવ વો તથા જિમ્નાસ્ટ નાદિયા આકર્ષણ બનશે



**મેડ્રિડ :** સર્બિયાનો દિગ્ગજ ટેનિસ ખેલાડી નોવાક જોકોવિચ સ્પેનની રાજધાની ખાતે યોજાનારા લૉરેસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ સમારંભમાં આકર્ષણનું કેન્દ્ર બનશે. ખેલાડીઓને અપાતા આ પુરસ્કારનું આ ૨૫મું વર્ષ છે અને સતત બીજા વર્ષે આ સમારંભ મેડ્રિડમાં યોજાઈ રહ્યો છે. આ પુરસ્કાર ૨૧મી એપ્રિલે પ્રતિષ્ઠિત પેલેસિયો ડી સિબેલ્સમાં આપવામાં આવશે. ઓસ્ટ્રેલિયાનો મહાન ક્રિકેટર સ્ટિવ વો, છ વખતના ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયન તથા જોકોવિચનો ભૂતપૂર્વ કોચ બોરિસ બેકર, દિગ્ગજ ફૂટબોલર કાફૂ તથા લૂઈસ ફિગો ઉપરાંત મહાન મહિલા જિમ્નાસ્ટ નાદિયા કોમાનેચી પણ સમારંભમાં હાજરી આપશે. ભારતીય વિકેટકીપર બેટ્સમેન રિષભ પંતને કમબેક ઓફ ધ યરના એવોર્ડ માટે નોમિનેટ કરવામાં આવ્યો છે.

## ઓલ અમેરિકન ફાઇનલમાં સોફિયાને હરાવીને જેસિકા પેગુલાએ ટાઇટલ જીત્યું



**સાઉથ કેરોલિના :** ટોચની ક્રમાંકિત જેસિકા પેગુલાએ ૧૯૯૦ બાદ પ્રથમ વખત રમાયેલી ઓલ અમેરિકન ફાઈનલમાં સોફિયા કેનિનને ૬-૩, ૭-૫થી હરાવીને ચાર્લ્સટન ઓપન ટેનિસ ટૂર્નામેન્ટનું ટાઈટલ જીતી લીધું હતું. વિશ્વની ચોથી ક્રમાંકિત પેગુલાએ ગયા સપ્તાહના અંતે આર્યના સબાલેન્કો સામે માયામી ઓપનની ફાઈનલમાં પરાજય મેળવ્યો હતો પરંતુ તેણે ગ્રીન ક્લે કોર્ટ ઉપર રમાયેલી ટૂર્નામેન્ટને જીતીને સિઝનમાં પોતાનું બીજું તથા ઓવરઓલ આઠમું ટાઈટલ જીત્યું હતું. પ્રથમ સેટમાં કેનિનની બે વખત સર્વિસ બ્રેક કર્યા બાદ પેગુલાએ લગભગ ૩૦ મિનિટમાં લીડ મેળવી હતી. બીજા સેટમાં પેગુલાને સર્વિસ કરવામાં કેટલીક મુશ્કેલી નડી હતી અને તેની સામે કેનિને બેકહેન્ડ વિનર્સ શોટ્સ દ્વારા હરીફ ખેલાડીને સતત દબાણમાં રાખી હતી. એક સમયે સ્કોર ૫-૨નો પહોંચ્યો હતો પરંતુ યુએસ ઓપન રનર્સ-અપ પેગુલાએ ત્રણ સેટ પોઈન્ટ બચાવીને ધીમે ધીમે ફાઈનલ પોતાની તરફેણમાં કરી હતી. ક્લે કોર્ટ ઉપર પોતાનું પ્રથમ ટાઈટલ જીતનાર પેગુલા હવે વર્લ્ડ રેન્કિંગમાં ત્રીજા ક્રમે પહોંચી ગઈ છે.

## રોહન બોપન્ના એટીપી માસ્ટર્સ મેચ જીતનાર ઓલ્ડેસ્ટ પ્લેયર બન્યો



**નવી દિલ્હી :** ભારતના અનુભવી ટેનિસ ખેલાડી રોહન બોપન્નાએ એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. તે એટીપી માસ્ટર્સ ૧૦૦૦ ટૂર્નામેન્ટમાં મેચ જીતનાર ઓલ્ડેસ્ટ પ્લેયર બન્યો છે. ૪૫ વર્ષીય બોપન્નાએ મોન્ટે કાર્લો માસ્ટર્સ દરમિયાન આ સિદ્ધિ પોતાના નામે કરી હતી. બોપન્નાએ તેના અમેરિકન સાથીદાર બેન શેલ્ટન સાથે ફ્રાન્સિસ્કો કેરુંડેલો અને એલેઝાન્ડ્રો તાબિલોને ૬-૩, ૭-૫થી હરાવ્યા હતા. બોપન્નાની હાલની વય ૪૫ પ્લસ વર્ષની છે. બોપન્ના પહેલાં ઓલ્ડેસ્ટ પ્લેયરનો રેકોર્ડ કેનેડાના ડેનિયલ નેસ્ટરના નામે રહતી જેણે ૨૦૧૭માં ૪૪ વર્ષ આઠ મહિનાની વયે મેચ જીતી હતી. નેસ્ટર અને ફ્રાન્સનો ફેબરિસ માર્ટિને બોપન્ના અને પાબ્લો કુવાસની જોડીને રાઉન્ડ ઓફ ૩૨માં ૬-૩, ૬-૨થી પરાજય આપ્યો હતો.

# અર્થતંત્રને મદદ કરવા પીએમ કાર્ને દ્વારા યોજના રજૂ

## છટણી કરાયેલા કામદારોને તાત્કાલિક રોકડ મળે તે માટે રોજગાર વીમા યોજનામાં રાહત આપવા વિચારણા

**ઓન્ટેરિયો**

ઉદારવાદી નેતા માર્ક કાર્નેએ સોમવારે જણાવ્યું હતું કે, તેમની પાસે કેનેડિયન અર્થતંત્રને ટેકો આપવાની યોજના છે. કારણ કે, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આક્રમક ટેરિફ પગલાંના પરિણામે યુ.એસ. મંદી તરફ દોરાઈ રહ્યું છે, જેના કારણે કાર્ને નાણાકીય કટોકટી સર્જાઈ છે, જે આંતરરાષ્ટ્રીય વેપાર વ્યવસ્થાને પૂર્વવત્ કરવાની ક્ષમતા ધરાવે છે. કાર્નેએ કહ્યું કે તેમણે ૨૦૦૮-૦૯ નાણાકીય કટોકટીમાંથી કેનેડાને બહાર કાઢયું અને દરેક દેશના કેન્દ્રીય બેંકર તરીકે બ્રેક્ઝિટના પરિણામનો સામનો કરવામાં યુકેને મદદ કરી હતી. તેઓ આ જોખમી ક્ષણમાં વડા પ્રધાન તરીકે ફરીથી તે કરી શકે છે.

કન્ઝર્વેટિવ નેતા પિયર પોઈલીવરે સોમવારે કાર્ને ઉપર નિશાન સાધતા કહ્યું હતુ કે, લિબરલ નેતાના ટ્રોફી ટાઈટલ પૂરતા નથી અને તેમના પર વિશ્વાસ કરી શકાતો નથી. કારણ કે, તેમણે ભૂતકાળમાં કાર્બન ટેક્સ જેવી નીતિઓને ટેકો આપ્યો હતો. આપણને પરિવર્તન માટે નવી કન્ઝર્વેટિવ સરકારની જરૂર છે.

ગયા અઠવાડિયે ટ્રમ્પે વિશ્વના લગભગ દરેક દેશ પર અણધારી રીતે ઊંચા ટેરિફની જાહેરાત કરી, ત્યારથી કેનેડિયન અને યુએસ શેરબજાર અસ્થિર રહ્યા છે.

કાર્નેએ કહ્યું કે, તેમણે સોમવારે બેંક ઓફ કેનેડાના ગવર્નર અને નાણામંત્રી સાથે વાત કરી હતી. જેથી દેશ અને તેની નાણાકીય સંસ્થાઓના આર્થિક કલ્યાણની તપાસ કરી શકાય. છટણી કરાયેલા કામદારોને તાત્કાલિક રોકડ મેળવવા માટે રોજગાર વીમા આવશ્યકતાઓમાં રાહત આપવા વિચારણા છે. આ સાથે જ કેટલીક કંપનીઓને થોડી તરલતા આપવા માટે કોર્પોરેટ ટેક્સ ચૂકવણી અને GST રેમિટન્સ મુલતવી રાખવામાં આવનાર છે. બિઝનેસ ડેવલપમેન્ટ બેંક ઓફ કેનેડા (BDC) ટેરિફથી પ્રભાવિત ઉદ્યોગોમાં વધુ મૂડી પણ જમા કરશે. ડાઉન માર્કેટમાં રોકાણ વેચવાનો ડર ધરાવતા વરિષ્ઠ લોકોને મદદ કરવાનો છે.

# એર કેનેડા આવતા વર્ષે વધુ કેરી-ઓન સ્પેસ ઓફર કરશે

### નવા ઓવરહેડ ડબ્બા ઇન-કેબિન સામાન ક્ષમતામાં 15 ટકાથી વધુ વધારો કરશે

**ટોરોન્ટો**

એર કેનેડા કહે છે કે તેના કેટલાક વિમાનોમાં ટૂંક સમયમાં કેરી-ઓન સામાન માટે વધુ જગ્યા હશે. કારણ કે, એરલાઈન કેટલાક વિમાનોમાં ઓવરહેડ સ્ટોરેજ સ્પેસ વધારવાની તૈયારીમાં છે. પરંતુ તે વધારાની જગ્યા એરલાઈન દ્વારા તાજેતરના મહિનાઓમાં કેરી-ઓન બેગ માટે ઘણી ફ્લાઈટ્સ પર લાદવામાં આવેલા નિયંત્રણોમાં કોઈ વિરામ લાવશે નહીં.

એર કેનેડાએ મંગળવારે એક નિવેદનમાં જાહેરાત કરી હતી કે, આવતા વર્ષથી તે નવી A220 એરબસ એરસ્પેસ કેબિન પ્રાપ્ત કરનારી પ્રથમ એરલાઈન બનશે, જેમાં વધારાના-મોટા ડબ્બા હશે. નવા ડબ્બા પ્રાપ્ત કરનાર પ્રથમ વિમાન ૨૦૨૬ની શરૂઆતમાં ડિલિવર થવાનું છે. રાષ્ટ્રીય વાહક અનુસાર નવા ઓવરહેડ ડબ્બા ઈન-કેબિન સામાન ક્ષમતામાં ૧૫ ટકાથી વધુ વધારો કરશે. એર કેનેડાના ઓનબોર્ડ પ્રોડક્ટના મેનેજિંગ ડિરેક્ટર જોન મૂડીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ભવિષ્યના A220 જ પર મોટા ઓવરહેડ ડબ્બાનો પરિચય તમારા સામાન માટે વધુ જગ્યા, ઝડપી બોર્ડીંગ અને બોર્ડ પર વધુ સારો અનુભવ આપશે.

# ખરાબ હવામાનને કારણે ૨૦૨૫માં ઘરના વીમા બિલ વધુ રહેવાના એંધાણ

### 2024માં 8.5 બિલિયન ડોલરનું રેકોર્ડબ્રેક નુકસાન થતાં વીમા કંપનીઓએ વળતર ચૂકવ્યું

**ઓન્ટેરિયો**

કેનેડિયન વીમા એગ્રીગેટર અને સરખામણી કરતી વેબસાઈટ માય ચોઈસ ફઈનાન્શિયલ દ્વારા પ્રકાશિત અહેવાલ મુજબ ૨૦૨૫માં ઘરના વીમા દર ૫.૨૮ ટકા વધ્યા છે, જે ફુગાવાના દર કરતા ઘણા વધારે છે.

આ વધારો પાછલા વર્ષના વધારાને અનુસરે છે, જ્યારે દર ૭.૬૬ ટકા વધ્યા હતા. જ્યારે ઘણા પરિબળો છે. વીમા નિષ્ણાતો કહે છે કે, આબોહવા પરિવર્તન એક મુખ્ય પ્રેરક બળ છે. તે સમગ્ર દેશમાં ઐતિહાસિક વીમાકૃત નુકસાનનું કારણ બને છે. ખાસ કરીને ૨૦૨૪માં અમારી પાસે ખૂબ જ ગંભીર એકલ ત્રિમાસિક ગાળા હતો, જ્યાં અમે ગયા ઉનાળામાં તે એકલ ત્રિમાસિક ગાળામાં ઈ૭ બિલિયનથી વધુ વીમાકૃત નુકસાન જોયું હતું એમ ઈન્શ્યોરન્સ બ્યુરો ઓફ કેનેડા ખાતે ક્લાઈમેટ ચેન્જ અને ફેડરલ મુદ્દાઓના રાષ્ટ્રીય નિર્દેશક જેસન ક્લાર્કે જણાવ્યું હતું. કેનેડાના વીમા બ્યુરોએ ૨૦૨૪માં ૮.૫ બિલિયન ડોલરનું રેકોર્ડબ્રેક નુકસાન ચૂકવવામાં આવ્યું હોવાનો અહેવાલ આપ્યો છે, જે ૨૦૨૩માં જોવા મળેલા નુકસાન કરતા ત્રણ ગણું અને ૨૦૦૧ અને ૨૦૧૦ની વચ્ચે વાર્ષિક સરેરાશ કરતા ૧૨ ગણું વધારે છે. આ દરમિયાન ૨૦૨૪માં આલ્બર્ટામાં ફેર્ટ મેકમુરે જંગલમાં લાગેલી આગ પછી ૨૦૧૬માં સ્થાપિત ઈ૮ બિલિયનના અગાઉના રેકોર્ડને પણ વટાવી દીધો છે. ક્લાર્કે કહ્યું કે, કેનેડામાં આશરે ૧.૫ મિલિયન ઘરો પૂર વીમા માટે પાત્ર નથી. કારણ કે પૂરનું જોખમ ખૂબ વધારે છે. ઉચ્ચ જોખમ ધરાવતા ઘરો માટે રાષ્ટ્રીય પૂર વીમા કાર્યક્રમ ઘણા વર્ષોથી કેનેડિયન સરકાર દ્વારા કામ કરી રહી છે, જેના માટે ૨૦૨૪ના બજેટમાં નાણાં ફળવવામાં આવ્યા હતા,

### હાથથી બનાવેલી હસ્તકલા, સુશોભન છત્રીઓ, ફૂલોની બોર્ડર અને અન્ય ઘણી વસ્તુઓથી શણગાર કરાયો

# રાશી અને નવલ બજાજના નિવાસ્થાને ગણગૌર અને નવરાત્રી ઉત્સવ ઉજવાયો



બ્રામ્પટન : ૩૦ માર્ચ ૨૦૨૪ના રોજ બ્રામ્પ્ટનમાં આવેલા રાશિ અને નવલ બજાજના નિવાસસ્થાને નવરાત્રી સાથે ગંણગૌર ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી.ગયા વર્ષની જેમ આ વર્ષે પણ ગણગૌર પૂજા તેમના બે પ્રિય મિત્રોની યાદમાં સ્તન કેન્સર જાગૃતિ શિક્ષણ માટે સમર્પિત કરવામાં આવી હતી, જેમણે ખૂબ જ નાની ઉમરે કેન્સરને કારણે પોતાનો જીવ ગુમાવ્યો હતો. આ પ્રસંગે સ્તન કેન્સરના ઉપચારના સંશોધન માટે ભંડોળ એકત્ર કરવામાં આવ્યું હતું, જેના દ્વારા સમગ્ર સંગ્રહ વિલિયમ ઓસ્લર ફઉન્ડેશનને દાનમાં આપવામાં આવશે.

કાર્યક્રમ દરમિયાન બજાજ દ્વારા મહેમાનોને આ ઉમદા કાર્ય માટે દાન આપવા અપીલ કરાઈ હતી. વધુમાં બ્રામ્પટનના મેયર પેટ્રિક બ્રાઉન, ઉર્જા અને ખાણ વિભાગના મંત્રી સ્ટીફન લીસ, મહિલા સામાજિક અને આર્થિક તક ખાતાના મંત્રી ચાર્માઈન વિલિયમ્સ, એસોસિયેટ એટર્ની જનરલ મંત્રી માઈકલ ટિબોલો, ગૃહ મંત્રી

### સ્તન કેન્સરના ઉપચારના સંશોધન માટે ભંડોળ એકત્ર કરવામાં આવ્યુ, મહિલાઓ લહેંગા-ચોલી અથવા સાડી અને પુરુષો કુર્તા પાયજામા અથવા રાજસ્થાની પોશાક પહેરી હાજર રહ્યાં

નીના ટાંગરી, એમપીપી અમરજોત સંધુ તથા ઘણા મુખ્ય સમુદાયના નેતાઓ, મંદિરના વડાઓ પણ પૂજા સમયે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ૩૦૦થી વધુ લોકો હાજર રહ્યા હતા. બધી મહિલાઓ લહેંગા-ચોલી અથવા સાડી જેવા ભારતીય પોશાક પહેરેલી હતી અને પુરુષો કુર્તા પાયજામા અથવા રાજસ્થાની પોશાક પહેરેલા હતા. ગણગૌર તહેવાર એ રાજસ્થાન, હરિયાણા, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, ગુજરાતના લોકોનો સૌથી મહત્વપૂર્ણ તહેવારોમાંનો એક છે અને તે હિન્દુ કેલેન્ડરના ચૈત્ર મહિનાના ત્રીજા દિવસે ઉજવવામાં આવે છે.

મંત્રી ચારામિને ઉપસ્થિતોને સંબોધતા બજાજ પરિવારને તેમના કાર્ય બદલ અભિનંદન આપ્યા હતા. એમપીપી અમરજોત સંધુએ પણ બજાજ પરિવારને સમુદાયમાં ઉત્તમ કાર્ય અને પરંપરાઓ અને સંસ્કૃતિનું પ્રદર્શન કરીને આગામી પેઢી સુધી પહોંચાડતા આવા કાર્યક્રમનું આયોજન કરવા બદલ બિરદાવ્યો હતો. સ્ટીફન લેસે બજાજ પરિવાર ઓન્ટારિયો અને સમાજ માટે જે કરે છે તેની પ્રશંસા કરી હતી. નીના ટાંગરીજીએ સમાજ અને ઓન્ટારિયો માટે રાશિના કાર્યોની પણ પ્રશંસા કરી હતી. ટિબોલોએ જણાવ્યું કે સંસ્કૃતિનું સંરક્ષણ કેવી રીતે થાય છે તે બજાજ પરિવાર પાસેથી શીખવું જોઈએ. ત્યારબાદ રાશિ બજાજે ગંગૌર ઉત્સવ વિશે સંક્ષિપ્ત માહિતી આપી હતી. સાથે જ કાર્યક્રમને સફળ બનાવવા અને દર વર્ષે તેના જુસ્સાને આગળ વધારવા માટે ખભે ખભો મિલાવીને કામ કરવા બદલ તેના પરિવારનો આભાર માન્યો હતો. ત્યારબાદ તેણીએ કેન્સર વોરિયર્સ કેનેડા ફઉન્ડેશનના કેટલાક સભ્યોનો પરિચય કરાવ્યો હતો. ઉપરાંત, રાશિ બજાજે દરેકને રિસર્ચ ફેર બ્રેસ્ટ કેન્સરના ઉમદા કાર્ય માટે ઉદારતાથી દાન આપવા વિનંતી કરી હતી.

બ્રહ્મઋષિ આશ્રામના આંતરરાષ્ટ્રીય પ્રમુખ સંપત પોદાર, હિન્દુ સભા મંદિરના અધ્યક્ષ રાકેશ ગોએન્કા, સમુદાયના નેતા આલોક ગોએલે $૫૦૦૦નું દાન આપ્યું હતુ, કાર્યક્રમમાં બોલતા સંપત પોદાર અને રાકેશ ગોએન્કાએ ઉલ્લેખ કર્યો કે તેઓ આવા ઉમદા કાર્ય સાથે જોડાવાનો ગર્વ અનુભવે છે. સમુદાયના નેતા નોર્ટન કોઠારી પણ હાજર હતા.

# ચીનમાં નર્સિંગ હોમમાં ભયંકર આગ : 20 લોકો જીવતા બળી ગયા, અનેકને બચાવાયા

**હેબેઈ પ્રાંત**

ચીનથી એક ચોંકાવનારા અહેવાલ સામે આવ્યા છે. ઉત્તર ચીનમાં આવેલા એક નર્સિંગ હોમમાં આગ લાગવાથી 20 લોકો મૃત્યુ પામી ગયા હતા. જોકે હજુ સુધી આગ કેમ લાગી તેનું કારણ જાણી શકાયું નથી.

મળતી માહિતી મુજબ, શિન્હુઆના સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, 8 એપ્રિલે રાત્રે 9 વાગ્યે હેબેઈ પ્રાંતમાં ચેંગડે શહેર સ્થિત એક નર્સિંગ હોમમાં આગ લાગી હતી. નર્સિંગ હોમમાં આગ લાગ્યા બાદ સુરક્ષિત બહાર કાઢવામાં આવેલા લોકોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. હાલ કુલ કેટલાં લોકો ઈજાગ્રસ્ત થયાં તેની ચોક્કસ માહિતી સામે નથી આવી. જોકે, અત્યાર સુધી 20 લોકોના આગમાં બળીને મોત થયાની માહિતી સામે આવી છે.



ફાયરની ટીમ દ્વારા હજુ આગ લાગવાના કારણ વિશે તપાસ કરવામાં આવી રહી છે. હજુ સુધી આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. તંત્ર દ્વારા સમગ્ર સ્થિતિની તપાસ કરવામાં આવી રહી છે.

# ઈરાન વિરુદ્ધ અમેરિકા સૈન્ય કાર્યવાહી કરશે : ડોનાલ્ડ ટ્રમ્પે ફરી ધમકી આપી

**વોશિંગ્ટન**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ઈરાનને ધમકી આપી છે. ટ્રમ્પે કહ્યું કે ઈરાન તેના પરમાણુ કાર્યક્રમને સમાપ્ત કરવા માટે સંમત નથી એટલા માટે અમે તેની સામે સૈન્ય કાર્યવાહી કરવા તૈયાર છીએ. ટ્રમ્પે કહ્યું કે ઈરાન સામે કોઈપણ સૈન્ય કાર્યવાહીમાં ઇઝરાયલ મુખ્ય ભૂમિકા ભજવશે.

ટ્રમ્પે કહ્યું કે ઈરાનને પરમાણુ શસ્ત્રો રાખવાની મંજૂરી આપી શકાય નહીં અને જો તે વિકાસના પ્રયાસોને રોકવાનો ઈનકાર કરી રહ્યો છે તો સૈન્ય કાર્યવાહી માટે તૈયાર રહે. ઓવલ




ઓફિસમાં અનેક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા બાદ ટ્રમ્પે પત્રકારો સમક્ષ આ ધમકી આપી હતી.

ટ્રમ્પે કહ્યું કે મારી માગ એટલી જ છે કે ઈરાન પાસે પરમાણુ શસ્ત્રો ન હોવા જોઈએ. જો તે સંમત ન થાય અને એની સામે અમારી સૈન્ય કાર્યવાહી કરવી પડે તો અમે તૈયાર છીએ. સ્વાભાવિક છે કે ઇઝરાયલ ઈરાન સામેની કાર્યવાહીની સ્થિતિમાં અમારું નેતૃત્વ કરશે. અમે જે ઈચ્છીશું એ કરીશું.

# ડોમિનિકન રિપબ્લિકમાં નાઈટ ક્લબની છત તૂટતાં 184ના મોત

## ડઝનબંધ લોકો કાટમાળ નીચે દટાતા ઈજાગ્રસ્ત થયા



**સાન્ટો ડોમિંગો**

ડોમિનિકન રિપબ્લિકની રાજધાની સાન્ટો ડોમિંગોમાં એક નાઈટક્લબની છત ધરાશાયી થતાં 184ના મૃત્યુ થયા છે અને અનેક લોકો ઈજાગ્રસ્ત પણ થયા છે. મંગળવાર (આઠમી એપ્રિલ) રાત્રિ દરમિયાન સાન્ટો ડોમિંગોના જેટ સેટ નાઈટક્લબ ગાયકો, સંગીત ચાહકો, રમતવીરો અને સરકારી અધિકારીઓથી ભરેલું હતું. મેરેંગ્યુ ગાયિકા રૂબી પેરેઝ સ્ટેજ પર પરફોર્મ કરી રહી હતી ત્યારે નાઈટક્લબની છત પરથી સિમેન્ટ પડવાનું શરૂ થયું અને થોડીવારમાં જ આખી છત તૂટી પડી હતી.

અહેવાલો અનુસાર, છત તૂટી પડતાં ડાન્સ ફ્લોર પર નાચતા ઓછામાં ઓછા 184 લોકો માર્યા ગયા હતા, જ્યારે ડઝનબંધ લોકો કાટમાળ નીચે દટાયા હતા. ઈમરજન્સી ઓપરેશન્સ ડિરેક્ટર મેન્યુઅલ મેન્ડેઝે જણાવ્યું હતું કે, 'બચાવ ટીમ કાટમાળમાંથી એવા લોકોની શોધ કરી રહી છે જે હજુ પણ જીવિત હોઈ શકે છે. અમે કાટમાળ નીચે દબાયેલા લોકોને શોધવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. અત્યાર સુધીમાં ફક્ત 54 લોકોની ઓળખ થઈ છે.'

નાઈટક્લબની છત ધરાશાયી કારણ હાલમાં સ્પષ્ટ નથી. જેટ સેટ નાઈટક્લબ બિલ્ડિંગનું છેલ્લે ક્યારે નિરીક્ષણ કરવામાં આવ્યું હતું તે અંગે પણ કોઈ માહિતી નથી. ડોમિનિકન રિપબ્લિકના પ્રમખ લુઈસ અબિનાડેરે અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું છે.

# અમેરિકામાં એરપોર્ટ પર ભારતીય મહિલાને હેરાનગતિ, પુરુષ અધિકારીએ કપડાં ઉતરાવ્યા

## ઓથોરિટીને હેન્ડબેગમાં રહેલી પાવરબેન્ક શંકાસ્પદ લાગતા 8 કલાક સુધી અટકાવી

**વોશિંગ્ટન**

ભારતીય ઉદ્યોગસાહિસક, ઈન્ડિયા એક્શન પ્રોજેક્ટ અને ચાઈપાનીની સ્થાપક શ્રુતિ ચતુર્વેદીને અમેરિકાના અલાસ્કા ખાતે એન્કરેજ એરપોર્ટ પર કડવો અનુભવ થયો હતો. પોતાની હેન્ડબેગમાં રહેલી પાવરબેન્ક એરપોર્ટ ઓથોરિટીને શંકાસ્પદ લાગતા તેને આઠ કલાક અટકાયતમાં રાખવામાં આવી હતી. આ અનુભવને પોતાનો જીવનનો સૌથી ખરાબ ગણાવતા શ્રુતિએ સોશિયલ મીડિયા પર જણાવ્યું કે તેની પુરુષ અધિકારી દ્વારા કેમેરા સામે શારીરિક તપાસ કરવામાં આવી હતી, તેને ગરમ કપડા ઉતારવાની ફરજ પાડવામાં આવી, રેસ્ટરૂમના ઉપયોગની મનાઈ કરવામાં આવી અને ઠંડા રૂમમાં ગોંધી રાખવામાં આવી હતી.

શ્રુતિએ પોતાનો અનુભવ સોશિયલ મીડિયા પર વર્ણવતા લખ્યું કે વારંવાર વિનંતી કરવા છતાં તેને કોઈનો પણ સંપર્ક કરવાની મંજૂરી નહોતી અપાઈ તેમજ તેનો ફોન અને વોલેટ પણ આંચકી લેવામાં આવ્યા હતા. સ્થાનિક પોલીસ અને એફબીઆઈ દ્વારા લાંબી પૂછપરછને કારણે આખરે તે પોતાની ફ્લાઈટ પણ ચૂકી ગઈ હતી.ભારતના વિદેશ મંત્રાલયને ટેગ કરતી શ્રુતિની પોસ્ટમાં ભારે હતાશા વ્યક્ત કરાઈ હતી અને વંશીય અથવા ભેદભાવપૂર્ણ વર્તનનો સંકેત આપતા લખ્યું હતું કે આપણે સૌ જાણીએ છીએ કે આવું શા માટે કરવામાં આવ્યું.

# ટ્રમ્પનો 'વિઝા' ટેરર : ટ્રાફિક નિયમ તોડતાં વિદ્યાર્થીઓના પણ એફ-1 વિઝા રદ કરી દીધા

**વોશિંગ્ટન**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બીજા કાર્યકાળમાં સત્તા સંભાળતા જ ગેરકાયદે પ્રવાસીઓને દેશની બહાર કાઢવા માટે આકરાં પગલાં લીધા હતા. ત્યાર પછી ટ્રમ્પના ટેરિફે દુનિયાભરમાં ભારે હોબાળો મચાવ્યો છે. આવા સમયે ટ્રમ્પ સરકાર હવે ટ્રાફિક ભંગ જેવા નજીવા કારણોસર પણ અચાનક જ વિદ્યાર્થીઓના એફ-1 વિઝા રદ કરીને દેશ છોડવા આદેશ આપી દીધો છે. ટ્રમ્પના આ વીઝા ટેરરથી ભારત સહિતના વિદેશી વિદ્યાર્થીઓ ફફડી ઊઠયા છે. બીજીબાજુ ટ્રમ્પ સરકારે દેશનિકાલના આદેશ છતાં અમેરિકા નહીં છોડનારા લોકો પર દૈનિક 1000 ડોલર જેટલો આકરો દંડ નાંખવાની તૈયારી શરૂ કરી છે.

દુનિયાભરના અર્થતંત્રોમાં ટ્રમ્પના ટેરિફથી હાહાકાર મચ્યો છે. તેવા સમયે અમેરિકન શિક્ષણ જગતમાં ટ્રમ્પ




સરકારના મનસ્વી નિર્ણયોએ વિદેશી વિદ્યાર્થીઓને ભયભીત કરી નાંખ્યા છે. ટ્રમ્પ સરકાર અચાનક જ અનેક વિદેશી વિદ્યાર્થીઓના એફ-1 વિઝા રદ કરી રહી છે અને તેમને દેશ છોડી જતા રહેવા કહી દેવાયું છે. મીડિયા રિપોર્ટ મુજબ ટ્રમ્પ સરકારે અંદાજે 147 જેટલા વિદેશી વિદ્યાર્થીઓને અમેરિકા છોડી દેવા આદેશ આપી દીધો છે.

# જાપાન અને ઈન્ડોનેશિયામાં ભૂકંપથી ફફડાટ, રિક્ટર સ્કેલ ઉપર 5.4ની તીવ્રતા

**વોશિંગ્ટન**

ધરતીકંપ અને ત્યારબાદ સતત આફ્ટર શોકથી ધરતી ધણધણી રહી છે. એટલા માટે વિશ્વના ઘણા દેશોમાં લોકો ભૂકંપથી થતા વિનાશના ભયમાં જીવી રહ્યા છે. ફરી એકવાર ભૂકંપ અને ધ્રુજારીના આંચકા અનુભવાયા છે. જાપાન અને ઈન્ડોનેશિયાની ભૂમિ ફરીથી ભૂકંપથી ધ્રુજી ઉઠી છે. જાપાનમાં આવેલા ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 5.4 હતી, જેનાથી જાપાનના ઓકિનાવા શહેર હચમચી ગયું. આ ભૂકંપનું કેન્દ્ર યોનાગુનીથી 48 કિલોમીટર દૂર, પૃથ્વીથી 124 કિલોમીટર નીચે ઊંડાઈએ જોવા મળ્યું હતું. જોકે આ ભૂકંપને કારણે કોઈ જાનમાલના નુકસાનના સમાચાર નથી અને સુનામીની કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી.




**બેઇજિંગ :** ચીનના હુઆજિયાંગનો ગ્રેંડ કેનિયન બ્રિજ લંડનના ગોલ્ડેન બ્રિજ કરતા ૯ ગણો ઉંચો છે. નિર્માણકાર્ય દરમિયાન વાદળો તેની નજીકથી પસાર થઇ રહયા છે. આ પુલ ૨.૯ કિલોમીટર લાંબો અને નદીથી ૨૦૫૦ ફૂટ ઉપર છે. પુલના કેન્દ્રીય ભાગ કુલ ૯૩ ખંડોથી બનેલો છે કુલ વજન ૨૨૦૦૦ ટન છે જે પેરિસના ફેમસ ઐતિહાસિક ટાવર કરતા ત્રણ ગણું છે. આ પુલ જયારે શરુ થશે ત્યારે ઉંચાઇનો વિશ્વ રેકોર્ડ સર્જાશે.

# બ્રિટનમાં ભાગેડુ બિઝનેસમેન માલ્યા સામેના કેસમાં ભારતીય બેન્કોનો વિજય

**લંડન**

ભાગેડુ વિજય માલ્યાને બ્રિટનમાં મોટો ઝાટકો લાગ્યો છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના નેતૃત્વમાં ભારતીય બેંકોના એક કન્સોર્ટિયમે લંડનમાં વિજય માલ્યા સામેના નાદારીના આદેશને જાળવી રાખવાની કોર્ટ અપીલ જીતી લીધી છે. આ મામલો બંધ થયેલી કિંગફિશર એરલાઈન્સ પાસેથી બાકી લોનની ચુકવણી માટે ચાલી રહેલી લાંબી કાનૂની લડાઈ સાથે જોડાયેલો છે. યુકે મિલ્કતોમાંથી બાકી લોન વસૂલ કરી શકે તે માટે ભારતીય બેંકોએ માલ્યાને નાદાર જાહેર કરવા માટે યુકે કોર્ટમાં અરજી દાખલ કરી હતી. જો કે, માલ્યાએ આ નાદારીના આદેશ સામે અપીલ કરી હતી. હવે બ્રિટિશ કોર્ટે ભારતીય બેંકોના પક્ષમાં નિર્ણય આપ્યો છે.

# CLUB CERAMIC

## Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com



# MOTEL for SALE

## NIRAJ PANCHOLI, REALTOR®

Mechanical Engineer (Ahmedabad, India)

**Cell: 647-866-2790**

Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011

Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



**MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels**
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

**Urgent Listing Require: Motels & Hotels**
Any Size, Any Price, Any Location
Qualified Buyers Having **40% To 50% Down Payment,** Are Ready To Sign The Offer And CLOSE the Deal ASAP

**78 Room Hotel Ramada by Wyndham - $6.99 Million - SOLD**

**54 Room Resort – 1000 Islands, ON - $3.5 Million**
Spread on 7 Acres of land with Indoor and outdoor swimming pool, restaurant & bar, banquet hall, party room, execellent seasonal business from the tour buses. Work for 7 months, make money then **holidays for 5 months, take a break – visit India, USA etc. in winter months**

**14 Room Motel + 2 Apartments – Near Sudbury - $1.1M**
Indoor corridor – easy to manage in winter months, right on Hwy 17 & snow mibile trail, Renovated Rooms. No competition, endless oportunities to grow for the right buyer.
**Ideal for couple/semi-retired lifestyle, work limited hours & still make over 50K in pocket**

**12 Room Motel - $799,000**
Hwy 11, Near New Liskeard
Indoor Corridor, **Easy One Man Operation**
2 Hrs from North Bay

**Coming up For Sale – Motels**
- 12 Room Motel – Near North Bay
- 35 Room Motel – 8 Hrs North of GTA
- 21 Room Motel – Muskoka Area

**Need Working Partner to Run Motels**
Wiling to invest min $200,000. Partnership % + Salary to run the motel. **Must be PR or Citizen,** Must know good English & Computer

**Motel Jobs Avaiable**
Front Desk and Housekeeping
**(must speak good English)**
Free Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100